Wednesday 30, September 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૨૨ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## છરવાડામાં પતિએ જાહેરમાં પત્નીનું ગળું રહેંસી નાંખતાં પત્નીનું ઘટનાસ્થળે જ કરપીણ મોત

### ૧૫ દિવસ પહેલા જ જેલમાંથી છૂટી બહાર આવેલા પતિએ બ્યુટી પાર્લર ચલાવતી પત્નીનું ગળુ રહેંસી નાખ્યું : દંપતી વચ્ચે લાંબા સમયથી ચાલતો ઝઘડો લોહિયાળ બન્યો : આરોપી પતિની ધરપકડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૯ :** વાપીના છરવાડા વિસ્તારમાં આવેલી સાઈ સંસ્કાર રેસીડેન્સી એપાર્ટમેન્ટમાં મંગળવારે સાંજે દંપતી વચ્ચેનો વર્ષો જૂનો ઝઘડો લોહિયાળ અંજામમાં પરિણમ્યો હતો. પતિએ જાહેરમાં પત્નીનું ધારદાર ચપ્પુ વડે ગળું રહેંસી નાખી નિર્મમ હત્યા કરી નાખતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ મૂળ ભાવનગરના અને હાલ છરવાડા સાઈ સંસ્કાર રેસીડેન્સીમાં એક સંતાન સાથે રહેતા પરેશ કંતારિયા (ઉં. ૪૨) અને તેની પત્ની સીમા કંતારિયા (ઉં. ૩૫) વચ્ચે છેલ્લા કેટલાક વર્ષોથી કોઈ કારણસર




ઝઘડો અને વિખવાદ ચાલતો હતો. સીમા રોઝ ગોલ્ડ નામનું બ્યુટી પાર્લર પણ ચલાવતી હતી. અગાઉ પણ બંને વચ્ચેના ઝઘડામાં પતિ પરેશ કંતારિયા સામે હત્યાના



પ્રયાસનો ગુનો નોંધાયેલો હતો, જેમાં તે કેટલાક સમયથી જેલમાં હતો અને ૧૫ દિવસ પહેલા જ જેલમાંથી છૂટી બહાર આવ્યો હોવાનું જાણવા મળે છે.

જેલમાંથી છૂટ્યા બાદ આજે ફરી પત્ની સીમા સાથે ઝઘડો થતા ઉશ્કેરાઈ ગયેલા પતિ પરેશે સાંજે ૪ વાગ્યાના સુમારે એપાર્ટમેન્ટ નીચે પેસેજમાં જાહેરમાં પત્ની સીમાનું ધારદાર ચપ્પુ વડે ગળું રહેંસી નાખ્યું હતું. લોહીલુહાણ હાલતમાં ફસડાઈ પડેલી સીમાનું પળવારમાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.

ઘટનાને પગલે સમગ્ર એપાર્ટમેન્ટમાં ભારે ચકચાર ફેલાઈ જવા સાથે દોડધામ મચી ગઈ હતી. કોઈએ ઘટનાની જાણ પોલીસને કરતા ડુંગરા પીઆઈ બી.એન. ગોહિલ સ્ટાફ સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતા. પોલીસે આરોપી પતિ પરેશ કંતારિયાને અટકમાં લઈ એફએસએલની ટીમને બોલાવી પંચનામું કરી લાશને પીએમ માટે રવાના કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.





### વર્ષની અંતિમ અંગારકી સંકષ્ટ ચોથે

## વલસાડના ગણેશ મંદિરમાં ભક્તો ઉમટયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૯ :** આજે વર્ષ ૨૦૨૬ નું અંતિમ અંગારકી સંકષ્ટ ચતુર્થી હોવાથી વલસાડ શહેર અને જિલ્લાના ગણેશ મંદિરોમાં વહેલી સવારથી જ ભક્તિમય માહોલ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને વલસાડના જાણીતા પૌરાણિક ગણેશ મંદિરમાં દાદાના દર્શન કરવા માટે ભક્તોની લાંબી કતારો લાગી હતી.અંગારકી ચોથના વિશેષ અવસરે મંદિર પ્રશાસન દ્વારા ગણપતિ દાદાને આકર્ષક ફૂલો અને આભૂષણોથી શણગારવામાં આવ્યા હતા. મંગળવારે આવતી આ ચોથનું હિન્દુ ધર્મમાં અનેરું મહત્વ હોવાથી ભક્તોએ વહેલી સવારની મંગળા આરતીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. મંદિરમાં હોમ-હવન અને વિશેષ અભિષેકનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. લોકવાયકા મુજબ, અંગારકી ચોથના દિવસે વલસાડના આ પ્રાચીન ગણેશ મંદિરમાં દર્શન કરવાથી ભક્તોના તમામ કષ્ટો દૂર થાય છે અને મનોકામના પૂર્ણ થાય છે. મોડી રાત સુધી અહીં ભક્તોની ભીડ રહેવાની શક્યતા છે. ચંદ્રદર્શન અને અર્ઘ્ય આપ્યા બાદ ભક્તો પોતાના ઉપવાસ પૂર્ણ કરશે. ભક્તોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને મંદિરની આસપાસ સુરક્ષા અને ટ્રાફિકના ચુસ્ત બંદોબસ્ત કરવામાં આવ્યા છે. ભક્તો માટે પીવાના પાણી અને દર્શન માટે વ્યવસ્થિત લાઈનની સુવિધા પૂરી પાડવામાં આવી છે.

## હવે દમણથી 3 દિવસ હવાઈ સેવા




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૯ :** એલાયન્સ એર દ્વારા દમણના નમો એરપોર્ટથી ઉડાન ભરતી ફ્લાઈટ્સ માટે તેનું સુધારેલું ઉનાળા ૨૦૨૬નું સમયપત્રક બહાર પાડવામાં આવ્યું છે. નવા સમયપત્રક મુજબ, દમણથી દિલ્હી, મુંબઈ અને અમદાવાદ માટે સોમવાર, બુધવાર અને શુક્રવારે ફ્લાઈટ્સનું સંચાલન કરવામાં આવશે.

સોમવારે, દિલ્હીથી સવારે ૯:૦૦ વાગ્યે દમણ પહોંચતી ફ્લાઈટ સવારે ૯:૩૫ વાગ્યે દિલ્હી પરત ફરશે. મુંબઈથી બપોરે ૧૨:૨૦ વાગ્યે દમણ પહોંચશે અને બપોરે ૧૨:૪૫ વાગ્યે અમદાવાદ જવા રવાના થશે.

બુધવારે, દિલ્હી અને અમદાવાદ માટે ફ્લાઈટ્સ ઉડાન ભરશે. અમદાવાદથી ફ્લાઈટ, જે સાંજે ૫:૦૫ વાગ્યે દમણ પહોંચશે, તે સાંજે ૫:૨૫ વાગ્યે મુંબઈ માટે રવાના થશે.

શુક્રવારે, મુંબઈથી બપોરે ૧૨:૨૦ વાગ્યે દમણ પહોંચતી ફ્લાઈટ અમદાવાદ માટે રવાના થશે. સાંજે, અમદાવાદથી મુંબઈ વાયા દમણ માટે પણ ફ્લાઈટ્સ ઉપલબ્ધ રહેશે.

મુસાફરોને સલાહ આપવામાં આવે છે કે તેઓ મુસાફરી કરતા પહેલા ફ્લાઈટના સમય અને ઉપલબ્ધતાની પુષ્ટિ કરે.

## આજે વાપી મનપાની સામાન્ય સભા

### વાપી મનપા વિસ્તારમાં સીએમ મોર્ડન સ્ટ્રીટ વેન્ડીંગ માર્કેટ યોજના હેઠળની દરખાસ્તને મંજૂરી આપવા અંગે પણ નિર્ણય લેવાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૯ :** વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભા આગામી તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બુધવારે સવારે ૧૧:૩૦ કલાકે મેયર દક્ષાબેન પટેલના અધ્યક્ષસ્થાને મોરારજી દેસાઈ શોપિંગ સેન્ટરના બીજા માળે આવેલા મિટિંગ હોલમાં મળશે. સામાન્ય સભામાં ગત તા. ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ મળેલી સામાન્ય સભાની કાર્યવાહી નોંધને બહાલી આપવા સહિત વિવિધ મહત્વના મુદ્દાઓ ચર્ચા અને નિર્ણય માટે રજૂ કરવામાં આવશે.

તા. ૧૧ સપ્ટેમ્બરની સ્થાયી સમિતિની ભલામણ મુજબ મનપાની સ્થાયી તથા ખાસ સમિતિઓને કામો મંજૂર કરવા, ખર્ચ અને કરાર કરવાની સત્તા આપવા તેમજ મંજૂર સંવર્ગોની જગ્યાઓમાં દિવ્યાંગ કેટેગરી અંગેનો મુદ્દો રજૂ થશે. ઉપરાંત વાપી ખાતે રેલવે ચેઈનેજ ૧૭૨/૧૬-૧૮ પર હાલના ROBના પુનર્નિર્માણ તથા ROB અને RUB પ્રોજેક્ટ માટે જમીન સંપાદન અંગે પણ ચર્ચા થશે.

વાપી મનપા વિસ્તારમાં CM Modern Street Vending Market યોજના હેઠળની દરખાસ્તને મંજૂરી આપવા અંગે પણ નિર્ણય લેવાશે.

આ ઉપરાંત તા. ૨૧ સપ્ટેમ્બરની સ્થાયી સમિતિની ભલામણ મુજબ વાપી શહેરી બસ સેવાના સંચાલન, જાળવણી અને નીતિ ઘડતર માટેના ના રિવાઈઝ્ડ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તથા શેર કેપિટલને મંજૂરી આપવા અંગે ચર્ચા થશે.

તત્કાલીન નગરપાલિકા દ્વારા નિયુક્ત કરવામાં આવેલા અને હાલમાં વાપી મહાનગરપાલિકામાં ફિક્સ પગાર આધારિત કામગીરી કરી રહેલા સફાઈ કામદારોની લાંબા સમયગાળાની નિમણૂકને બહાલી આપવા અંગેનો મુદ્દો પણ સામાન્ય સભામાં રજૂ કરવામાં આવશે.

## દમણમાં દરિયામાં સુરતનો યુવક ડૂબ્યો

### સુરતથી દમણ ફરવા આવેલા બે પૈકી એક મિત્ર નશામાં દરિયા કિનારે સુતો રહ્યો જયારે બીજાનું તણાઈ જતાં મોત : બે દિવસે મૃતદેહ મળ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૯ :** રવિવારના રોજ સુરતના કતારગામ વિસ્તારમાં રહેતા ૨ મિત્રો સૌરભ વિશ્વકર્મા અને ઉમેશસિંહ દમણ ફરવા અર્થે આવ્યા હતા, જે બાદ તેઓ દારૂનો નશો કરી નાની દમણ સી-ફેસ જેટી દરિયા કિનારે બેઠા હતા. આ દરમ્યાન નશાની હાલતમાં ઉમેશ દરિયા કિનારે રેતીમાં સુઈ ગયો હતો, જ્યારે સૌરભ પોતાના કપડાં કાઢી દરિયામાં નાહ્વા માટે ગયો હતો. નાહતી વખતે સૌરભ દરિયાના પાણીમાં દૂર સુધી અંદર ખેંચાઈ જતાં તે ડૂબવા લાગ્યો હતો. આ દ્રશ્યો જોઈને ત્યાં હાજર એક વ્યક્તિએ તાત્કાલિક દમણ પોલીસને જાણ કરી હતી, જેથી બનાવની જાણકારી મળતા જ પોલીસે દમણ ફાયર વિભાગ અને એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ફાયર અને પોલીસની ટીમે ઘટનાસ્થળ પર આવી યુવાનની શોધખોળ શરૂ કરી હતી, સાથે જ કિનારે સુતેલા તેના મિત્ર ઉમેશને જગાડી પુછપરછ કરી હતી. જો કે, નશામાં ધૂત ઉમેશને સૌરભ અંગે કંઈ જ ખબર ન હોવાનું તેણે જણાવ્યું હતું. ફાયર વિભાગના જવાનોએ દરિયામાં ડૂબેલા સૌરભની સઘન તપાસ હાથ ધરી હતી, પરંતુ મોડી સાંજ સુધી અને બીજા દિવસે સોમવારે પણ ચાલેલી શોધખોળમાં યુવાનનો કોઈ પત્તો લાગ્યો ન હતો. આખરે મંગળવારના રોજ સવારે ડૂબેલા સૌરભની લાશ નજીકના કિનારેથી મળી આવતા, પોલીસે લાશનો કબ્જો લઈ તેને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપી છે અને આ મામલે અકસ્માતનો ગુનો દાખલ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સરીગામમાં જાહેરમાં ધુમ્રપાન અને ગુટખા વેચતાં ૩૦ દંડાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૯ :** વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સરીગામ અને તેની આજુબાજુના વિસ્તારમાં આરોગ્ય ખાતાની ટાસ્ક ફોર્સ દ્વારા આકસ્મિક ચેકિંગ દરમ્યાન ૨૭ દુકાનદારો અને જાહેરમાં ધુમ્રપાન કરનાર ૦૩ મળીને કુલ ૩૦ લોકો પાસે કુલ રૂપિયા ૬૦૦૦નો દંડ વસુલવામાં આવ્યો હતો.

વલસાડ જિલ્લા આરોગ્ય વિભાગ અને પોલીસ વિભાગ સાથે મળી સ્ટીયરીંગ કમિટી દ્વારા ઉમરગામ તાલુકાના સરીગામ અને તેની આજુબાજુના વિસ્તારમાં ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી,

જેમાં તમાકુ કે તમાકુની બનાવટ વેચતા નાના મોટા પાનના ગલ્લા, પાર્લર અને જાહેરમાં ધુમ્રપાન કરનાર કુલ ૩૦ કેસ અને રૂપિયા ૬૦૦૦/- રકમનો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. તદઉપરાંત કલમ-૪ જાહેરમાં ધુમ્રપાન કરવા પર પ્રતિબંધ તથા કલમ-૬(અ)૧૮ વર્ષથી નાની વયની વ્યક્તિને તમાકુનું વેચાણ પર પ્રતિબંધ છે. તથા કલમ-૬(બ) શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુ કે તમાકુની વેચાણ પર પ્રતિબંધ છે તેમજ આજુબાજુનાં પાનના ગલ્લાવાલાને ચેતવણી આપવામાં આવી તેઓને તમાકુથી કેન્સર થાય છે અને ૧૮ વર્ષથી નાની વયની વ્યક્તિને તમાકુનું વેચાણ પર પ્રતિબંધ છે. આવી આરોગ્ય વિષયક ચેતવણી વિના તમાકુ અને સિગારેટની અન્ય બનાવટોનું છૂટક વેચાણ પર પ્રતિબંધ છે આવી સુચના આપવામાં આવી હતી. આ કામગીરી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એ.કે. સિંહ અને એપેડેમિક મેડીકલ ઓફિસર ડો. મનોજ પટેલની સુચના અને માર્ગદર્શન હેઠળ ડીસ્ટ્રીકટ ટોબેકો કંટ્રોલ સેલ આરોગ્ય વિભાગ,પોલીસ વિભાગમાંથી પી.સી. ભાવેશ એસ. ગોહિલ અને જિલ્લા ટોબેકો સેલમાંથી કાઉન્સેલર એસ.ઝેડ. બાગુલ, સોશિયલ વર્કર એ.એ.પટેલ અને એમ.પી.એચ.એસ. ઉર્વેશ પટેલ હાજર રહી સફળતાપુર્વક કામગીરી કરવામાં આવી હતી.

## વલસાડમાં ઉધારીની ના પાડતાં ચારનો વેપારી પરિવાર પર હુમલો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા ૨૯ :** વલસાડના કોસંબા રોડ પર આવેલી કરિયાણાની દુકાને ઉધાર સામાન લેવા બાબતે થયેલી તકરારમાં ચાર જેટલા શખ્સોએ વેપારી પરિવાર પર હુમલો કરી પથ્થર અને ઢીકા-પાટુનો ઢોર માર માર્યાની ફરિયાદ વલસાડ પોલીસ મથકે નોંધાઈ છે. હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા પરિવારના સભ્યોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. વલસાડના કોસંબા દેસાઈવાડમાં રહેતા અને યોગીનગર, ભાગડાવડા વિસ્તારમાં 'માતેશ્વરી કિરાણા સ્ટોર' ચલાવતા કમલેશ લહેરુલાલ માલીના મોટાભાઈ હિતેશ ઉર્ફે હિરાલાલ ગત રાત્રે દુકાન પર હાજર હતા. આ દરમિયાન સાગર સુભાષભાઈ ગુર્જર રહે. મોરાભાગડા, રામનગરી અને પંકજ શિવનારાયણ સૂર્યવંશી રહે. ગુંદલાવ ધારાનગર મોટરસાયકલ લઈને દુકાને પહોંચ્યા હતા અને ઉધાર સામાન માંગ્યો હતો.

હિતેશે ઉધાર આપવાની ના પાડતાં બંને શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળાગાળી કરી હિતેશભાઈ તેમજ ત્યાં હાજર તેમના સાળા સુખદેવ સાથે ઝઘડો કરી મારપીટ શરૂ કરી દીધી હતી. ઝઘડા દરમિયાન હિતેશભાઈએ ફોન કરી જાણ કરતાં કમલેશભાઈ, તેમના પિતા લહેરુલાલ, માતા કેલાસીદેવી, પત્ની ભાવનાબેન અને ભાભી લક્ષ્મીબેન દુકાને દોડી આવ્યા હતા. તે દરમિયાન રિક્ષામાં અન્ય બે સાગરીતો કરન હરચંદ જાદવ રહે. ગુંદલાવ ધમડાચી અને કિરણ હિંમત ડીંડો રહે. ઉમરસાદી માછીવાડ, પારડી પણ ત્યાં ધસી આવ્યા હતા. આ ચારેય શખ્સોએ ભેગા મળી પરિવાર પર હુમલો કર્યો હતો. જેમાં સુખદેવના માથામાં પથ્થર મારી દેતાં લોહીલુહાણ થઈ ગયા હતા,

જ્યારે પિતા લહેરુલાલને પેટના ભાગે પથ્થર મારવામાં આવ્યો હતો. આ ઉપરાંત લક્ષ્મીબેન, હિતેશભાઈ અને કમલેશભાઈને પણ ઢીક મુક્કી નો માર મારી રસ્તા પર ઢસડી ગંભીર ઈજાઓ પહોંચાડવામાં આવી હતી. બનાવને પગલે આસપાસના સ્થાનિક લોકો એકઠા થઈ જતાં ચારેય આરોપીઓ જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી બાઈક લઈને તેમજ પોતાની રિક્ષા સ્થળ પર જ મૂકીને નાસી છૂટયા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ મારફતે વલસાડ સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે કસ્તુરબા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. કમલેશ માલીની ફરિયાદના આધારે વલસાડ પોલીસે સાગર ગુર્જર, પંકજ સૂર્યવંશી, કરન જાદવ અને કિરણ ડીંડો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 /

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com



દમણગંગા ટાઈમ્સ

દમણગંગા ટાઈમ્સનું ઈ-પેપર વાંચવા અને ડાઉનલોડ કરવા માટે વેબસાઈટની મુલાકાત લો

www.damangangatimes.com



CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)

ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary
SPECIAL OFFERS
% Early Bird Discount
Till 31st March
FREE Textbooks
From Nursery to Std 10
Special Concession
On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328

ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

## ગણદેવીનું સપ્તકવૃંદ ગૃપ સુરતની શેરી ગરબા સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૨૯ :** સુરત ખાતે સી. સી. શાહ સ્કૂલ કેમ્પસમાં રવિવારે ભવ્ય શેરી ગરબા સ્પર્ધા-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રતિષ્ઠિત સ્પર્ધામાં પ્રાચીન ગરબા, અર્વાચીન ગરબા, શેરી ગરબા, ફરતા ગરબા અને રાસ જેવી વિવિધ શ્રેણીઓમાં અનેક ટીમો વચ્ચે રસપ્રદ મુકાબલો સર્જાયો હતો. જેમાં અદભુત તાલબદ્ધતા અને પરંપરાગત શૈલી રજૂ કરીને સપ્તકવૃંદ ગણદેવીએ ફરતા ગરબાની સમગ્ર સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન દાખવી પ્રથમ ક્રમ હાંસલ કર્યો હતો.

આ વિજેતા ગરબાનું ઉત્કૃષ્ટ માર્ગદર્શન અને સઘન તાલીમ રાજ્યકક્ષાએ સંગીત ક્ષેત્રે અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર જાણીતા સંગીતજ્ઞ લલિત પટેલે પૂરી પાડી હતી. વધુમાં તેઓએ ભજન, ગરબા, લગ્નગીત, લોકગીત તેમજ ગિટાર, સિતાર, લોકવાદ્ય, મૃદંગમ, હાર્મોનિયમ અને તબલા જેવી વિવિધ વાદ્ય-સંગીત સ્પર્ધાઓમાં રાજ્યકક્ષાએ અગ્રેસર રહી સમાજ, ગામ અને જિલ્લાનું ગૌરવ અનેકવાર વધાર્યું છે. સપ્તકવૃંદની આ ભવ્ય સફળતાથી સમગ્ર ગણદેવી પંથકમાં હર્ષોલ્લાસ વ્યાપી ગયો છે અને સ્થાનિક સંગીતકારો તેમજ ગરબા રસિકોએ વિજેતા કલાકારોને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ સહ અભિનંદન પાઠવ્યા હતા.

## બીલીમોરાના નાગરિકોને રાજ્યવ્યાપી ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝ સ્પર્ધામાં ભાગ લેવા જોગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૨૭ :** ગુજરાત સરકારના શિક્ષણ અને સાયન્સ ટેક્નોલોજી વિભાગ દ્વારા જાણશે ગુજરાત, જીતશે ગુજરાતની થીમ આધારિત ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝ (G3Q-2026)નો પ્રારંભ કરવામાં આવ્યો છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની વિકાસગાથા તેમજ શૈક્ષણિક પ્રગતિને જન-જન સુધી પહોંચાડવા માટે આયોજિત સ્પર્ધામાં વિજેતાઓ માટે રૂ.૧૧ કરોડથી વધુના રોકડ પુરસ્કારો રાખવામાં આવ્યા છે.

આ સ્પર્ધામાં શાળા કક્ષા (ધો. ૯ થી ૧૨), કોલેજ કક્ષા તથા સામાન્ય નાગરિક કક્ષા એમ ત્રણ વિભાગમાં તમામ નાગરિકો નિ:શુલ્ક ભાગ લઈ શકશે. ઓનલાઈન MCQ પદ્ધતિથી યોજાનારી આ ક્વિઝ તાલુકા, જિલ્લા અને રાજ્ય એમ ત્રણ સ્તરે રમાશે. સ્પર્ધકો દર રવિવારથી શુક્રવાર (સવારે ૮ થી રાત્રે ૧૦) દરમિયાન અધિકૃત પોર્ટલ www.G3Q.ai પર ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી માધ્યમમાં ભાગ લઈ શકશે, જેના સાપ્તાહિક વિજેતાઓની જાહેરાત દર શનિવારે કરાશે.


**CHANGE OF NAME**

OLD NAME
MOHAMMED ARIF
NEW NAME
MOHAMMED ARIF
HARUNALI SAIYED
ADD. H. NO, 3/ROOM
NO 16 KHURSHID KI
CHAL GHANCHIWAD
NANI DAMAN 396210


## નવસારી કૃષિ યુનિ.માં ડ્રેગનફ્રૂટ પાક અંગે પરિસંવાદ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૨૯ :** સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે અસ્પી બાગાયત મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી તથા નાયબ બાગાયત નિયામકની કચેરી, બાગાયત ખાતા, નવસારીના સંયુક્ત ઉપક્રમે કમલમ (ડ્રેગનફ્રૂટ) પાક અંગે એક દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. પરિસંવાદમાં દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી આશરે ૨૪૫ ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમમાં નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો. આર. એમ. નાયક, સંશોધન નિયામક ડો. ટી. આર. અહલાવત, વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એચ. આર. શર્મા, સંયુક્ત બાગાયત નિયામક દિનેશ પડાલિયા, વિદ્યાર્થી કલ્યાણ નિયામક પ્રો. જે. આર. નાયક તથા અસ્પી બાગાયત મહાવિદ્યાલયના ડીન ડો. અલકા સિંઘ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના આયોજનમાં અસ્પી બાગાયત મહાવિદ્યાલયના ડીન ડો. અલકા સિંઘના માર્ગદર્શન હેઠળ ફળ વિજ્ઞાન વિભાગ તથા નાયબ બાગાયત નિયામકની કચેરીના કર્મચારીઓએ મહત્વપૂર્ણ સહયોગ આપ્યો હતો.



પરિસંવાદના અંતે ઉપસ્થિત ખેડૂતોએ કમલમ પાકના સંશોધન કેન્દ્રના ફાર્મની મુલાકાત લીધી હતી. ફાર્મ મુલાકાત દરમિયાન ખેડૂતોને પાકની ખેતી, સંશોધન, રોગ-જીવાત નિયંત્રણ તથા ઉત્પાદન સંબંધિત પ્રશ્નોના નિરાકરણ માટે નિષ્ણાતો દ્વારા સ્થળ પર જ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૩૦-૦૯-૨૦૨૬, **વાર :** બુધવાર **તિથિ :** ભાદરવો વદ, ચોથ, **સૂર્યોદય :** ૦૬ : ૩૪ **સૂર્યાસ્ત** ૦૬ : ૨૪, **ચંદ્રોદય** - ૦૮:૫૮ **ચંદ્રાસ્ત** - ૧૧:૦૬ **ચંદ્ર રાશિ :** મેષ, **નક્ષત્ર** - ભરણી

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** માનસિક ભાવોમાં ઉતાર-ચઢાવ રહેશે.રાત્રે ચંદ્ર બીજા ભાવમાં જતા આર્થિક સ્થિતિમાં મોટો સુધારો જોવા મળશે.

**વૃષભ (બ, વ, ઉ) :** રાત્રે ચંદ્ર તમારી રાશિથી પાંચમા ભાવમાં જશે, જે આર્થિક દૃષ્ટિએ ખૂબ જ શુભ સાબિત થશે. રોકાણ કરેલા નાણાંથી મોટો લાભ મળી શકે છે.

**મિથુન (ક, ઘ, ચ) :** વ્યવસાય અને કરિયરમાં પ્રગતિની નવી તકો મળશે. પરિવારમાં ખુશીનું વાતાવરણ રહેશે અને અટકેલા આર્થિક કામો પૂરા થવાથી મન પ્રસન્ન રહેશે.

**કર્ક (ડ, હ) :** વાણી પર સંયમ રાખવો જરૂરી છે, નહીં તો પરિવારના સભ્યો સાથે મતભેદ થઈ શકે છે.

**સિંહ (મ, ટ) :** નોકરીમાં તમારી મહેનતની પ્રશંસા થશે. ગુસ્સા અને ઉતાવળિયા નિર્ણયો લેવાથી બચવું.

**કન્યા (પ, ઠ, ણ) :** દિવસના ભાગમાં માનસિક તણાવ કે ખર્ચ વધી શકે છે. કાર્યસ્થળ પર રાજનીતિથી દૂર રહેવું.

**તુલા (ર, ત) :** આવકના નવા સ્રોતો ઊભા થશે અને અટકેલા નાણાં પરત મળી શકે છે. સાંજ પછી નાણાકીય ખર્ચ પર થોડો કાબૂ રાખવો જરૂરી બનશે.

**વૃશ્ચિક (ન, ય) :** ચંદ્ર તમારી રાશિથી અગિયારમા (લાભ) ભાવમાં ગોચર કરશે, જે ધનની પ્રાપ્તિ કરાવશે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** નસીબનો ભરપૂર સાથ મળશે. ધાર્મિક કાર્યોમાં રુચિ વધશે. વ્યવસાયિક બાબતોમાં લીધેલા નિર્ણયો ફાયદાકારક સાબિત થશે.

**મકર (ખ, જ) :** દિવસના પૂર્વાધમાં સ્વાસ્થ્ય અને વાહન ચલાવતી વખતે સાવધાની રાખવી જરૂરી છે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** ભાગીદારીના કામમાં સારો લાભ મળી શકે છે. જીવનસાથી સાથેનો તાલમેલ ઉત્તમ રહેશે.

**મીન (દ, ચ, થ, ઝ) :** શત્રુ પક્ષ સક્રિય થઈ શકે છે, તેથી કોઈના પર આંધળો વિશ્વાસ ન કરવો. દિવસની શરૂઆતમાં માનસિક ચિંતા રહી શકે છે, પરંતુ સાંજ પછી સ્થિતિ સુધરશે.

## દમણ રેડિયો

**102.3 FM**

આકાશવાણી

બુધવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૮૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 1 | | 8 | 6 | | | |
| | 5 | 9 | | | 7 | | | 8 |
| | | | | | | | | 7 |
| | 6 | | | 4 | | 8 | | |
| | 4 | 3 | 2 | | 8 | 5 | 9 | |
| | | 5 | | 6 | | | 3 | |
| 1 | | | | | | | | |
| 2 | | | 4 | | | 7 | 1 | |
| | | | 8 | 9 | | 2 | | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**સુડોકુ નં.૬૮૫નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 6 | 9 | 3 | 8 | 4 | 2 | 5 | 7 |
| 2 | 5 | 7 | 9 | 1 | 6 | 4 | 8 | 3 |
| 8 | 3 | 4 | 2 | 5 | 7 | 6 | 9 | 1 |
| 9 | 7 | 8 | 4 | 6 | 3 | 1 | 2 | 5 |
| 5 | 4 | 6 | 7 | 2 | 1 | 8 | 3 | 9 |
| 3 | 2 | 1 | 5 | 9 | 8 | 7 | 6 | 4 |
| 4 | 8 | 5 | 1 | 3 | 2 | 9 | 7 | 6 |
| 6 | 1 | 3 | 8 | 7 | 9 | 5 | 4 | 2 |
| 7 | 9 | 2 | 6 | 4 | 5 | 3 | 1 | 8 |


**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

**જ.મ.પ.અ.નં.૧૨૬/૨૦૨૪**

**અરજદાર : નાગરિયા ગીરજુબેન ભુલાભાઈ, ઉ.વ.આ. ૫૯, ધંધો-ઘરકામ**
**રહે.** મરોલી-ધોડીપાડા, નાગર ફળિયા
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. આર.આર. વારલી)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, મરોલી**
**ગ્રામ પંચાયત કચેરી, મરોલી**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **નાગરિયા ગીરજુબેન ભુલાભાઈ** રહે. મરોલી-ધોડીપાડા-નાગર ફળિયા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના સાસુ **સ્વ. ભાદલીબેન ભાણાભાઈ નાગરીયાનું** મરણ તા.૨૩-૧૨-૨૦૧૪ના રોજ મોજે - મરોલી, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૧૨૬/૨૦૨૪**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

**(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૮૬/૨૦૨૬**

**અરજદાર : વેત્સી મગન વારલી, ઉ.આ.વ. પુખ્ત, ધંધો - ખેતી**
**રહે.** કરજગામ
તા.ઉમરગામ, જી.વલસાડ, **(વ.શ્રી. આર.આર. વારલી)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, કરજગામ**
**ગ્રામ પંચાયત કચેરી, કરજગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **વેત્સી મગન વારલી** રહે. કરજગામ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના માતા નામે **લાડકુ રૂપજી દયાતનો** જન્મ/મરણ તા.૧૮-૦૬-૯૨ના રોજ મોજે - કરજગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ-મરણ/ર.જી.નં.૮૬/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

**જ.મ.પ.અ.નં.૧૧૪/૨૦૨૪**

**અરજદાર : કુરાડા લતાબેન દિલીપભાઈ, ઉ.વ.આ.૩૫, ધંધો-ઘરકામ**
**રહે.** તલવાડા-બ્રાહ્મણ ફળિયું
તા.ઉમરગામ, જી.વલસાડ, **(વ.શ્રી. આર.આર. વારલી)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, તલવાડા**
**ગ્રામ પંચાયત કચેરી, તલવાડા**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **કુરાડા લતાબેન દિલીપભાઈ** રહે. તલવાડા-બ્રાહ્મણ ફળિયું, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના દિકરી **કુરાડા નેહાબેન દિલીપભાઈનો** જન્મ તા.૧૫-૦૧-૨૦૦૯ના રોજ મોજે - તલવાડા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૩૧/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ-મરણ/ર.જી.નં.૧૧૪/૨૦૨૪**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

**(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૨૫૫/૨૦૨૬**

**અરજદાર : શાંતાબેન રામજીભાઈ ધોડી તે નારણભાઈ કલાણભાઈની પત્ની**
**હાલ રહે.** નાહુલી, નિશાળ ફળિયા, મુળ રહે. મલાવ, સામરપાડા
તા.ઉમરગામ, જી.વલસાડ, મો. ૭૫૬૭૬૪૨૦૩૬
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, મલાવ**
**ગ્રામ પંચાયત કચેરી, મલાવ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **શાંતાબેન રામજીભાઈ ધોડી તે નારણભાઈ કલાણભાઈની પત્ની** હાલ રહે. નાહુલી નિશાળ ફળિયા મુળ રહે. મલાવ, સામરપાડા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પિતા **રામજીભાઈ સોમાભાઈ ઉર્ફે સોમલાભાઈ ધોડીનું** મરણ તા.૧૦-૧૧-૧૯૬૭ના રોજ મોજે - મલાવ (સામરપાડા), તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૩૧/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ-મરણ/ર.જી.નં.૨૫૫/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

**(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૮૫/૨૦૨૬**

**અરજદાર : વેત્સી મગન વારલી, ઉ.આ.વ. પુખ્ત, ધંધો - ખેતી**
**રહે.** કરજગામ
તા.ઉમરગામ, જી.વલસાડ, **(વ.શ્રી. આર.આર. વારલી)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, કરજગામ**
**ગ્રામ પંચાયત કચેરી, કરજગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **વેત્સી મગન વારલી** રહે. કરજગામ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના નાની નામે **મરૂ લાસા ગરૂડાનો** જન્મ/મરણ તા.૨૮-૧૦-૮૮ના રોજ મોજે - કરજગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ-મરણ/ર.જી.નં.૮૫/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

**મહે. વાપીના એડીશનલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, વાપી**

**અરજદારના વિ.વ.શ્રી.વી.એમ. ગુપ્તા**
**ફો.પ.અ.નં.૭૫૪/૨૦૨૬**

**અરજદાર : પ્રજાપતિ ઉજેશભાઈ કિકુભાઈ**
**રહે.** કુંભાર વાડ, કોપરલી, વાપી, વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**કોપરલી ગ્રામ પંચાયત કચેરી, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) મુજબ જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાં પક્ષકારોને જણાવવામાં આવે છે કે આ કામનાં અરજદારે અત્રેની કોર્ટમાં દાખલ કરેલ ફો.પ.અ.નં.૭૫૪/૨૦૨૬માં જણાવ્યા મુજબ અરજદારના પિતાના નામે કિકુભાઈ જગનભાઈ પ્રજાપતિ તા.૨૨/૦૯/૨૦૦૯ના રોજ મોજે. કુંભારવાડ, કોપરલી તા.વાપી, જી.વલસાડ મુકામે અવસાન થયેલ છે. જે તે સમયે તેમની મરણની નોંધણી સરકારી કે અર્ધસરકારી દફતરે શરતચૂકથી તેમજ કાયદાની અજ્ઞાનતાને કારણે કરાવેલ ન હતી. જેથી અરજદારના પિતાની મરણની નોંધ ૧૯૬૯નાં નોંધણી ધારા અન્વયે જન્મ-મરણની નોંધણી ફરજીયાત હોઈ તથા સરકારી કામ માટે મરણના દાખલાની જરૂર હોઈ અરજદારના પિતાનો મરણનો દાખલો મેળવવા માંગતા હોઈ તે અંગે કોઈને વાંધો કે તકરાર હોય તો તેઓએ આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં આવી લેખિતમાં વાંધાઓ રજુ કરવા. જો તેમ કરવામાં કસુર થશે તો તે બદલ નામદાર કોર્ટથી યોગ્ય ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ તમામ લાગતાં વળગતાં વ્યક્તિઓએ નોંધ લેવી.

આજ તા.૨૯મી માહે સપ્ટેમ્બર સને-૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યો.

**તૈયાર કરનાર**
**સહી/-**
**(એમ.બી. મણવર)**
**આસીસ્ટન્ટ**

કોર્ટનો સિક્કો

**મુકાબલ કરનાર અને હુકમથી**
**સહી/-**
**(પી.પી. વૈષ્ણવ)**
**સુપ્રિન્ટેન્ડન્ટ**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

**(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૮૪/૨૦૨૬**

**અરજદાર : વેત્સી મગન વારલી, ઉ.આ.વ. પુખ્ત, ધંધો - ખેતી**
**રહે.** કરજગામ
તા.ઉમરગામ, જી.વલસાડ, **(વ.શ્રી. આર.આર. વારલી)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, કરજગામ**
**ગ્રામ પંચાયત કચેરી, કરજગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **વેત્સી મગન વારલી** રહે. કરજગામ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના નાના નામે **લાસા સોન્યા ગરૂડાનો** જન્મ/મરણ તા.૨૫-૦૧-૧૯૮૨ના રોજ મોજે - કરજગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ-મરણ/ર.જી.નં.૮૪/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

**(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૮૯/૨૦૨૬**

**અરજદાર : મંજુલા વેસ્તા કોળી, ઉ.આ.વ. પુખ્ત, ધંધો - ખેતી**
**રહે.** કરજગામ
તા.ઉમરગામ, જી.વલસાડ, **(વ.શ્રી. આર.આર. વારલી)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, કરજગામ**
**ગ્રામ પંચાયત કચેરી, કરજગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **મંજુલા વેસ્તા કોળી** રહે. કરજગામ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પિતા નામે **ભગવાન ચમાર કોળીનો** જન્મ/મરણ તા.૧૦-૦૮-૭૭ના રોજ મોજે - કરજગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ-મરણ/ર.જી.નં.૮૯/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

**(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૪૦૧/૨૦૨૬**

**અરજદાર : પાટકર શંકરભાઈ જગુભાઈ, ઉ.આ.વ. પુખ્ત, ધંધો - ખેતી**
**રહે.** ધોડીપાડા
તા.ઉમરગામ, જી.વલસાડ, **(વ.શ્રી. આર.આર. વારલી)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, ધોડીપાડા**
**ગ્રામ પંચાયત કચેરી, ધોડીપાડા**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **પાટકર શંકરભાઈ જગુભાઈ** રહે. ધોડીપાડા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના માતા નામે **મંછીબેન જવલાભાઈ પાટકરનો** જન્મ/મરણ તા.૨૮-૦૬-૧૯૮૩ના રોજ મોજે - ધોડીપાડા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ-મરણ/ર.જી.નં.૪૦૧/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

**(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૮૮/૨૦૨૬**

**અરજદાર : મંજુલા વેસ્તા કોળી, ઉ.આ.વ. પુખ્ત, ધંધો - ખેતી**
**રહે.** કરજગામ
તા.ઉમરગામ, જી.વલસાડ, **(વ.શ્રી. આર.આર. વારલી)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, કરજગામ**
**ગ્રામ પંચાયત કચેરી, કરજગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **મંજુલા વેસ્તા કોળી** રહે. કરજગામ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના માતા નામે **કમલા ભગવાન કોળીનો** જન્મ/મરણ તા.૦૫-૦૯-૮૫ના રોજ મોજે - કરજગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ-મરણ/ર.જી.નં.૮૮/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

## વાપી એસ.ટી. ડેપો ખાતે વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા અભિયાન યોજાયું



**વાપી, તા.૨૯ :** વાપી એસ.ટી. ડેપો ખાતે સ્વચ્છતા અભિયાનને વધુ વેગવંતુ બનાવવા માટે આજે વિશેષ સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. વાપીના ગુંજન વિસ્તારની એન.ડી.એન. દેસાઈ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા ડેપો તથા આસપાસના વિસ્તારમાં સફાઈ હાથ ધરવામાં આવી હતી.

વિદ્યાર્થીઓએ સફાઈ ઝુંબેશ સાથે રેલી યોજી હતી અને વિવિધ સ્વચ્છતા અંગેના સ્લોગન બોલાવી લોકોને સ્વચ્છતા જાળવવા માટે જાગૃત કર્યા હતા. વિદ્યાર્થીઓની ઉત્સાહભેર ભાગીદારીથી સ્વચ્છતા અભિયાનને સાર્થક બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે વાપી એસ.ટી. ડેપોના ઈન્ચાર્જ ડેપો મેનેજર પરમાર સાહેબ, સ્ટેન્ડ ઈન્ચાર્જ અરુણભાઈ પટેલ, આસિસ્ટન્ટ ટ્રાફિક ઈન્સ્પેક્ટર ધનસુખ પટેલ, એટીઆઈ દિનેશભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં એસ.ટી. વિભાગના ડ્રાઈવર અને કન્ડક્ટર ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓ અને એસ.ટી. કર્મચારીઓની સહભાગિતાથી યોજાયેલા આ સ્વચ્છતા અભિયાન દ્વારા જાહેર સ્થળોની સ્વચ્છતા જાળવવા તેમજ નાગરિકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

## સેલવાસથી ચોરાયેલ એક્ટીવાનો ભેદ ઉકેલાયો

**વાપી, તા.૨૯ :** ડુંગરા પોલીસે સેલવાસમાં ચોરાયેલા એક્ટીવાનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે.

વલસાડ જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક બી.એન. દવે, વાપી વિભાગની સૂચના અને પીઆઈ બી.એન. ગોહિલના માર્ગદર્શન હેઠળ પીસી પ્રભાતભાઈ ભિખાભાઈને ખાનગી બાતમી મળી હતી.

બાતમીના આધારે કરવડ નહેર પાસેથી એક શંકાસ્પદ બાળકિશોરને બ્લ્યુ કલરના એક્ટીવા મોપેડ રજી.નં. GJ-15-EK-8696 સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. તપાસમાં આ મોપેડ અંગે સેલવાસ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયેલો હોવાનું ખુલ્યું હતું. પોલીસે અંદાજે રૂ. ૧,૧૦,૦૦૦ ની કિંમતનું મોપેડ કબજે કરી વધુ તપાસ અર્થે સેલવાસ પોલીસ સ્ટેશનને સોંપી અનડિટેક્ટ ગુનો ડિટેક્ટ કર્યો છે.

## દમણ-દીવના સાંસદે દીવના લોકોને બે ટ્રાન્સપોર્ટ બસો ભેટ આપી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૮ :** શહીદ ભગતસિંહની જન્મજયંતિ નિમિત્તે, સાંસદ ઉમેશ પટેલે સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના (MPF) ભંડોળ હેઠળ આશરે ૭૦ થી ૮૦ લાખ રૂપિયાના ખર્ચે બે પરિવહન બસો દીવના લોકોને સમર્પિત કરી. આ બસો દીવમાં જાહેર પરિવહનને સુવ્યવસ્થિત કરવામાં મદદ કરશે.

આ બસો સામાન્ય નાગરિકો, તેમજ વિદ્યાર્થીઓ, વરિષ્ઠ નાગરિકો અને દૈનિક મુસાફરી કરતા લોકોને લાભ આપશે. સાંસદે જણાવ્યું હતું કે MPLADS ફંડ દ્વારા ઉપલબ્ધ ભંડોળનો ઉપયોગ જાહેર ઉપયોગિતા સુવિધાઓ વિકસાવવા માટે કરવામાં આવી રહ્યો છે જેનો સીધો લાભ સામાન્ય જનતાને થાય છે.

આ સંદર્ભમાં, ગયા અઠવાડિયે દીવમાં અપંગ લોકોને આશરે ૨.૪ મિલિયનના શ્રવણ યંત્રો પૂરા પાડવામાં આવ્યા હતા. આનાથી જરૂરિયાતમંદ લોકોને મદદ મળશે જેમને સાંભળવાની તકલીફ છે.




આરોગ્યસંભાળ સેવાઓને મજબૂત બનાવવા માટે, આશરે ૪૦ થી ૪૫ લાખ રૂપિયાની કિંમતની બે એમ્બ્યુલન્સ આગામી અઠવાડિયે દીવના લોકોને સમર્પિત કરવામાં આવશે. આ એમ્બ્યુલન્સની ઉપલબ્ધતા દર્દીઓને, ખાસ કરીને કટોકટીની પરિસ્થિતિઓમાં, સમયસર તબીબી સંભાળ પૂરી પાડવામાં મદદ કરશે.સાંસદ ઉમેશ પટેલે જણાવ્યું હતું કે MPLADS હેઠળનો દરેક ભંડોળ જનતાનો છે અને તેનો શ્રેષ્ઠ ઉપયોગ જાહેર જરૂરિયાતો અને સુવિધાઓ માટે થવો જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે શિક્ષણ, આરોગ્ય, પરિવહન અને દિવ્યાંગ કલ્યાણ જેવા ક્ષેત્રોમાં કાયમી જાહેર સુવિધાઓ વિકસાવવા માટે પ્રયાસો ચાલુ રહેશે. તેમણે કહ્યું કે બે બસો, દિવ્યાંગો માટે શ્રવણ યંત્રો અને આગામી બે એમ્બ્યુલન્સ જાહેર સેવા પ્રત્યેની આ પ્રતિબદ્ધતાનો એક ભાગ છે. આગામી વર્ષોમાં, સમગ્ર સંસદીય મતવિસ્તાર સહિત, દીવમાં આવશ્યક જાહેર સુવિધાઓને મજબૂત બનાવવા માટે MPLADS દ્વારા વિકાસ કાર્યોને પ્રાથમિકતા આપવામાં આવશે.

## વાપીના અંબામાતા મંદિરમાં ચેરિટેબલ ફિઝિયોથેરાપી સેન્ટરની વર્ષગાંઠ ઉજવાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૯ :** અંબા માતા મંદિર, વાપી ખાતેખમ વેલફેર એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત ચેરિટેબલ ફિઝિયોથેરાપી સેન્ટરની ૪મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી. છેલ્લા ચાર વર્ષથી આ કેન્દ્ર દ્વારા જરૂરિયાતમંદ દર્દીઓને પોસાય તેવા ખર્ચે તેમજ સેવાભાવી ભાવનાથી ફિઝિયોથેરાપીની સારવાર અને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. ખાસ કરીને આર્થિક રીતે નબળા વર્ગના દર્દીઓ માટે આ સેવા આશીર્વાદરૂપ બની છે. વર્ષગાંઠ પ્રસંગે ટ્રસ્ટના સભ્યો, ફિઝિયોથેરાપિસ્ટ, લાભાર્થી દર્દીઓ તથા આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનોએ ટ્રસ્ટના સેવાકાર્યને બિરદાવતાં જણાવ્યું હતું કે, આરોગ્ય ક્ષેત્રે જરૂરિયાતમંદ લોકો સુધી સારવાર અને સેવા પહોંચાડવાનું આ કાર્ય સમાજ માટે પ્રેરણારૂપ છે. આ પ્રસંગે સેન્ટર સાથે જોડાયેલા દર્દીઓ અને સેવાભાવી કાર્યકરોના યોગદાનને પણ યાદ કરવામાં આવ્યું. ટ્રસ્ટ દ્વારા ભવિષ્યમાં પણ વધુ લોકો સુધી આરોગ્યલક્ષી સેવાઓ પહોંચાડવા અને સમાજસેવાના કાર્યોને વિસ્તૃત કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી. ચાર વર્ષથી સતત સેવા, સંવેદના અને સમર્પણ સાથે કાર્યરત આ ફિઝિયોથેરાપી સેન્ટર આગામી વર્ષોમાં પણ જરૂરિયાતમંદ લોકો માટે આરોગ્યસેવાનું મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

## વાપી હરિયા પાર્ક ખાતે શેરી નાટક યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૯ :** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૨૫ વર્ષ અંતર્ગત સેવા સંકલ્પ અભિયાન હેઠળ વાપી શહેર ભાજપ દ્વારા વોર્ડ નં. ૧૩, હરિયા પાર્ક ખાતે આયોજિત શેરી નાટક ખૂબ જ સફળતાપૂર્વક પૂર્ણ થયું.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પ્રખર કથાકાર ભરતભાઈ વ્યાસજી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે પોતાના આશીર્વાદરૂપી આશીર્વચન પાઠવી સૌને પ્રેરિત કર્યા.આ કાર્યક્રમના ઈન્ચાર્જ સંતોષ પટેલ વોર્ડ નં. ૧૩ ના પ્રોગ્રામ ઈન્ચાર્જ નિલેશ રાઠોડ પૂર્વ શાસક પક્ષ નેતા અને પરેશ દેસાઈ પૂર્વ નગરપાલિકા પ્રમુખ, પંકજભાઈ પટેલ, દર્શના ભાવેશ હળપતિ, હરીશ આર્ટ, જગદીશ મહારાજ, દીપક ધુરી, વિનાદ શર્મા, હર્ષ રાઠોડ,યુવરાજ મહેશ પટેલ, વિનોદ ભાનુશાળી, મોહનઝા, કિન્તુ મહેવાલ, તથા કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## વલસાડ સ્પોર્ટ્સ કોમ્લેક્સ ખાતે પાલિકા દ્વારા સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

**વલસાડ, તા. ૨૯ :** પ્રજાના લાગણી, માગણી અને અપેક્ષા પૂર્ણ કરવા પારદર્શી પ્રશાસન માટે પ્રતિબધ્ધ રાજ્ય સરકાર દ્વારા સરકાર તમારા દ્વારે વિચાર સાથે સેવાસેતુ કાર્યક્રમનું ગામે ગામ અને શહેરોમાં આયોજન થઈ રહ્યું છે જેના ભાગરૂપે વલસાડ નગરપાલિકા દ્વારા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે વલસાડ નગરપાલિકાના ચેરમેન આશિષ દેસાઈની અધ્યક્ષતામાં સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૧૧ જેટલી અરજીનો હકારાત્મક નિકાલ કરાતા અરજદારોએ સરકારનો આભાર માન્યો હતો.

સેવાસેતુમાં નાગરિકોને વિવિધ સરકારી સેવાઓનો લાભ પૂરો પાડવામાં આવ્યો હતો. જેમાં સૌથી વધુ જન્મ-મરણના પ્રમાણપત્ર માટે ૨૨ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો, જ્યારે હેલ્થ વેલનેસ કાર્ડ (ડાયાબીટીઝ અને બી.પી.ની ચકાસણી) સંબંધિત ૧૮ અરજીઓ અને પી. એમ. જે. વાય. કાર્ડ માટેની ૧૪ અરજીઓનો સફળતાપૂર્વક નિકાલ કરાયો હતો. આ ઉપરાંત, વ્યવસાય વેરાની ૯ અરજીઓ,



આવકના દાખલાની ૮ અરજીઓ તથા પી. એમ. સૂર્ય ઘર (મફત વીજળી યોજના) ની ૬ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.

નાગરિકોની અન્ય જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને પી.એમ. સ્વનિધિ યોજના, બસ કન્સેશન પાસ (સામાન્ય લોકો માટે) અને ૧૮ વર્ષથી ઓછી વયજૂથના રહીશો માટે આધાર નોંધણીની ૫-૫ અરજીઓ સ્વીકારી તેનો નિકાલ કરવામાં આવ્યો હતો.

સાથે જ, જનધન યોજના અન્વયે બેંક એકાઉન્ટ ખોલાવવું, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, રાશન કાર્ડમાં નામ કમી કરવું અને વિધવા સહાય જેવી યોજનાઓમાં પ્રત્યેકમાં ૩-૩ અરજીઓનો નિકાલ કરાયો હતો. વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્ર, નિરાધાર વૃદ્ધ અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના તેમજ રાશન કાર્ડમાં નામ દાખલ કરવા માટે ૨-૨ અરજીઓ અને રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના માટે ૧ અરજીનો સ્થળ પર જ ઉકેલ લાવવામાં આવ્યો હતો.

સેવા સેતુ કાર્યક્રમમાં લોકોને વિવિધ યોજનાઓનો લાભ મળતા તેમણે સરકારનો આભાર માની ખુશી વ્યક્ત કરી હતી. કાર્યક્રમમાં વલસાડ સીટી મામલતદાર તૃપ્તિબેન પટેલ અને નગરપાલિકાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## વલસાડમાં બુધસભા પરિવાર દ્વારા મૂર્ધન્ય કવિ ઉશનસની જન્મ જયંતી ઉજવાઈ







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૨૯ :** વલસાડના મૂર્ધન્ય કવિ ઉશનસની જન્મ જયંતી નિમિતે ડો. રાધિકા ટીક્કુ દ્વારા આયોજિત બુધસભા વલસાડનાં નેજા હેઠળ તા. ૨૮-૯-૨૬ નાં રોજ હાલર રોડ વલસાડમાં દિનેશભાઈ દેસાઈના મીનાકુંજમાં ડો. દિનકરભાઈ ટંડેલ નિવૃત પ્રો. આર્ટસ કોલેજ વલસાડનું વ્યક્તવ્ય રાખવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં શ્રોતાઓએ હાજરી આપી હતી.

ડો. દિનકરભાઈ ટંડેલે મુધાન્ય કવિ ઉશનસની સાહિત્યિક યાત્રા અને જીવન વૃતાંતનો સવિસ્તર પરિચય આપ્યો હતો. ઉશનસસાહેબને સોનેટના શહેનશાહ કહેવામાં આવ્યા હતા. એમની અનેક રચનાઓનો ઉલ્લેખ કરીને, આસ્વાદ કરાવ્યો હતો. સાહિત્ય ક્ષેત્રે ઉશનસસાહેબે રચેલી કવિતા-છંદ-ગઝલ-હાસ્ય અને અછાંદસ રચનાઓની પણ વિશેષ માહિતી આપી હતી. આ પ્રસંગે ઉશનસસાહેબના પુત્રી કુ. ચિત્રા પંડ્યા પણ ઉપસ્થિત રહ્યા હતા. અને તેમના હસ્તે આજના વક્તાનું પુષ્પ ગુચ્છ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. બુધસભાના પ્રણેતા ડો. રાધિકા ટીક્કુએ પુસ્તકની પ્રતિક ભેટ આપી હતી. બુધસભાના વરિષ્ઠ સભ્ય મહેશભાઈ દેસાઈ દ્વારા ઉશનસની જીવન ઝરમર આપવામાં આવી હતી. નાટ્યકાર સતીશ દેસાઈ દ્વારા ઉશનસસાહેબ સાથેના તેમનાં સબંધોને વાગોળવામાં આવ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન હાસ્ય લેખક અને હાસ્ય કલાકાર રમેશભાઈ ચાંપાનેરીએ કર્યું હતું.

## વલસાડ જિલ્લામાં યોજનાર યુવા ઉત્સવમાં ભાગ લેવા અરજી કરવી

**વલસાડ, તા.૨૯ :** કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ, ગાંધીનગરના ઉપક્રમે જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, વલસાડ દ્વારા પ્રતિવર્ષ વલસાડ જિલ્લા વિસ્તારના યુવક યુવતીઓમાં રહેલી શક્તિને બહાર લાવવા અને તેના સ્વપ્નને સાકાર કરવાના ઉદેશ્ય સાથે વલસાડ જિલ્લાકક્ષા યુવા ઉત્સવ ૨૦૨૬-૨૭ નું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

ચાલુ વર્ષે કુલ ૦૫ સ્પર્ધાનું જિલ્લાકક્ષાએ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, વલસાડ દ્વારા આયોજન થનાર છે. આ સ્પર્ધામાં સ્પર્ધાકની વયમર્યાદા તા. ૧૭/૦૮/૨૦૨૬ને ધ્યાને રાખીને ૧૫ થી ૨૯ વર્ષની વય હોવી જોઈએ. (કટ ઓફ ડેટ - તા.૧૭-૦૮-૧૯૯૭ થી ૧૭-૦૮-૨૦૧૧ વચ્ચે જન્મેલ) સહાયકો માટેની વય મર્યાદા ૧૮ થી ૪૦ વર્ષ રહેશે.

જે આપની શાળા/કોલેજમાંથી શહેર-જીલ્લાની સંયુક્ત એક જ સ્પર્ધામાં ભાગ લેવા માટે સ્પર્ધાનું ફોર્મ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ૧૦૬,જૂની બી.એસ.એન.એલ.કચેરી, પહેલા માળે, પોસ્ટ ઓફિસની પાછળ, હાલર રોડ, વલસાડને તા.૦૯/૧૦/૨૦૨૬ ના રોજ સાંજે ૧૭ઃ૦૦ કલાક સુધી મેળવી મોકલી આપવાના રહેશે. ત્યાર બાદ આવનાર એન્ટ્રી ધ્યાનમાં લેવામાં આવશે નહી. જેની નોંધ લેવા વિનંતી. વધુ માહિતી માટે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી ફોન ૦૨૬૩૨-૨૪૮૦૮૩ પર સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

## ધરમપુર ખાતે ૧૧ મહિલાઓને સિલાઈ મશીનની ભેટ અપાઈ



**ધરમપુર, તા.૨૯ :** એક સ્ત્રી સક્ષમ બને ત્યારે આખો પરિવાર મજબૂત બને છે. મહિલા સશક્તિકરણના ઉમદા હેતુથી - ક્લબ૧૦૦૧ હેલ્પિન્ગ હેન્ડ્સ- અને સેવા પરમો ધર્મ-દ્વારા બીઆર. ઈન્ટર.સ્કૂલ, ખારવેલ ધરમપુર ખાતે ૧૧ બહેનોને સિલાઈ મશીન અર્પણ કરી તેમને આત્મનિર્ભરતા તરફ વાળવા એક નવું પગલું ભરવામાં મદદરૂપ થયા જેમાં ક્લબના ફાઉન્ડર ભાવિન પટેલે જણાવ્યું કે કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય દરેક બહેન પોતાના હૂન્નર દ્વારા પગભર બને અને પોતાના પરિવાર માટે આર્થિક સહારો બને તે માટેનો છે.

ડૉ બિપીનભાઈ પટેલે (શિક્ષણ નિરીક્ષક વલસાડ) હેલ્પિંગ હેન્ડની માનવસેવા તથા અબોલ પશુ પક્ષીની સેવાને બિરદાવી એક જરૂરિયાતમંદ મહિલા માટે સિલાઈ મશીન અર્પણ આશીર્વાદરૂપ બનતા નારી પરિવારનો આર્થિક આધાર સ્તંભ બનશે. આ પ્રસંગે ભાવેશભાઈ મહેતા પ્રમુખ (સેવા પરમો ધર્મ), બીઆર સ્કૂલ ખારવેલના મેનેજર પુખરાજ ધ્યાવાલા, શંકરભાઈ પટેલ-રૅનબૉ જયંતિભાઈ -શીતળ છાંયડો લાઈબ્રેરી નગરિયા, મહેશભાઈ ગરાસિયા, ડૉ. વિરેન્દ્ર ગરાસિયા-ચિત્રકૂટ એવોર્ડ વિજેતા શિક્ષક, વિપુલભાઈ ચોનકર, મિતેષ પટેલ, પ્રકાશભાઈ સુરતી, સુરેન્દ્રભાઈ મહાકાલ,અવિનાશભાઈ વિ. ઉપસ્થિત રહ્યા હતા.

સેવાના રંગ, રાષ્ટ્રના સંગ અંતર્ગત

## વલસાડ જિલ્લામાં રંગોળી સ્પર્ધા યોજાશે

**વલસાડ, તા.૨૯ :** ગુજરાત સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર અને કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કચેરી ગાંધીનગરનાં ઉપક્રમે અને વલસાડ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા સેવાનાં રંગ, રાષ્ટ્રનાં સંગ અંતર્ગત રંગોળી સ્પર્ધા યોજાશે. જેમાં રંગોળી સ્પર્ધા વ્યક્તિગત રંગોળી/ ગ્રુપ રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે.

રંગોળી સ્પર્ધાની થીમ (૧) વિકસિત ભારત@2047 (૨) મેક ઈન ઈન્ડિયા (૩) જન કલ્યાણકારી યોજનાઓ (૪) રાષ્ટ્રીય પ્રતિક (૫) વિકસિત ભારતનું સ્વપ્ન (૬) સેવા સંકલ્પ અભિયાન (૭) સપ્તધારા વિઝન (૮) આત્મનિર્ભર ભારત વગેરે થીમમાંથી કોઈપણ એક થીમ પર રંગોળી તૈયાર કરવાની રહેશે.

તૈયાર કરવામાં આવતી કૃતિ મુવેબલ તથા જિલ્લા કક્ષાએ થનાર કાર્યક્રમ દરમિયાન હેરફેરમાં સરળતા રહે અને ડીઝાઈન જળવાઈ રહે તે મુજબ તૈયાર કરવાની રહેશે. રંગોળી માત્ર કુદરતી સામગ્રી જેવી કે ફૂલ, માટી, રેતી, ચોખા, બીજ, પાંદડા અને પ્રકૃતિનાં રંગોનો જ ઉપયોગ કરવાનો રહેશે. રંગોળી સ્પર્ધામાં વ્યક્તિગત કૃતિની સાઈઝ 1.5 X 1.5ની તથા ગ્રુપ સ્પર્ધાની કૃતિની સાઈઝ 4 X 4 ફૂટ રહેશે. રંગોળી સ્પર્ધામાં ભણતા ન ભણતા તમામ વય જૂથનાં સ્પર્ધકો ભાગ લઈ શકશે. રંગોળી ઘરેથી તૈયાર કરીને આવવાની રહેશે. રંગોળી થર્મોકોલની શીટ, હાર્ડબોર્ડ, પૂઠું વગેરે ઉપર તૈયાર કરીને લાવવાની રહેશે.

રંગોળી (૧) વ્યક્તિગત સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવનારને ૫,૦૦૦ રૂ (એક વ્યકિતને), દ્વિતીય ક્રમે આવનારને ૩,૦૦૦ રૂ. (બે વ્યક્તિને) તથા તૃતીય ક્રમે આવનારને ૨,૫૦૦ રૂ.(ત્રણ વ્યક્તિને) પુરસ્કાર આપવામાં આવશે. (૨) ગ્રુપ રંગોળી સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવનાર ને ૧૫,૦૦૦ રૂ, દ્વિતીય ક્રમે આવનારને ૧૦,૦૦૦ રૂ તથા તૃતીય ક્રમે આવનારને ૭,૫૦૦ રૂ પુરસ્કાર આપવામાં આવશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે નીચે દર્શાવેલ લીંક પર રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. https://forms.gle/HXMp86UFKyX6igSn7 . તૈયાર કરેલી કૃતિ તા.૦૩-૧૦-૨૦૨૬નાં રોજ સવારે ૦૯ઃ૦૦ કલાકે શ્રી સ્વામીનારાયણ મંદિર હોલ, તિથલ રોડ, વલસાડ ખાતે લાવવાની રહેશે. વધુ માહિતી માટે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ૧૦૬, જૂની બી.એસ.એન.એલ.કચેરી, પહેલા માળે, પોસ્ટ ઓફિસની પાછળ, હાલર રોડ, વલસાડનો સંપર્ક નંબર ૦૨૬૩૨-૨૪૮૦૮૩ પર સંપર્ક કરવા જિલ્લા યુવા વિકાસ અધિકારી દ્વારા અખબારી યાદીમાં

વલસાડના પ્રા. શિક્ષણ વિભાગ દ્વારા

## ધરાસણા મીઠા સત્યાગ્રહ સ્મારક ખાતે સફાઈ અભિયાન હાથ ધરાયું

**સ્વચ્છતા અભિયાન દરમિયાન ૩.૫ ટનથી વધુ કચરાનો નિકાલ કરવામાં આવ્યો**

**વલસાડ, તા. ૨૯ :** વલસાડ તાલુકાના ધરાસણા ગામમાં ઐતિહાસિક મીઠા સત્યાગ્રહ સ્મારક ખાતે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ યોજાયો હતો.

વલસાડ તાલુકામાં પ્રાથમિક શિક્ષકો દ્વારા કુલ ૨૨ ટીમો બનાવી તાલુકાના વિવિધ સ્થળોએ સ્વચ્છતા હી સેવા અંતર્ગત સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. શિક્ષકોએ શ્રમદાન કરી જાહેર સ્થળો, શાળા પરિસર તથા આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતા જાળવવા માટે લોકજાગૃતિનો સંદેશ આપ્યો હતો. ધરાસણા ખાતે યોજાયેલા મુખ્ય કાર્યક્રમમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ડી. બી. વસાવા,



તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી નિરવકુમાર, BRC કો-ઓર્ડિનેટર મિતેશભાઈ, વલસાડ તાલુકાના CRCઓ, શિક્ષકઓ તથા જિલ્લા શિક્ષણ સમિતિ કચેરીના કર્મચારીઓ સહિત શિક્ષણ વિભાગના મોટી સંખ્યામાં કર્મચારીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

સૌએ ઉત્સાહપૂર્વક શ્રમદાન કરી મીઠા સત્યાગ્રહ સ્મારક પરિસરની સ્વચ્છતા હાથ ધરી હતી. સમગ્ર સ્વચ્છતા અભિયાન દરમિયાન ૩.૫ ટનથી વધુ કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર અભિયાન દ્વારા સ્વચ્છતા, સેવા, શ્રમદાન અને સામૂહિક જવાબદારીનો પ્રેરણાદાયી સંદેશ સમાજ સુધી પહોંચાડવામાં આવ્યો હતો.

દમણગંગા ટાઇમ્સ
મુખ્ય કાર્યાલય
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

# વાપી પૂર્વ- પશ્ચિમને જોડતાં ઓવરબ્રિજો અને અન્ડરબ્રિજોની યોજનાઓને સિસ્ટમની ઉધઇ વિલંબિત કરી રહી છે ?

**જુનો રેલ્વે ઓવરબ્રીજ ધબાયનમઃ કરાયાંને ચાર વર્ષ થયાં અને હજુ ફોરલેન નવા ઓવરબ્રીજના ઠેકાણાં નથી : યોજનાઓ વેળાસર પુરી થાય એ માટે નાણામંત્રી કનુભાઈ દેસાઈ પસીનો પાડે છે પણ પ્રણાલિકાનો અવરોધ તેમને નડી રહ્યાનું જણાય છે : નાણામંત્રી કનુભાઈ દેસાઈ વાપીનો અવાજ છે પરંતુ નાની મોટી સમસ્યાઓનો પડઘો પાડવા વાપીમાં સકારાત્મક અભિગમવાળા બિનરાજકીય સંગઠનની આવશ્યકતા વરતાય છે : વાપીના કોંગ્રેસ અગ્રણીએ માર્ગની મરમ્મત સંદર્ભમાં મહાનગરપાલિકાના કપડાં ઉતારી નાંખ્યા : સાસણગીરમાં એક વર્ષમાં વિવિધ બિમારીના કારણે સિંહો ઠાઠડી ભેગાં**

વાપી પૂર્વ-પશ્ચિમ વચ્ચે તમામ પ્રકારના વાહનોને માટેનો એકમાત્ર વિકલ્પ એવો ટુલેઈન રેલ્વે ઓવરબ્રિજને ધબાય નમઃ કર્યા પછી વાપીના વાહનચાલકો છેલ્લાં ચાર વર્ષથી ત્રાહિમામ પોકારી ગયા છે.


જુના રેલ્વે ઓવરબ્રીજની જગ્યાએ રૂા. ૧૪૪.૨૦ કરોડના ખર્ચે ફોરલેન રેલ્વે ઓવરબ્રિજ ડિસેમ્બર ૨૦૨૩માં તૈયાર કરી આપવાનો હતો. પરંતુ આજે ચાર વર્ષ પછી પણ તેના કોઈ ઠેકાણા નથી.

વાપી પૂર્વ-પશ્ચિમ વાહન વ્યવહાર માટે બલિઠા અને વાપી જુની ફાટક (૮૦ નંબરની) પાસે રેલ્વે અન્ડરબ્રિજની યોજના પૈકી બલિઠાનો રેલ્વે અન્ડરબ્રિજ વર્ષોના વિલંબ પછી ચાલુ કરવામાં આવ્યો છે. પરંતુ તેની ડિઝાઈન દુનિયાની અજાયબી જેવી હોઈ વાહન ચાલકોએ ઘણા વળાંક વટાવી બીજા છેડે જવા પડતું હોય છે.

વાપીની જુની ફાટક પાસનો રેલ્વે અન્ડરબ્રિજ પણ યોજનાઓને લાગેલાં કાયમી વિલંબના ગ્રહણને કારણે હજુ કર્યાન્વિત થયો નથી.

વાપી પૂર્વ-પશ્ચિમ વચ્ચે જે ટાઈપ પાસે રૂા. ૫૦ કરોડના ખર્ચે એક ઓવરબ્રિજ લાંબી તપસ્યા પછી તૈયાર થઈને ઉભો છે, પરંતુ રેલ્વે લાઈનના કાર્યાક્ષેત્રમાં રેલ્વેના મેઘા બ્લોકના અભાવે આ પુલ શોભાના ગાઠિયા જેવો અમેનો એમ પડયો છે.

## દમણગંગાના તીરેથી



**- પ્રવિણસિંહ પરમાર**
(વરિષ્ઠ પત્રકાર, વાપી)
મો. નં. ૯૮૨૫૧ ૫૦૯૯૯

નાણામંત્રી કનુભાઈ દેસાઈ વાપી પૂર્વ-પશ્ચિમ વચ્ચેના ઓવરબ્રિજો અને અન્ડરબ્રિજો સમયબધ્ધ પુરા થાય એ માટે વર્ષોથી પસીનો પાડી રહ્યાં છે. વાપી પૂર્વ-પશ્ચિમ વચ્ચેના ઓવર અને અન્ડરબ્રીજોની સાઈટ ઉપર જાતે પહોચી નાણા અને શહેરી વિકાસ મંત્રી અધિકારીઓ અને ઠેકેદારોને સુચના પણ આપતાં રહે છે. પરંતુ સિસ્ટમ (પ્રણાલિકા)ની ઉધઈ તેઓની મહેનત પર પાણી ફેરવી દેતી હોવાનું માની શકાય.

હાલમાં જ નાણામંત્રી કનુભાઈ દેસાઈએ જે ટાઈપના રેલ્વે ઓવરબ્રિજના રેલ્વેના કાર્યક્ષૈત્રના સ્થળનું નિરીક્ષક કર્યુ હતું. અને જેમ બને એમ જલ્દી કામગીરી પુરુ કરવા સુચના આપી હતી.

જો વાહન ચાલકોને આ વિકલ્પ મળે તો વાપી ટાઉન અને દમણની દિશા પકડતાં વાહનોને માટે તે મોટી રાહત બની રહેશે.

છેલ્લા ચાર વર્ષથી વાપીના વાહનચાલકો જે હાલાકી ભોગવી રહ્યા છે. તેનો પડઘો ગાંધીનગર સુધી પહોંચે એવુ કોઈ બિનરાનકીય સંગઠન પણ વાપીમાં નથી. આમ તો આવા ચાર-પાંચ જેટલાં સંગઠનો વાપીમાં હતાં પરંતુ એ બધા વર્ષોથી સુષુપ્ત અવસ્થામાં છે અને તે ફરીથી જાતે એવી કોઈ શકયતા નથી ત્યારે જરુર થાય કે વાપીવાસીઓનો અવાજ બને એવુ એક સંગઠન વાપીમાં કાર્યરત થાય તો ઘણી બધી સમસ્યાઓ માટેનો ઉકેલ આ સંગઠન લાવી શકે.

જો કે, નાણામંત્રી કનુભાઈ દેસાઈ વાપીવાસીઓનો અવાજ બની જ રહ્યાં છે. પરંતુ ગુજરાતમાં મુખ્યમંત્રી બાદ બીજુ સ્થાન ધરાવતા નાણામંત્રીના માથે આખા રાજયની જવાબદારી હોઈ સકારાત્મક અભિગમવાળા સભ્યોનું બનેલુ સંગઠન રસ્તા, પાણી, અતિક્રમણ, ગેરકાયદે પાર્કિંગ, વગેરે સમસ્યાઓ માટે અવાજ ઉઠાવી શકે અને પરિણામ પણ મેળવી શકાય.

## ‘આપ’ના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ નાણામંત્રી કનુભાઈ દેસાઇની પ્રશંસા કરી

અહી એક વાતનો આનંદ સાથે ઉલ્લખે કરીએ તો હાલમાં જ ગુજરાતની એક જાણીતી ન્યુઝ ચેનલે જયારે ગુજરાત વિધાનસભાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાનું ઈન્ટરવ્યુ લીધુ ત્યારે ગોપાલ ઈટાલિયાએ ગુજરાતની કેબેનેટમાં શ્રેષ્ઠ મંત્રી તરીકે આપણા નાણામંત્રી કનુભાઈ દેસાઈને ગણાવ્યા હતાં. તેઓના મતે કનુભાઈ દેસાઈ કદી કોઈ વિવાદમાં પડતાં નથી. કારણ કે તેઓને સૌ માનની નજરે જુએ છે.

આશા છે, નાણામંત્રી કનુભાઈ દેસાઈ વાપીના સર્વાંગી વિકાસનું જ ધ્યેય રાખે એવા મ્યુનિસિપલ કમિશ્નર વાપીને નસીબ કરશે. જેથી મહેશ શાહ જેવાની ફરિયાદને અવકાશ ન રહે.

## મહેશભાઈ શાહે મનપાના કપડા ઉતારી નાખ્યા !

વાપીના કોંગ્રેસ અગ્રણી મહેશભાઈ શાહે હાલમાં જ વાપી નહેરુ સ્ટ્રીટના માર્ગના પેચવર્ક બાબતમાં તંત્રનું વસ્ત્રાહરણ કરી નાખ્યું ! તેમના મતે માર્ગની જાળવણીના નામે માત્રને માત્ર વેઠ જ ઉતારાયેલી છે. ખાડામાં કપચીઓ નાંખી અક્કલનું પ્રદર્શન કરવામાં આવેલું છે. પસાર થતાં વાહનનોના ટાયરમાં દબાઈ આ કપચી જોરથી છટકે છે. અને રાહદારીઓ માટે જોખમી બને છે.

તેમણે નહેરુ સ્ટ્રીટના માર્ગને ખોદયા વિના જ ડામર પાથરવાની, અક્કલને ગોખલામાં મુકવા જેવી નીતિ રીતીના કારણે નહેરુ સ્ટ્રીટમાં આવેલા જૈન મંદિરના ચાર પગથિયા પણ પુરાઈ જતાં વરસાદનું પાણી શ્રદ્ધાળુઓને પરેશાન કરતું હોવાનું વિડીયોમાં જણાવ્યૂ છે.

મહેરભાઈ શાહે તો મનપાના આવા કારભારના કારણે વાપી મહાનગરપાલિકાને માટે નવુ નામ પણ આવ્યું હતું. પરંતુ અમને એક શબ્દ યોગ્ય ન લાગતાં ઉલ્લેખ કર્યો નથી.

## લો, એક વર્ષમાં ગીરમાં ૬૨ સિંહોનું રામનામ સત્ય થઈ ગયું!

હાલમાં જ મળેલી ગુજરાત વિધાનસભાની બેઠક દરમિયાન વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયો જણાવ્યું હતું કે જુલાઈ ૨૦૨૬ના એક વર્ષમાં વિવિધ બિમારીના કારણે ૬૨ જેટલાં સિંહોના રામ રમી ગયેલાં છે. આ ૬૨ પૈકી ૧૭ પુખ્ય વયના સિંહો, ૧૭ સિંહણ અને ૨૮ જેટલાં સિંહબાળોનો સમાવેશ થાય છે.

સિંહોના મોત માટેના કારણોમાં મંત્રીએ સેપ્ટીકેમિયા, ન્યુમોનિયા, કિડની ફલ્યોર, માયોકાર્ડિયલ ચેપ (હાર્ટ એટેક) ને કારણભુત ગણાવ્યા હતાં. અગાઉ એવી વાત આવી હતી કે ૮ જેટલાં સિંહબાળો ડિસ્ટેમ્પર નામના પ્રાણઘાતક રોગને કારણે ઉપર પહોંચી ગયા હતાં. પરંતુ સરકારે આ વાતનો કદી ફોડ પાડેલો નથી. જાણવા પ્રમાણે વર્ષ ૨૦૧૮માં પણ સિંહો ઉપર બિમારીનું સંકટ આવ્યું હતું અને ઘણાં સિંહો પ્રભુને પ્યારા બની ગયા હતાં. સિંહ ગુજરાતનું ગૌરવ ગણાય છે. સિંહોના અભયારણ્યમાં અને તેની આસપાસના સ્થળોએ કાયદેસરની અને ગેરકાયદેસરની સંખ્યબંધ રિસોર્ટસ, હોટલ્સ અને ફાર્મ હાઉસો ઉભા કરવામાં આવતાં સિંહોના રહેઠાણને આ વનના રાજાએ છોડવા પડે લા છે. ગુજરાતના કુલ ૮.૯૧ સિંહો પૈકી અડધા ઉપરાંત સિંહોને ૧૧ જીલ્લાઓમાં સ્થળાંતર કરવા પડેલ છે. વાઘની હાલત પણ એવી જ હોવાનું કહેવાય છે. દેશના ૫૮ ટાઈગર રિઝર્વ પૈકી ૩૮મા વાઘ માટે પુરતો ખોરાક નથી. યોગ્ય રહેઠાણનો પણ અભાવ છે. મિઝોરામ, તેલંગણા અને ઓરિસ્સા સહિત દેશના નવ ટાઈગર રિઝર્વમાં વાઘ, નહીવત જેવા રહ્યા છે. દેશના ૩૬૮૨ વાઘો પૈકી ૧૩૪૪ વાઘ સુરક્ષિત ટાઈઘર રિઝર્વની બહાર ઘુમી રહ્યા છે. આના કારણે વાઘ માટે શિકાર અને અકસ્માતનો ખતરો રહે છે. નિષ્ણાંતોના મતે વાઘની સંખ્યા ઉપર સંતોષ માનવાના બદલે જંગલોની ગુણવત્તા અને વૈજ્ઞાનિક સંચાલન ઉપર વધુ ધ્યાન આપવાનું જરુરી છે. **અહો આશ્ચર્યમ્!** અને છેલ્લે વર્ષ ૨૦૨૧થી ૨૦૨૪ વચ્ચે ભારતમાં વાઘના હુમલામાં ૪૦૦ માનવીના મોત થયા હતાં જયારે હાથીઓના હુમલામાં ૩૦૦૦ માનવીના મોત થયા હતાં!

# સૌથી દુર્લભ પ્રાપ્તિ એ આબરૂની પ્રાપ્તિ છે

(ગતાંકથી શરુ)

મહાન કાર્યો કરવાની ઈચ્છાને મહેચ્છા અથવા મહત્ત્વાકાંક્ષા કહેવાય છે. આવી ઈચ્છા સૌને થતી નથી. પણ જેને થાય છે. તે મહેચ્છા પ્રમાણે મહાન કાર્યોમાં જોતરાય છે. ત્યારે તેની શક્તિઓ ખીલી ઊઠે છે. તેથી તે પોતે પોતાનાં ક્ષેત્રોમાં મહાન કાર્યો કરતો થઈ જાય છે. તે જ સાચો મહાપુરુષ છે. વ્યક્તિની મહેચ્છાને સમર્થન આપનારી પ્રજા તથા રાષ્ટ્ર પણ મહાન બને છે. અને તેને અવરોધનારા કનિષ્ઠ બને છે. પાપેચ્છા કે હીનેચ્છા ન કરવી જોઈએ. પણ બાકીની ત્રણ તો જરૂર કરાય. ઈચ્છામાત્રનો ત્યાગ નહિ. હીનેચ્છાનો ત્યાગ જ કરાય. બાકીની ઈચ્છાઓ તો કેમ વધે તેવી પ્રાર્થના કરાય. યા દેવી સર્વ ભૂતેષુ ઈચ્છારૂપેણ સંસ્થિતા, નમસ્તસ્મૈ નમસ્તસ્મૈ, નમસ્તસ્વૈ નમોનમા

તન્મે મનઃ શિવ સંકલ્પમસ્તુ.

આનો ભદ્રાઃ કતવો યન્તુ.

આ ત્રણેમાં ઈચ્છાને–શુભેચ્છાને આવકારી છે.

## વાસ્તવિકતા



**સ્વામી સચ્ચિદાનંદ**

જે લોકો બહુ મોટી જવાબદારીઓભર્યું જીવન જીવતા હોય છે, જે લોકોના સળગતા પ્રશ્નો ઉકેલાયા નથી હોતા, જે આબરૂદાર હોય છે. તેમને થોડુંઘણું ટેન્શન રહેતું જ હોય છે. જીવન માટે ટેન્શન જરૂરી પણ છે. જે બેજવાબદારીભર્યું જીવન જીવતા હોય, જેના કોઈ પ્રશ્નો જ ન હોય અને જે આબરૂદાર ન હોય તેને ટૅન્શન ન હોય.

દુઃખ અને ટેન્શન અલગ-અલગ વસ્તુ છે. દુઃખની સાથે શાંતિ રહી શકે છે. જો સમજણ અને સહનશક્તિ હોય તોપણ ટૅન્શન અને શાંતિ એકસાથે રહી શકે નહિ.

ભૂખ્યો માણસ ભૂખના દુઃખે દુઃખી છે. પણ સમજણ અને સહનશક્તિ હોય તો શાંત રહી શકે છે. પણ ટૅન્શનવાળો માણસ ઊંઘી શકતો નથી. કારણ કે અશાંતિ તેને ઊંઘવા દેતી નથી.

ધ્યાન ધરવાથી કે બીજા ઉપાયો કરવાથી ટેન્શનમુક્તિ થતી નથી. કદાચ થોડો સમય હળવાશ રહે. ખરેખર તો ટૅન્શન અને ધ્યાન સાથે ન રહે. ટૅન્શનમાં ધ્યાન ન થઈ શકે. શાંત માણસ જ ધ્યાન કરી શકે.

જેણે ઘણી મોટી જવાબદારીઓ સ્વીકારી હોય તેનામાં તેટલું જ મોટું ટેન્શન સહન કરવાની ક્ષમતા પણ હોવી જોઈએ. અન્યથા તેણે તેવી મોટી જવાબદારી સ્વીકારવી ન જોઈએ.

મોટું ટેન્શન સહી લેનાર મહાપુરુષ જ હોય. કારણ કે તે મોટાં કાર્યો કરે છે. ટૅન્શનથી ભાગનાર જવાબદારીઓથી ભાગે છે. તે મહાન ન હોય. પ્રશ્નો ઉકેલ્યા વિના શાંતિ ન મળે. પ્રશ્નો ઉકેલવા એ જ ખરી સાધના છે. પ્રશ્નોથી ભાગીને કે પ્રશ્નોને દાટીને શાંતિ ન પમાય. પ્રશ્નો ઉકેલીને જ શાંતિ પમાય. જે પોતાના પ્રશ્નો ઉકેલે છે તે માનવ છે. પણ જે બીજાના પ્રશ્નો ઉકેલે છે તે મહામાનવ છે. તે જ સંત છે. તે જ મહાત્મા છે. જે અનાવશ્યક પ્રશ્નો ઊભા કરે છે તે ખટપટિયા માણસો છે. તે અશાંતિ ઉત્પન્ન કરે છે. તેમને દૂર કરો કે દૂર રહો જવાબદારી અને કર્તવ્ય એક જ છે. તેનો ત્યાગ ન હોય. કદાચ કોઈ કરે તો તે પલાયનવાદ છે. તે વૈરાગ્ય નથી વિષાદ છે. મિથિલાનગરીમાં આગ લાગી હોય ત્યારે હજાર કામો પડતાં મૂકીને તેને ઓલવવા મંડી પડવું એ રાજકર્તવ્ય છે. પણ મિથિલા બળતી હોય તો બળે મારું કશું બળતું નથી તેમ કહીને બેસી રહેવું તે કર્તવ્યત્યાગ કહેવાય. અધ્યાત્મ ન કહેવાય. પલાયનવાદ કહેવાય.ગમે તેટલો તીવ્ર વૈરાગ્ય હોય તોપણ સુશીલ પત્ની અને બાળકોનો ત્યાગ ન કરાય. આ કર્તવ્યભ્રષ્ટતા જ કહેવાય પત્નીત્યાગ કે કર્તવ્યત્યાગને આદર્શ ન બનાવાય. તેથી પ્રજા ગુમરાહ થઈ જાય **સૌથી દુર્લભ પ્રાપ્તિ એ આબરૂની પ્રાપ્તિ છે.** આબરૂના સુખ જેવું બીજું કોઈ સુખ નથી. અને આબરૂના જવા જેવું કોઈ દુઃખ નથી. આબરૂ ગયા પછી તેની મહત્તા સમજાય છે. આબરૂદારને ટૅન્શન હોય જ. તેના માટે સૌથી મોટું ટૅન્શન કલંક લાગવાનું હોય છે. દુર્જનો કલંક લગાડ્યા વિના રહેતા નથી. આબરૂદાર માણસોએ દુર્જનોથી ડરીને જીવવું. તેમને શત્રુ બનાવવા નહિ. શાંતિ માટે શાંતિશિબિરો ભરવી નહિ. શાંતિશિબિર-સંચાલકોને જ શાંતિ નથી હોતી. શિબિરો ભરવાથી શાંતિ નથી મળતી. પ્રશ્નો ઉકેલવાથી શાંતિ મળે છે. અશાંતિ સાથે જીવવાની હિંમત કેળવવી જરૂરી છે.

જો તમારી અશાંતિ ભીજાને શાંતિ પમાડતી હોય તો તે સાચી તપસ્યા કહેવાય

એક પોલીસ અમલદાર આખી રાત જાગીને ચોર-ડાકુઓથી પ્રજાનું રક્ષણ કરે છે. તેને ઉજાગરાની અશાંતિ થાય છે. પણ તેની અશાંતિના કારણે પૂરી પ્રજા શાંતિથી ઘસઘસાટ ઊંઘે છે. પોલીસ અમલદાર શાંતિ પમાડે છે. આ તેની તપસ્યા કહેવાય.

એક માતા પોતાના બાળકના ઉછેર પાછળ ઘણી અશાંતિ ભોગવે છે. આવી અશાંતિ પણ તપસ્યા છે. તેનો ત્યાગ ન કરાય.

માત્ર શાંતિ ચાહનારા અન્યાય સામે ઝઝૂમવાની શક્તિ ખોઈ બેસતા હોય છે.

અન્યાય સામે ઝઝૂમવાની શક્તિ ખોઈ બેસનારને સંત ન કહેવાય. નમાલા કહેવાય. આપણે સાધુ-સંત અને નમાલા વચ્ચેનો ભેદ સમજતા નથી.

મને શાંતિ મળે કે ન મળે. હું સુખી થાઉં કે ન થાઉં પણ મારે લોકોને, રાષ્ટ્રને, વિશ્વને શાંતિ પમાડવી છે. સુખી કરવાં છે. આવી ભાવના રાખનાર સંત કહેવાય.

મારે મારા આત્માનું કલ્યાણ કરવું છે. દુનિયા પડે ખાડામાં, કોઈ કોઈનું નથી, બધાં સ્વાર્થનાં જ સગાં છે આવી ભાવના રાખનાર સંત ન હોય. અધ્યાત્મવાદી પણ ન હોય તે પલાયન-વાદી છે. તેને કદાચ શાંતિ મળે તોપણ તે સ્મશાનશાંતિ કહેવાય.

મહાપુરુષોને દુઃખ અને ટૅન્શન વિનાનું જીવન હોતું નથી. બન્નેમાંથી એકાદ થોડાઘણા અંશમાં તો હોય જ છે.

દુઃખો, અગવડો દૂર કરવાથી અને સગવડો વધારવાથી દૂર થતાં હોય છે. માત્ર આત્મા-આત્મા કરવાથી નહિ. એક જ ઉદાહરણ પર્યાપ્ત થશે. અમારી ગૌશાળામાં ગાય અને વાછડી પગ પછાડ-પછાડ કરતી હતી. પૂછડું ઉછાળ–ઉછાળ કરતી હતી. મચ્છર અને માખીઓ તેને ચેન લેવા દેતી ન હતી. તરત જ પૂરી ગૌશાળાને ઝીણી જાળીઓથી મઢી દીધી. હવે એકપણ માખી કે મચ્છર અંદર જઈ શકતાં નથી. હવે ગાય નથી પગ પછાડતી, નથી પૂંછડું ફંગોળતી શાંતિ થઈ ગઈ. આ સાચો ઉપાય છે. માણસો પણ આવું કરી શકે. સાચા ઉપાયો કરો તો સુખી થાવ. કલ્પનામાં રાચવાથી સુખી ન થવાય. સુખ પદાર્થોથી મળતું હોય છે. શાંતિ સમજણથી મળતી હોય છે. પદાર્થો અને સાચી સમજણ(સમ્યકજ્ઞાન)નો મેળ કરો. પદાર્થો પુરુષાર્થથી મળતા હોય છે, પુરુષાર્થવાદી બનો સમજણ પ્રભુભજન અને સત્સંગથી મળતી હોય છે. પુરુષાર્થ છોડાવનાર અને સાચી સમજણ વિનાના માણસનો સત્સંગ ન કરો. તે ગેરમાર્ગે દોરી જશે. બધું કર્યા પછી પણ થોડાંક દુઃખો અને થોડીક અશાંતિ તો રહેવાનાં જ. તેને સહન કરી લો. હસતાં-હસતાં. (વધુ આવતા અંકે)

# ભારતીય સંસ્કૃતિ અને સંત પરંપરામાં શ્રાદ્ધ અને પિતૃકર્મ



(-વિનોદભાઈ માછી નિરંકારી દ્વારા)

ભારતીય સંસ્કૃતિ અને સંત પરંપરામાં શ્રાદ્ધ અને પિતૃકર્મ વિશે જુદા જુદા સંતો-વિચારકો અને સંપ્રદાયોના દ્રષ્ટિકોણમાં વિવિધતા જોવા મળે છે. કેટલાક સંતો અને સંપ્રદાયો તેને શાસ્ત્રીય પરંપરા અને કૃતજ્ઞતાના પ્રતીક રૂપે સ્વીકારે છે, જ્યારે ક્રાંતિકારી અને તત્વજ્ઞાની સંતોએ તેની પાછળ રહેલા દેખાડા અને અંધશ્રદ્ધા સામે સખત અવાજ ઉઠાવ્યો છે.

ગુજરાતના પ્રખ્યાત સંત સ્વામી સચ્ચિદાનંદજી મહારાજ તેમના પુસ્તકો,વ્યાખ્યાનો અને વિચારોમાં ધાર્મિક પાખંડો,રૂઢિચુસ્તતા અને અંધશ્રદ્ધાઓ સામે હંમેશાં મુક્તપણે અને તાર્કિક અવાજ ઉઠાવતા રહ્યા છે.શ્રાદ્ધ વિષે તેઓ કહે છે કે મૃત્યુ પામેલા વ્યક્તિઓ-પિતરો પાછળ શ્રાદ્ધના નામે થતા કર્મકાંડો,ભોજન સમારંભો કે ખોટા ખર્ચા કરવા એ મોટે ભાગે દેખાડો અને અંધશ્રદ્ધા સિવાય કશું નથી.તેઓ સ્પષ્ટપણે જણાવે છે કે મૃત પામેલા જીવને આપણે અહીં બેસીને ખવડાવવાથી કશું મળતું નથી.

મૃત્યુ પામેલા માતા-પિતા કે વડીલો પ્રત્યે સાચો આદર વ્યક્ત કરવાનો શ્રેષ્ઠ રસ્તો એ છે કે તેમના જીવનના ગુણોને અપનાવવામાં આવે,તેમના વિચારોને આગળ વધારવામાં આવે અને સમાજસેવા કે પરોપકારના સારા કાર્યો કરવામાં આવે.માણસ હયાત હોય ત્યારે જીવતેજીવ તેની યોગ્ય સંભાળ રાખવી, તેની સેવા કરવી અને તેને માન-સન્માન આપવું એ સૌથી મોટો ધર્મ છે.વ્યક્તિના મૃત્યુ પછી પાછળથી મોટા ડોળ કરીને શ્રાદ્ધ કરવા કરતાં તે જ વ્યક્તિ જીવતી હતી ત્યારે તેની અવગણના ન થાય તે વધુ મહત્વનું છે.

તાર્કિક અને વાસ્તવિક દ્રષ્ટિકોણેં તેમના સાહિત્યમાં અનેક સ્થળે ભારતીય સંસ્કૃતિમાં ઘૂસેલાં બિનજરૂરી કર્મકાંડોની તાર્કિક મીમાંસા કરવામાં આવી છે. તેઓ ધર્મના નામે ચાલતી બાહ્ય ક્રિયાઓ કરતાં આંતરિક શુદ્ધિ, નૈતિકતા અને માનવતાવાદી અભિગમને વધુ પ્રાધાન્ય આપે છે. શ્રાદ્ધ કે પિતૃકર્મ પાછળ આંધળી શ્રદ્ધા રાખીને દોડવા કરતાં જીવતેજીવ વડીલોની સેવા કરવી અને તેમના ઉત્તમ સંસ્કારોને જાળવી રાખવા એ જ સાચું શ્રાદ્ધ કે પિતૃઋણમાંથી મુક્તિ છે.

સંત કબીરદાસજી ભારતીય સંસ્કૃતિના એક એવા મહાન ક્રાંતિકારી સંત હતા,જેમણે ધર્મ અને સમાજમાં ફેલાયેલી અંધશ્રદ્ધાઓ,પાખંડો,જાતિભેદ અને રૂઢિઓ સામે આકરો વિરોધ નોંધાવ્યો હતો.શ્રાદ્ધ અને પિતૃકર્મ વિશે કબીરજીના વિચારો ખૂબ જ સ્પષ્ટ અને તાર્કિક હતા.તેમનું માનવું હતું કે માણસ હયાત હોય ત્યારે તેની કદર કરવી નહીં, તેને ભૂખ્યા રાખવા કે સતાવવા અને તેના મૃત્યુ પછી પિતૃઓના નામે લાખો રૂપિયા ખર્ચીને બ્રાહ્મણો કે કાગડાઓને ભોજન કરાવવું એ નર્યો પાખંડ છે. તેઓ કટાક્ષ કરતા કહેતા કે માણસ જીવતો હતો ત્યારે તેને એક ટંક સમયનું અન્ન કે માન ન મળ્યું અને મર્યા પછી તેના નામ પર ભવ્ય ભોજન સમારંભો યોજવામાં આવે છે-આવો દેખાડો ભગવાન કે પિતૃઓ ક્યારેય સ્વીકારતા નથી.

કબીરજી માને છે કે વ્યક્તિ પોતાના સારા કે ખરાબ કર્મોનું ફળ ખુદ ભોગવે છે.કોઈના મૃત્યુ પાછળ શ્રાદ્ધ કરવાથી મૃતક જીવને કે પિતૃઓને સ્વર્ગ મળે કે તેમનું પેટ ભરાઈ જાય આ વાત તદ્દન ખોટી અને ભ્રામક માને છે. તેમના માટે શ્રાદ્ધ શબ્દનો અર્થ સાચી શ્રદ્ધા સાથે જોડાયેલો છે.જીવતેજીવ વડીલો પ્રત્યે આદરભાવ રાખવો અને સદ્માર્ગે ચાલવું એ જ સાચી શ્રદ્ધાંજલિ છે.જીવતેજીવ માતા-પિતા કે વડીલોની સેવા ન કરનાર વ્યક્તિ મર્યા પછી ગમે તેટલા શ્રાદ્ધ કે તર્પણ કરે,તેનો કોઈ જ આધ્યાત્મિક કે ધાર્મિક અર્થ સરતો નથી.

પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રી દાદા ભગવાન શ્રાદ્ધ પાછળના લૌકિક રિવાજો જેવા કે કાગડાને ખીર ખવડાવવી કે પિતૃઓ નડે છે તેવું માનવું તેને અંધશ્રદ્ધા ગણે છે,તેમના મતે મૃત્યુ પછી જીવ પોતાના કર્મો અનુસાર નવી ગતિમાં ચાલ્યો જાય છે.શ્રાદ્ધની પરંપરા પાછળ મૂળ ઐતિહાસિક અને આયુર્વેદિક હેતુ હતો. ભાદરવા મહિનાના ઋતુ બદલાવ દરમિયાન પિત્ત શમે અને લોકો સામુદાયિક આરોગ્ય જાળવી શકે તે માટે મોસમી ખોરાક દૂધપાક વગેરે એકબીજાને જમાડવાનો સામાજિક રિવાજ શરૂ થયો હતો,જે સમય જતાં શ્રાદ્ધના સ્વરૂપમાં રૂપાંતરિત થઈ ગયો.

ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રી અને સંપ્રદાયના સંતોની રચનાઓમાં જ્ઞાતિ અને કુળના આચાર તથા શાસ્ત્રીય પરંપરા અનુસાર શ્રાદ્ધ વિધિ કરવાનું જણાવ્યું છે.તેમના મતે આ વિધિનો મુખ્ય હેતુ પિતૃઓ પ્રત્યે આદર વ્યક્ત કરવાનો,તેમના ઉપકારોને યાદ કરવાનો અને તેમના ગુણોનું સ્મરણ કરવાનો છે.

આર્યસમાજના સંસ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતીએ પણ શ્રાદ્ધની વર્તમાન રૂઢિઓ મૃતકોને અન્ન પહોંચાડવાની માન્યતાઓ સામે વૈદિક પ્રમાણો આપીને તીવ્ર વિરોધ કર્યો છે,તેમના મતે જે વ્યક્તિ હયાત નથી તેને અહીં બેસીને ભોજન કરાવવું અસંભવ છે.સાચું શ્રાદ્ધ એટલે શ્રદ્ધાપૂર્વક જીવંત માતા-પિતા, ગુરૂજનો અને વિદ્વાનોની સેવા-સત્કાર કરવો.ટૂંકમાં સંતોના આ દ્રષ્ટિકોણોને બે ભાગમાં વહેંચી શકાય. એક વર્ગ તેને પરંપરાગત શ્રદ્ધા-સ્મરણ અને સામાજિક સંસ્કાર માને છે જ્યારે બીજો ક્રાંતિકારી વર્ગ તેને બાહ્ય કર્મકાંડ અને અંધશ્રદ્ધા ગણીને જીવતેજીવની સેવાને જ સાચું શ્રાદ્ધ માને છે.

રીવાજ ખાતર ભલે તમે શ્રાદ્ધ ઉજવતા હો પણ એટલું યાદ રાખજો..ગાય અને કાગડાને ખવડાવેલું ક્યારેય ઉપર પહોંચતું નથી,સ્વર્ગ માટેની હજુ કોઈ ટિફિનસેવા શરૂ થઈ નથી,માવતરને જીવતે જીવત જ બધા સુખ આપી દેજો,ચારેય ધામની જાત્રા સાથે તમારા બધાંય શ્રાદ્ધ ફળશે !

સંત નિરંકારી મિશન તેના પવિત્ર ગ્રંથો અને સદ્?ગુરૂઓના ગુરૂવચનામૃત અનુસાર શ્રાદ્ધ કે પિતૃપક્ષની વિધિઓ બાબતે સ્પષ્ટ અને આધ્યાત્મિક દ્રષ્ટિકોણ રહેલો છે.મિશન અંધશ્રદ્ધા-રૂઢિચુસ્તતા અને બાહ્ય આડંબરને બદલે સાચા આધ્યાત્મિક જીવન અને જીવતેજીવ વડીલોની સેવાસત્કાર પર વિશેષ ભાર મૂકે છે.જીવતેજીવ માતા-પિતા અને વડીલોની સેવા.વ્યક્તિના મૃત્યુ પછી પાછળથી ખાવા-પીવડાવા કે અન્ન-જળના આડંબર કરવા કરતાં તે હયાત હોય ત્યારે તેમની સાચી સેવા કરવી,આદર આપવો અને તેમની સંભાળ રાખવી એ જ સર્વોત્તમ શ્રાદ્ધ છે.જો કોઈ વ્યક્તિ જીવતેજીવ માતા-પિતા કે વડીલોની અવગણના કરે અને તેઓના મૃત્યુ પામ્યા પછી શ્રાદ્ધ કે તર્પણના ભોગ-પ્રસંગો યોજે તો તેને મિશનમાં અર્થહીન માનવામાં આવે છે. સંત નિરંકારી મિશન માનવતાને અંધવિશ્વાસ અને રૂઢિગત કર્મકાંડોમાંથી મુક્ત કરાવવા માટે સતત પ્રેરણા આપે છે.મિશનના વિચારો અનુસાર મૃત આત્માઓ ભોજન કે પિંડદાન ગ્રહણ કરવા માટે પાછી આવતી નથી.આ બધી પરંપરાઓ સમય જતાં સમાજમાં દાખલ થયેલી માન્યતાઓ છે,જેનું આધ્યાત્મિક માર્ગમાં કોઈ સ્થાન નથી.

સદ્ગુરૂની કૃપાથી જ્યારે મનુષ્યને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે તે આખી સૃષ્ટિને એક જ નિરંકાર પ્રભુનું સ્વરૂપ માને છે, તે જ્ઞાની જીવ કોઈ ભ્રમ કે પૂર્વગ્રહોમાં ફસાતો નથી. સંતો-મહાત્માઓ હંમેશાં વચન આપતા હોય છે કે મૃત્યુ એ શરીરનો ધર્મ છે અને આત્મા અવિનાશી છે તેથી આત્માની શાંતિ માટે કોઈ બાહ્ય વિધિ કરતાં પ્રભુભક્તિ-ભજન-સુમિરણ અને માનવસેવા જ સાચું કર્તવ્ય છે.

સંત નિરંકારી મિશન શ્રાદ્ધ કે પિતૃકાર્ય જેવી રૂઢિગત ક્રિયાઓનું સમર્થન કરતું નથી પરંતુ તે જીવતેજીવ સેવા અને મરણોત્તર સદ્વિચારો દ્વારા સન્માને આપવાના સિદ્ધાંત પર ભાર મૂકે છે.

# પારડી તાલુકા વિશેષ

Wednesday 30, September 2026

- પારડી
- ઉદવાડા
- વાઘછીપા
- પરીયા

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ૯૮૭૯૩૭૪૬૦૫

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes.com


## પારડીમાં પીવાના પાણીની સમસ્યાનો અંત આવ્યો



### વસ્તી વધતા પાણીની માંગ વધી, પાર નદી બની પારડીની જીવાદોરી, નવા સંપ-ટાંકી અને પાઇપલાઇનથી મજબૂત વ્યવસ્થાથી શહેરના તમામ વિસ્તારોમાં પાણી સપ્લાય થતુ થયું

(કુલદિપસિંહ દ્વારા)

**પારડી, તા. ૨૯ :** પારડી શહેરની વસ્તી માં ધીમે ધીમે વધારો થયો છે વોર્ડ નંબર એક થી વોર્ડ નંબર સાત સુધી તમામ વિસ્તારોમાં તમામ વિસ્તારોમાં વસ્તી ની દ્રષ્ટિએ સોસાયટીઓ પણ વિકસિત થઈ છે પારડીના પૂર્વ અને પશ્ચિમ બે ભાગ પડે છે જેમાં પૂર્વ ભાગમાં બજાર આવે છે અને પશ્ચિમ ભાગમાં સોસાયટીઓ મોટાભાગે આવે છે વસ્તીની દ્રષ્ટિએ પીવાના પાણીની માંગ પણ એટલી જ વધી છે પારડીમાં અને લોકો પીવાના પાણીનું કનેકશન નગરપાલિકાના વેરા વિભાગ દ્વારા લઈને દરરોજ પીવાનું પાણી મેળવી રહ્યા છે તો પીવાના પાણી માટે ખાસ જો મુખ્ય ભૂમિકા હોય તો પાર નદીની છે પાર નદી પારડીની જનતા માટે જીવાદોરી સમાન છે કારણ કે વર્ષોથી પારનદી માંથી પાણી લઈને એને ફિલ્ટર કરીને પારડીની જનતાને પાલિકા દ્વારા પહોંચાડવામાં આવે છે હાલમાં ઉનાળાની સિઝન ચાલી રહી છે અને ઉનાળામાં પાણીની તંગી સર્જાઈ જતી હોય છે પરંતુ પારડી માં આ વખતે ઉનાળા દરમિયાન કોઈ ખાસ પીવાના પાણીની સમસ્યા સામે આવી નથી પીવાના પાણીની સમસ્યાનો જળમુળ થી નિકાલ થાય એ માટે પારડીના લોકપ્રિય ધારાસભ્ય અને નાણામંત્રી કનુભાઈ દેસાઈ પહેલાથી ચિંતિત છે એટલા માટે તેઓએ પીવાના પાણી માટે ખાસ આયોજન કર્યું છે પણ નદીના પાલિકાના પંપીંગ સ્ટેશન પાસે પીવાના પાણીનો સંગ્રહ થઈ શકે અને પંપિંગ સ્ટેશનથી ડાયરેક્ટ પીવાનો પાણી ફિલ્ટર પ્લાન્ટમાં લઈ શકાય એ માટે નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે અને ટૂંક સમયમાં સંપ બનીને રેડી થઈ જશે પીવાના પાણીની સમસ્યા નિકાલ કરવા માટે વાજપાઈ શહેરી વિકાસ યોજના હેઠળ અગાઉ ફિલ્ટર પ્લાન બનાવવામાં આવ્યો હતો જે ફિલ્ટર પ્લાન હાલ પણ ચાલુ છે અને ખૂબ જ સુંદર પીવાના પાણીની સપ્લાય કરવામાં આવી રહી છે બીજી તરફ શહેરી વિકાસ ગુજરાત રાજ્ય દ્વારા નવો ફિલ્ટર પ્લાન બનાવવામાં આવ્યો છે નવી ટાંકીઓ બનાવવામાં આવી છે જે પણ કાર્યરત છે અને ખૂબ જ સુંદર રીતે પાર નદીમાંથી સાદુ પાણી લઈને ફિલ્ટર ની -નેસેસ કરવામાં આવે છે અને એ પાણી કિલ્લા પર બનાવવામાં આવેલ નવી ટાંકીમાં નાખવામાં આવે છે પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈના પ્રયત્નથી કિલ્લાના ઉપર નવી ટાંકીઓ બનાવવામાં આવી છે જે નથી હવે પશ્ચિમ વિભાગમાં અને પૂર્વ વિભાગમાં બંને વિસ્તારોમાં ખૂબ જ ફોર્સમાં પાણી જાય છે અને એપાર્ટમેન્ટમાં પણ પીવાનું પાણી ચડી જતું હોય છે પીવાના પાણી અંગે ખાસ વાત કરીએ તો છેવાડે આવેલ નીલકંઠ સોસાયટી કે જ્યાં ખૂબ મોટી સમસ્યાથી લોકોને જમીનમાંથી પીવાનું પાણી નીકળતું નથી ત્યારે પાલિકાના પાણીમાં જ નિર્ભર રહેવા પડતું હતું. પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈના પ્રયત્નો થકી નવી પીવાના પાણીને લાઈન નાખી દેવામાં આવતા આ વિસ્તારની સંપૂર્ણ પીવાના પાણીની સમસ્યા દૂર થઈ ગઈ છે. કિલ્લામાં બનાવવામાં આવેલ ટાંકી થકી રાબેતા મુજબ દરેક વિસ્તારોમાં વહેલી સવારના અને સાંજના પીવાના પાણીની દરરોજ સપ્લાય પારડી નગરપાલિકાના વાટર વિભાગ દ્વારા કરવામાં આવે છે પોણીયા વિસ્તાર ભેંસલા પાડ વિસ્તાર નાની મસાણી વિસ્તાર હનુમાન ડુંગરી વિસ્તાર સ્વાધ્યાય મંડળ વિસ્તાર આ વિસ્તારોમાં પીવાના પાણીની ખાસ સમસ્યાથી પરંતુ આ વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા દૂર કરી દેવામાં આવી છે પાઈપલાઈનનો કરી દેવામાં આવી છે અને ડોર ટુ ડોર પીવાના પાણીની સપ્લાય કરવામાં આવી રહી છે હાલમાં નગરપાલિકાના પ્રમુખ ચેતનભાઇ નાયકા ઉપપ્રમુખ ફાલ્ગુનીબેન ભટ્ટ કારોબારી અધ્યક્ષ ચેતનભાઇ ભંડારી સાથે વોટરબોક્સ ચેરમેન જીગ્નેશભાઈ પટેલ શહીત તમામ વોર્ડના સદસ્યો પીવાના પાણીની સમસ્યાના નિકાલ માટે સુંદર કામગીરી કરી છે જેથી પીવાના પાણીની સમસ્યાનો નિકાલ થયો છે હજી જ્યાં નથી પહોંચી રહ્યો છે.

ત્યાં પહોંચાડવાની પૂરેપૂરી કોશિશ થઈ રહી છે. ટૂંકમાં પારડી ના ધારાસભ્ય કનુભાઈ દેસાઈ નો સ્વપ્ન હતો કે પારડીમાં પીવાના પાણીની સમસ્યા સંપૂર્ણપણે દૂર કરવામાં આવે જેથી પ્રોજેક્ટ ચલાવવામાં આવ્યો હતો જે પ્રોજેક્ટ હવે સફળ થયા છે અને પીવાના પાણીની સમસ્યા પારડીમાં ધીમે ધીમે દૂર થઈ ગઈ છે આપણે વાત કરીએ તો ભારતીય જનતા પાર્ટી ૧૯૯૫ થી ૨૦૨૬ સુધી સતત પારડી નગરપાલિકા પર સત્તા પર છે અને ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો સ્પષ્ટ બહુમતીથી ચૂંટાઈ આવતા આવ્યા છે.

જોવા જાય તો પારડી ના નગર વિકાસનો સંપૂર્ણ પાયો ભારતીય જનતા પાર્ટીએ નાખ્યો છે અને પીવાના પાણીની સમસ્યાનો સંપૂર્ણપણે ભારતીય જનતા પાર્ટી એ નિકાલ કરી દરેક વિસ્તારોમાં ડોર ટુ ડોર પીવાના પાણી ની સપ્લાય કરી છે. જે ખરેખર આજે જ્યારે વસ્તીમાં વધારો થયો છે અને ખાસ કરીને પારડી વિસ્તારમાં આદિવાસી વસ્તી છે ત્યારે આદિવાસી વસ્તુઓમાં પણ પીવાના પાણીની જોર સોર થી સપ્લાય કરવામાં આવી રહી છે પીવાના પાણી ની સમસ્યા નહીં રહે એ માટે પાલિકા દ્વારા વિવિધ પ્રોજેક્ટ પણ અમલમાં મૂકવામાં આવ્યા છે જેમાં નવા સંપ નવી ટાંકી નવી પાઈપલાઈન વગેરે કામો ઝડપથી હાથમાં લઈ લેવામાં આવ્યા છે બાંધકામ ચેરમેન પ્રણવભાઈ દેસાઈ અને ટાઉન પ્લાનિંગ ચેરમેન સિરીશભાઈ પટેલ સાથે તમામ ભારતીય જનતા પાર્ટીના નગરસેવકો પીવાના પાણીની સપ્લાય ચોક્કસ દરરોજ થાય તે માટે દરરોજ પ્રયત્ન કરી રહ્યા છે

અને પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈ ના જનતા પ્રત્યેના પ્રેમ માટે દરેક કાર્યો કરી રહ્યા છે અને જનતાને કરેલા વચનો પૂર્ણ કરી રહ્યા છે ટૂંકમાં પારડીમાં સંપૂર્ણપણે પીવાના પાણીની સપ્લાય દરેક વિસ્તારોમાં રાબેતા મુજબ શરૂ કરી દેવામાં આવી છે અને પીવાના પાણીની ચોક્કસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે જેથી લોકોને પીવાના પાણીની સમસ્યા રહી નથી ચોમાસામાં પણ પીવાનો પાણી રાબેતા મુજબ બંને સમય આપવામાં આવી રહ્યો છે આ વિવિધ યોજનાઓ થકી લોકોને રાહત મળી છે અને પીવાની પાણીની સપ્લાય લોકોને મળતા લોકોની સમસ્યાનો નિકાલ થયો છે.

## પારડીમાં તળાવની પાળે ૪૮ વેન્ડરોને નવી કેબિન મળશે

### ૯૯ એકરના તળાવની પાળ આકર્ષણનું કેન્દ્ર બનશે, વોક-વે-બ્યુટિફિકેશનની તૈયારી : વિકાસ માટે પાલિકાની કવાયત તેજ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૯ :** પારડીમાં ૯૯ એકરના તળાવની પાળ પાસે શાકભાજી માર્કેટનો વ્યવસાય કરતાં વેન્ડરોને નવી સુવિધા માટે પારડી પાલિકા દ્વારા કવાયત ચાલી રહી છે નાણામંત્રી કનુભાઈ દેસાઈના પ્રયાસથી શાકભાજી માર્કેટ પાસે ૪૮ જેટલા વેન્ડરોને ૫ બાય ૮ ફુટની કેબિનો ફાળવામાં આવશે. જે તે સમયે કરેલા ઠરાવોમાં ૪૮ વેન્ડરોના નામ નક્કી કરવામાં આવ્યા હતાં. પાલિકા દ્વારા દોઢથી બે માસમાં આ સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. જેથી વેન્ડરોને રાહત થશે. પારડી પાલિકા દ્વારા સ્વર્ણિમજયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતગર્ત તળાવની પાળપર શાકભાજી માર્કેટમાં બેસતા વેન્ડરોને નવી સુવિધા ઉપલબ્ધ થશે. નાણામંત્રી અને પારડીધારાસભ્ય કનુભાઈ દેસાઈનીએમએસની ૪૮ કેબિનની ફાળવણી કરવામાં આવશે. જે તે સમયે શાકભાજીના વેન્ડરો હતા. શાકભાજી વેચતા લોકોની યાદી તૈયાર કરવામાં આવી હતી.આ લિસ્ટ મુજબ કેબિન ફાળવામાં આવશે. ૫ બાય ૮ના કેબિન આપવામાં આવશે. જગ્યા ફીક્સ થઈ જશે. આગામી એકથી બે માસમાં આ કામગીરી પૂર્ણ થશે. તળાવની પાળ પર પાર્ટી પ્લોટ પણ બની રહ્યો છે. પારડી શહેરમાં પાર્ટી પ્લોટથી લોકોને દબાણકર્તાઓને ૩૦ સપ્ટેમ્બર સુધીનો સમય અપાયો છે.પારડી તળાવની પાળ પર શેડ અને બાંધકામના દબાણો હટાવવા પાલિકાએ નોટિશો જારી કરી છે. તળાવની પાળ પર દબાણો હટાવવા માટે દબાણકર્તાઓને ૩૦ સપ્ટેમ્બર સુધીની મુદત આપવામાં આવી છે. ત્યારબાદ પારડી પાલિકા દ્વારા ડિમોલિશનની કામગીરી કરવામાં આવશે.આ સ્થળે વોક વે બ્યુટિફિકેશન સહિતના પ્રોજેક્ટો પાલિકા દ્વારા હાથ ધરવામાં આવનાર છે. જેથી પારડી તળાવના પાળને વિકસાવવાના પ્રયાસો તેજ થયાં છે રાહત થશે તળાવમાં ગાર્ડન, વોક વે સહિતની સુવિધા પણ ઉપલબ્ધ છે ધીમે-ધીમે પારડી શહેરના ઐતિહાસિક ૯૯ એકરના તળાવની પાળને વિકસાવમાં આવી રહી છે જો કે આ દરેક પ્રોજેકટની યોગ્ય માવજત કરવામાં આવે તે જરૂરી છે.

## પારડી પાલિકા દ્વારા ગણેશ વિસર્જન બાદ પાર કિનારે સફાઈ કરાઇ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૯ :** પારડી નગર પાલિકા દ્વારા ગણેશ વિસર્જન દરમિયાન થયેલ ગંદકી નો નિકાલ કરવામાં આવ્યો હતો જેમાં પારનદી કિનારે સાફ સફાઈ કરી તેમજ ચાર રસ્તા થી ચંદ્રપુર સુધી સફાઈ ચારરસ્તા બ્રિજ પાસેથી રામચોક લીમડાચોક મેઈન બજાર રોડ ચીવલ રોડ વાલ્મિકીવાસ સુધી અને શાકભાજી માર્કેટ કુંભારવાડ સૈયદ સ્ટીટ બાલાખાડી સુધી મેઈન રોડની અને દમણીજાપા થી વલસાડી ઝાંપા સુધી પારડી નગરપાલિકાના સફાઈ કર્મચારીઓ પાસે સફાઈ કરાવી હતી માર્ગદર્શન મુજબ ચીફ ઓફિસર કોમલબેન ધિન્નેયા, પ્રમુખ ચેતનભાઈ નાયકા, આરોગ્ય ચેરમેન કિરણભાઈ પટેલ, સેનેટરી ઈસ્પેકટર મેહુલભાઈ પરમાર, સુપરવાઈઝર પંકજકુમાર ગરણીયા તેમની ટીમ સાથે સફાઈ કરવામાં આવી હતી.

## પારડી પાલિકા દ્વારા ઓક્ટોબરથી વેરામાં દોઢ ટકા વ્યાજ ઉમેરાશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૯ :** પારડી નગરપાલિકા ના વેરા વિભાગ દ્વારા સપ્ટેમ્બરમાં સુધી વેરા ભરવાની રકમમાં નાગરિકોને છૂટ આપવામાં આવી હતી. હવે પારડી નગરપાલિકાના વેરા વિભાગ દ્વારા પહેલી ઓક્ટોબરથી સરકારના નિયમ મુજબ દોઢ ટકા વ્યાજ વેરાની રકમમાં વસૂલવામાં આવશે પાલિકાના વેરા વિભાગ દ્વારા પાણી વેરા લાઈટ વેરા ઘર વેરા શિક્ષણ વેરા વગેરે વસુલાત વોર્ડ નંબર એક થી સાત સુધી કરવામાં આવે છે સપ્ટેમ્બરની ૩૦ તારીખ સુધી નાગરિકોને વેરા ભરવા માટે વિવિધ છૂટ આપવામાં આવી હતી હવે પહેલી ઓક્ટોબરથી સરકારના નિયમ અનુસાર નાગરિકોના વેરામાં દોઢ ટકા વ્યાજ ઉમેરવામાં આવશે પાલિકાની મુલાકાત લેતા જાણકારી પાલિકાના વેરા વિભાગના કર્મચારી રશ્મીબેન પ્રજાપતિ અને અભિષેક પુરોહિત એ જણાવ્યું હતું કે ઉપરોક્ત વ્યાજ પહેલી ઓક્ટોબરથી લાગુ કરવામાં આવશે જેથી હવે જે નાગરિકો વેરાની રકમ ભરશે એમના પાસેથી વ્યાજ વસૂલ કરવામાં આવશે જેથી વહેલી તકે નાગરિકોએ વેરાની રકમ ભરી જવા માટે તેમણે અપીલ કરી છે વેરા નહિ ભરનારાઓ સામે પારડી નગરપાલિકા વિવિધ પગલાં લઈ રહી છે અને જરૂરી કાર્યવાહી કરી રહી છે.

## પારડી પોલીસે હાઈવે પરથી વાહનોનો ખડકલો હટાવ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૯ :** પારડી પોલીસ સ્ટેશન સામે રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર ૪૮ ના સર્વિસ રોડ ઉપર પારડી પોલીસ મથકમાં પકડાયેલા વિવિધ ગુનાના વાહનો પાર્કિંગ કરતા મુશ્કેલી સર્જાઈ હતી જે સમસ્યાના નિકાલ માટે શાંતિ સમિતિની બેઠકમાં રજૂઆત કરવામાં આવતા પારડી પોલીસે સંપૂર્ણપણે વાહનો સર્વિસ રોડ પરથી ઉઠાવી લીધા છે અને રોડ ખાલી કરી દેવામાં આવતા આ વિસ્તારમાંથી પસાર થતા વાહનચાલકોને ખૂબ જ મોટી રાહત મળી છે પારડી પોલીસ દ્વારા તાત્કાલિક ધોરણે તમામ વાહનોને સર્વિસ રોડ ઉપર થી અન્ય ખસેડી લેવામાં આવતા સમસ્યાનો સંપૂર્ણ નિકાલ થઈ ગયો છે પારડી પોલીસના પીઆઈબી ગોહિલ અને એમની ટીમ એ લોકોની સમસ્યાને ધ્યાનમાં રાખી તાત્કાલિક સર્વિસ રોડ ખાલી કરાવી નાખ્યો છે જેથી લોકો એમનો આભાર વ્યક્ત કર્યો છે.

## પારડીમાં વોર્ડ-૧ના યુવાનો દ્વારા ધરાશાયી ઘર ફરી ઉભુ કરવાની કમાગીરી શરુ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૯ :** તા. ૩૧/૦૭/૨૦૨૬ ના રોજ ભારે વરસાદના કારણે પારડી નગરપાલિકાના વોર્ડ નંબર ૧ માં કોલેજની બાજુમાં રહેતાં ચંપાબેન અર્જુનભાઈ પટેલનું ઘર ધરાશાયી થયું હતું સરકાર તરફથી મળવાપાત્ર સહાય યોગ્ય સમયે મળી શકે તેમ ન હોવાથી ચંપાબેનને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો આવા કપરા સમયમાં તા. ૨૭/૦૯/૨૦૨૬ ના રોજ વોર્ડ નંબર ૧ ના નગરસેવક શિરીષભાઈ પટેલ પ્રણવભાઈ દેસાઈ, યુવા મોરચાના જૈનિલ દેસાઈ તેમજ બાલાખાડીના મિત્રો સુરેન્દ્રભાઈ, પ્રિતેશભાઈ, તુષારભાઈ, અનુરાગભાઈ, ગૌરવભાઈ, જીન્યો, હાર્દિક, ધવલ, રુચિત, હિરેન, સાગર , કુણાલ, નેહલ, હેત, તરુણભાઈ, પ્રણવ પટેલ, મોન્ટુ,સાવનભાઈ સહિતના તમામ ભાઈઓએ એકજૂથ થઈ ફાળો એકત્રિત કર્યો હતો. આ ફાળાની રકમમાંથી ચંપાબેનના ઘર માટે પતરાં, સિમેન્ટની થાબલીઓ તથા લોખંડની ચેનલો ખરીદી કરી તેમને ઘર ફરીથી ઊભું કરી આપવાની ખાતરી આપી હતી અને કામ ચાલુ કરી દેવામાં આવ્યું છે આ સેવાકાર્ય માત્ર એક ઘર બનાવવાની પહેલ નથી, પરંતુ મુશ્કેલીના સમયે એક પરિવારની પડખે ઊભા રહેવાની માનવતા, ભાઈચારો અને સામાજિક જવાબદારીનું જીવંત ઉદાહરણ છે.

## ઉદવાડા શાંતાબા સ્કુલમાં સ્વ. શાંતાબા કાંતિલાલ ગાંધીને શ્રદ્ધાંજલિ અપાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૯ :** પારડી તાલુકાના ઉદવાડા રેલવે સ્ટેશન પાસે આવેલ શાંતાબા સ્કૂલમાં સ્વર્ગવાસ શાંતાબા કાંતિલાલ ગાંધી ની પુણ્યતિથિ નિમિત્તે ભાવભીની શ્રદ્ધાંજલિ શાળા પરિવાર અને બાળકો દ્વારા આપવામાં આવી હતી એક માતાનું સ્વપ્ન એક પુત્રનું સંકલ્પ અને હજારો બાળકોનું ઉજવળ ભવિષ્ય શાંતાબાનું એક સુંદર સપન હતું કે, તેમના અને આસપાસના વિસ્તારમાં બાળકોને ગુણવત્તા સભર અંગ્રેજી માધ્યમનું શિક્ષણ બધા જ વર્ગના બાળકોને મળે અને અનેક બાળકોના જીવનમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાય આજે તેમના પુત્ર અમારા એવા ટ્રસ્ટી કિશોરભાઈ કે ગાંધીએ સંકલ્પ પોતાના અથાગ મહેનત અને સમર્પણથી એમની માતાનું સપનું સાકાર કર્યું છે.

સાથે તેમણે બાળકોને પોતાના માતા પિતાના સપનાઓ અને આશીર્વાદની કિંમત સમજી જીવનમાં તેમના ત્યાગને સાર્થક કરવાની શીખ આપી હતી શાંતાબાના બાળકો અને શિક્ષકોએ શાંતાબાની સ્મૃતિ સામે પુષ્પ અર્પણ કરી એમના આશીર્વાદ લીધા હતા. શાળાના આચાર્ય આકાંક્ષા ગાંધી એ બાળકોને જણાવ્યું કે શાંતાબા આજે આપણા વચ્ચે ભૌતિક રીતે હાજર નથી પરંતુ તેમના વિચારો સંસ્કાર અને શિક્ષણ માટેની તેમની ભાવનાપણ આપણા દરેક કાર્યમાં જીવંત છે.

શિક્ષકો તરફથી અપાતું સમર્પણ અને જ્ઞાન અને દરેક વિદ્યાર્થીની આંખોમાં દેખાતું સફળ ભવિષ્ય એ જ શાંતાબાને આપવામાં આવતી સાચી શ્રદ્ધાંજલિ છે.

સાથે આજના પેઢીના વિદ્યાર્થીઓને એક અમૂલ્ય સંદેશ આપ્યો કે માતા-પિતાનું સન્માન માત્ર તેમના ચરણસ્પર્શ કે શબ્દોમાં નથી પરંતુ તેમના સપના સમજાવવામાં તેમના સંસ્કારને જીવનમાં ઉતારવાના અને તેમને

## પારડીના મોક્ષરથને આધુનિક રૂપ મળશે

### પારડીમાં માનવસેવાની અનોખી પહેલ : ધારાસભ્ય કનુભાઈ દેસાઈની રૂ. ૧૦ લાખની ગ્રાન્ટ મંજુર

માનવસેવા એ જ પ્રભુની સેવા એવા મંત્રને ઘણા લોકો સાર્થક કરી રહ્યા છે અને એવા લોકો પણ છે કે જે સમાજની સેવા થઈ એમને કંઈ લેવાદેવા નથી પરંતુ જે માનવસેવા એ જ પ્રભુ સેવાના મંત્રને માનીને ચાલી રહ્યા છે એ લોકો સમાજની સેવા માટે તત્પર જોવા મળી રહ્યા છે. વાત કરીએ પારડીની કે જ્યાં એક સમયમાં અવકાશ હતું. સેવાના નામે મીંડું હતું પરંતુ એવા સેવાભાવી યુવાનો પારડીના ઉભરીને બહાર આવ્યા કે જેમણે સેવાના નામે મીંડુ ના બદલે સેવાના નામે સૌ ટકા કામગીરી કરી બતાવ્યું કે ખરેખર યુવાનો ઘરે એમ કરી શકે છે. આજે જ્યારે લાખો રૂપિયાનો ખર્ચો કોઈપણ વસ્તુમાં થતો હોય છે અને લાખો રૂપિયા ક્યાંથી મેળવવા એ સવાલ આવી જાય છે પરંતુ પારડીના દાનવીરોએ કરી બતાવ્યું કે ખરેખર જાન ગુપ્ત હોવા જોઈએ હું વાત કરી રહ્યો છું મોક્ષરથ સમિતિ દ્વારા કરવામાં આવી રહેલા સેવાકીય કાર્યોની કે જેમણે પારડી પંથકમાં એક એવી સેવા ઊભી કરી કે જનતાને ખૂબ જ ઉપયોગી નીવડી છે મોક્ષરથ સેવા સમિતિના યુવાનો ને વિચાર આવ્યો કે ખરેખર લોકો ને કંઈક એવી વસ્તુ આપવા જોઈએ કે જે હંમેશા લોકોને ઉપયોગી થઈ શકે મોક્ષરથ સમિતિના યુવાન અમિતભાઈ પટેલ યોગેશભાઈ પટેલ કિર્તીભાઈ ભંડારી સાથે અન્ય અસંખ્ય યુવાનો ભગીરથ કાર્યમાં જોડાયા અને સ્વાધ્યાય મંડળ ખાતે મોક્ષ રથ નિર્માણ કરવામાં આવ્યું અને જનતા વચ્ચે મોક્ષ રથને સેવા માટે મૂકવામાં આવ્યું અને અસંખ્ય લોકોએ મોક્ષ રથનો ઉપયોગ એમના સ્વજનો અંતિમ ક્રિયા માટે ઉપયોગમાં લીધો અને સેવા સાર્થક બની છે આજે દરેક સમાજના લોકો મોક્ષ રથનો ઉપયોગ કરી રહ્યા છે અને લોકોને સરળતાથી છે પહેલા પરિસ્થિતિ આવી હતી કે ટ્રેક્ટરમાં અને ટેમ્પામાં પોતાના સ્વજનોના મૃતદેહને સ્મશાન સુધી પહોંચાડવા માટે લઈ જવા તો હતો પરંતુ હવે મોક્ષ રથ એટલે કે એક એવો વાહન કે જે સંપૂર્ણ સુવિધાઓથી સજ્જ છે અને મૃતદેહને લઈ જવામાં સરળતા થઈ રહી છે હવે આ રથ માટે જો કોઈએ અમૂલ્ય દાન આપ્યો હોય તો દાનવીરો તો મુખ્ય ખરા જ કે જેવો સમાજની સેવા કરી રહ્યા છે પરંતુ એક વાત ચોક્કસ કહીશ કે પારડી ના લોકપ્રિય ધારાસભ્ય અને નાણામંત્રી કનુભાઈ દેસાઈ નો મુખ્ય ફાળો રહ્યો છે રાજેન્દ્રભાઈ દેસાઈ તેઓએ પણ મુખ્ય ફાળો આપ્યો હતો જતીનભાઈ દેસાઈ એ પણ મુખ્ય ફાળા આપી રહ્યા છે એવા તો અનેક જાનવરો છે કે જે આ ભગીરથ કાર્યમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે આ તો થઈ જુના મોક્ષ રથની વાત કે કઈ રીતે યુવાનોએ સમાજને એક સેવા કાર્ય સાથે જોડી અમૂલ્ય ભેટ આપી છે અમિતભાઈ પટેલ ના જણાવ્યા મુજબ મોક્ષરથ ફરીથી નવા આધુનિક નિર્માણ સાથે ખરીદી કરવાની વિચારણા ચાલી રહી છે જે માટે અમિતભાઈએ પારડીના લોકપ્રિય ધારાસભ્ય કનુભાઈ દેસાઈને રજૂઆત કરતા કનુભાઈ દેસાઈએ તાત્કાલિક પોતાની ગ્રાન્ટમાંથી રૂપિયા દસ લાખ પાસ કરી આપ્યા છે અને નવા આધુનિક મોક્ષ રથની ખરીદી માટેનો રસ્તો ખુલ્લો થઈ ચૂકચો છે કનુભાઈની ખેલ દિલી અને જનતાની સેવા કરવાની એમની ભાવના થકી તેઓ દરેક સમાજમાં લોકપ્રિય બન્યા છે કોઈપણ નાના-મોટા કાર્યમાં તેઓ તાત્કાલિક સહયોગ આપતા હોય છે અને જૂના મોક્ષ રથ માટે તેઓએ પાંચ લાખ રૂપિયા આપ્યા હતા. હવે નવા મોક્ષરથ માટે તેઓએ દસ લાખ રૂપિયા જેવી મોટી રકમ પોતાની ગ્રાન્ટ માંથી ફાડવી આપી છે ખરેખર કનુભાઈ દેસાઈના સહયોગ થકી આજે લોકો આધુનિક સુવિધા ભોગવી રહ્યા છે અને હવે અતિ આધુનિક મોક્ષરથ નિર્માણ માટે તેઓએ દસ લાખ રૂપિયા જેવી મોટી રકમ આપી છે પારડી જેવા નાનકડા ગામમાં એક સુંદર સેવાકીય સેવાનો લાભ દરેક સમાજના હિન્દુ સમાજના લોકોને પ્રાપ્ત થયું છે યુવાનોની મહેનત સફળ થઈ છે જિલ્લા કલેકટર થકી પાલિકાના ચીફ ઓફિસર પાસે ગ્રાન્ટ પાસ થયા નો લેટર પર પહોંચી ગયો છે આ સમગ્ર બાબતની ચર્ચા સમગ્ર ગામમાં ચાલી રહી છે કનુભાઈ દેસાઈ ને સત સત નમન લોકો કરી રહ્યા છે કે દરેક જરૂરી કાર્યમાં દરેક સેવાકીય કાર્યોમાં તેઓ હંમેશા હાજર રહેતા હોય છે રાત્રે ૧૦૦ વાગ્યા સુધી પણ તેઓ દરેક ગણેશ મંડળમાં ફરતા હોય છે અને લોકોને મળીને એમની સમસ્યાના નિકાલ કરતા હોય છે. જેમ કેન્દ્રમાં સમગ્ર દેશનું સંચાલન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી કરી રહ્યા છે તેમ પારડી વિધાનસભામાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ના દરેક સેવાકીય કાર્યને વધુ અને વધુ સફળ બનાવવા માટે ધારાસભ્ય કનુભાઈ દેસાઈ દરેક સમાજને એક જૂટ કરી એમનાથી થતા તમામ પ્રયાસો કરી રહ્યા છે ૧૦,૦૦,૦૦૦ જેવી માતબર રકમ તેઓએ એમના ગ્રાન્ટમાંથી ફાળવી આપતા નવા આધુનિક મોક્ષરત બનાવવાના કાર્યને વેગ મળી ચૂક્યો છે.

અને ટૂંક સમયમાં અન્ય દાતાઓના સાકાર થી આધુનિક મોક્ષ રથ સુવિધા પારડી પંથકના લોકો પ્રાપ્ત કરી શકશે લોકો એમ માનતા હશે કે ધારાસભ્ય કનુભાઈ દેસાઈ ની વાહ વાહ થઈ રહી છે પરંતુ વાહ વાહ પાછળ એમના કાર્યો છે એમના વિકાસના કાર્ય સેવાકીય કાર્ય ની વાહ વાહ કરવી સ્વાભાવિક છે પારડી પંથકના યુવાનો એમના કાર્યોને અભિનંદન પાઠવી રહ્યા છે.



પારડીનો પત્ર

કુલદિપસિંહ રાજપુત, પારડી

## પારડી તળાવની પાળ પર આખલા યુદ્ધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૯ :** પારડી સ્થિત જાણીતા ઐતિહાસિક ૯૯ એકર તળાવના પાણી વચ્ચે બે બળદ અચાનક સામસામે આવી ગયા હતા અને તેમની વચ્ચે જોરદાર યુદ્ધ શરૂ થયુ હતું. મુખ્ય માર્ગો પર આખલાઓની લડાઈથી લોકો સામાન્ય રીતે દૂર ભાગતા હોય છે અને ભયનો માહોલ સર્જાય છે પરંતુ પાણીની અંદર ખેલાયેલું આ વોટર વોર જોવા માટે ત્યાંથી પસાર થતા રાહદારીઓ અને સ્થાનિક લોકો થંભી ગયા હતા. પાણીમાં ખેલાયેલા આ રોમાંચક યુદ્ધને જોવા માટે લોકોના ટોળેટોળાં કિનારે એકઠા થઈ ગયા હતા અને લોકોએ આ અનોખા દ્રશ્યોને પોતાના કેમેરામાં કેદ કર્યા હતા.

# અન્ય સમાચારો

Wednesday 30, September 2026
દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઈમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Wednesday 30, September 2026

## ટ્રમ્પ-જિનપિંગ મંત્રણા

ચીનના રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગની અમેરિકા યાત્રાને આંતરરાષ્ટ્રીય સ્તરે ખૂબ મહત્ત્વ મળ્યું. ખુદ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના પત્ની મેલેનિયાને લઈને શી દંપતીના સત્કાર માટે એરપોર્ટ દોડી ગયા.. ૨૧ તોપની સલામી અપાઈ... વ્હાઈટ હાઉસમાં શાનદાર પાર્ટી... એકંદરે ચમકદમક અને મહેમાનનવાજી એવી લાગી કે ટ્રમ્પ તેમના ચીની સમકક્ષ પર ન્યોછાવર ગઈ ગયા છે. દ્વિપક્ષીય વાટાઘાટે હકારાત્મક ટોનમાં સંપન્ન થયાની જાહેરાત કરાઈ. જિનપિંગે કહ્યું કે, બંને દેશ વિશ્વની મહાસત્તા છે. તેમના વચ્ચે સ્પર્ધા નહીં, પણ મિત્રતા હોય એ દુનિયા માટે ફાયદાકારક છે. મીડિયામાં આવું બધું દેખાયું, જોવાયું, છપાયું પણ રાજદ્વારી નિષ્ણાતો માને છે કે, શિખર બેઠકની કોઈ નક્કર ફળશ્રુતિ જોવા નથી મળી. હાથ ઉષ્માસભર રીતે મળ્યા, પણ દિલ નથી મળ્યાં... દુનિયાના બે સૌથી વિશાળ અર્થતંત્ર ગાઢ રીતે એકબીજા સાથે જોડાયેલા છે. આ મુલાકાત વખતે બન્ને નેતાઓની શારીરિક ભાષાની ચર્ચા થઈ. ટ્રમ્પની વાતચીતમાં ઉમળકો હતો, સામાન્ય રીતે ડોનાલ્ડ આટલા નમતા નથી, પણ શી જિનપિંગ કાંતિલ ઠંડા સ્મિત અને મૌન સાથે રહ્યા. અહીં ૨૦૧૪ની જિનપિંગની ગુજરાત મુલાકાતની યાદ તાજી થઈ. શી જિનપિંગ અમદાવાદ સજોડે આવ્યા. વડાપ્રધાન તરીકે નરેન્દ્રભાઈ મોદીનું પહેલું વર્ષ હતું અને તેમણે શીને સજોડે હીંચકે ઝુલાવ્યા. ગુજ્જુ વાનગીઓ ખવડાવી... બન્ને દેશ વચ્ચેનું અંતર ઓછું થશે એવી ઉમ્મીદ બંધાઈ, પણ ચીને પોતાની ફિતરત કયાં બદલી? ગલવાન સંઘર્ષ અને પાકિસ્તાનને થાબડવાની નીતિઓને બીજિંગ વળગી રહ્યું છે. ટ્રમ્પ માટે પણ તેમની સરકારના-પક્ષના વડેરાઓએ એવો મત દર્શાવ્યો કે, શ્રીમાન પ્રેસિડેન્ટે આટલો અતિ ઉત્સાહ કે અતિ ઉમળકો બતાવવાની કોઈ જરૂર નહોતી. ટ્રમ્પ-શી મંત્રણાનું એક પરિણામ એ આવ્યું કે, અમેરિકાએ રશિયન તેલ મગાવનાર દેશો પર લાગુ કરેલો ૧૦૦ ટકા ટેરિફ બે મહિના મોકૂફ રાખ્યો, પણ બંને દેશના મતભેદ અને પ્રતિદ્વદ્વિતા જેમનાતેમ છે. અમેરિકાએ ચીન પર કેટલાય આકરા ટેરિફ ઝીંક્યા છે. ચીન દ્વારા અમેરિકી માલસામાન ખરીદીની નીતિનો વિવાદ, રેયર - અર્થ સપ્લાય અને ચીનને અપાનારી ઉચ્ચ ટેકનોલોજી પર અમેરિકાએ પ્રતિબંધ મૂકેલા છે. ઈરાન સાથેનાં યુદ્ધમાં ચીન હંમેશાં અખાતી દેશનું પક્ષકાર રહ્યું છે. અલબત્તે દુનિયાના બે મહાન રાષ્ટ્રના વડાઓ આટલી નિકટતાથી મળ્યા એનું મહત્ત્વ ઓછું આંકી ન શકાય. દુનિયાના અનેક ખૂણામાં યુદ્ધ ભડકી રહ્યાં છે. એ સ્થિતિમાં સામર્થ્યવાન દેશ કે તેના નેતાઓ વચ્ચે વૈચારિક આદાનપ્રદાન ફાયદાકારક જ માનવું રહ્યું. ચીન તાઈવાન મુદ્દે મક્કમ છે. શી જિનપિંગે અમેરિકાને સ્પષ્ટ કહ્યું કે, તે તાઈવાનના મુદ્દે સંવેદનશીલ રીતે વર્તે અને તેની સ્વતંત્રતાનો વિરોધ કરે. બીજી તરફ અમેરિકા પણ સ્પષ્ટ છે અને પોતાનું રક્ષણ કરવાની તાઈવાનની નીતિને સમર્થન આપે છે. જો કે, વોશિંગ્ટને તાઈવાનની સંપ્રભુતાને ઔપચારિક મંજૂરી નથી આપી. અમેરિકા-ચીન વચ્ચે ટેકનોલોજી મુદ્દે તીવ્ર સ્પર્ધા છે. ખાસ કરીને એઆઈ ટેકનોલોજી બેકાબૂ ગતિએ વિકસી રહી છે અને તેનાથી જાતજાતની નકારાત્મક વાતો પણ આવી રહી છે. દુનિયામાં એઆઈ સંશોધનમાં ગતિ ધીમી થાય તેવી માંગ ઊઠી રહી છે, જેથી માનવતા માટે કોઈ સંકટ ઊભું ન થાય. ટ્રમ્પે એઆઈને નિયમો કે નિયંત્રણમુક્ત રાખવાની હિમાયત કરી છે.

## ૪ રાજ્યોમાં ભાજપ સરકાર નથી, ત્યાં ચૂંટણી પંચ સારું? : સ્મૃતિ ઈરાની

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૯ : ચૂંટણી પંચની કામગીરી મુદે કોંગ્રેસના આક્ષેપો સામે ભાજપે પલટવાર કર્યોછે. રાહુલ ગાંધીએ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ગેરરીતિ અને વોટ ચોરીનો આરોપ લગાવી વડાપ્રધાનના રાજીનામાની માંગ કરી હતી. ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ સ્મૃતિ ઈરાનીએ કોંગ્રેસને ઘેરતા કહ્યું કે, પોતાની હારનું આત્મમંથન કરવાને બદલે પક્ષ ચૂંટણી પંચ પર પ્રહારો કરી રહ્યો છે. કોંગ્રેસ મૃત અને બોગસ મતદારોના નામ મતદાર યાદીમાં ચાલુ રાખવા કેમ માંગે છે?ચૂંટણી પંચની કામગીરી મુદે કોંગ્રેસ દ્વારા લગાવવામાંઆવેલા આક્ષેપોસામે ભારતીય જનતા પાર્ટીએ આકરો પલટવાર કર્યો છે. કોંગ્રેસ વર્કિંગ કમિટી (CWC)નીબેઠકમાંરાહુલ ગાંધીએ વર્ષ ૨૦૨૪નીલોકસભા ચૂંટણીમાં કથિત ગેરરીતિ અને વોટ ચોરીના આરોપ લગાવી વડાપ્રધાન તેમજ ગૃહમંત્રીના રાજીનામાની માંગ કરી હતી. આ આરોપો સામે ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ સ્મૃતિ ઈરાનીએ



જણાવ્યું કે, આજે લોકશાહી ઢાંચામાં ભારતના લોકો કોંગ્રેસને સમર્થન નથી આપી રહ્યા, જેના કારણે પોતાની હારનું આત્મમંથન કરવાને બદલે પક્ષ ચૂંટણી પંચ પર પ્રહારો કરી રહ્યો છે.ભાજપ નેતા સ્મૃતિ ઈરાની એ મતદાર યાદીના વિવાદ પર કોંગ્રેસને ઘેરતા કહ્યું કે, 'કોંગ્રેસના નેતૃત્વએ તે ૧૩ કરોડ ૩૦ લાખ નામોનો ઉલ્લેખ કર્યો છે, જેના સંદર્ભમાં ચૂંટણી પંચ પહેલેથી જ ખુલાસો કરીચૂક્યું છે. જો મતદાર યાદીમાં કોઈ મૃત વ્યક્તિનું નામ હોય કે પછી કોઈ નામ બે વખત નોંધાયેલું હોય, તો કોંગ્રેસ પાર્ટી એવા મૃતકો અને બોગસ નામોને મતદાર યાદીમાં કેમ ચાલુ રાખવા માંગે છે? ચૂંટણી પંચે સ્પષ્ટ કરી દીધું છે કે BLO પોતે ઘરે-ઘરે જઈને નોટિસ મેળવનાર વ્યક્તિઓના દસ્તાવેજો ચકાસીને ખરાઈ કરશે. ચૂંટણી પંચે આ સ્પષ્ટતા સાર્વજનિક કરી દીધી હોવા છતાં કોંગ્રેસનું નેતૃત્વ ઈચ્છે છે કે મૃત વ્યક્તિઓના નામ પણ મતદાર યાદીમાં યથાવત રહે.'

કોંગ્રેસ દ્વારા લાહોર અધિવેશનના ઉલ્લેખ પર પલટવાર કરતા સ્મૃતિ ઈરાનીએ કહ્યું કે, 'મને આશ્ચર્ય થાય છે કે કોંગ્રેસના નેતૃત્વએ લાહોર અધિવેશનનો ઉલ્લેખ કર્યો. જો કોંગ્રેસ ઈતિહાસના પાના પલટાવવા માંગતી હોય તો તેણે દેશ સામે એ પાનું પણ રજૂ કરવું જોઈએ, જેમાં બ્રિટિશ સામ્રાજ્યના સેક્રેટરી રહેલા એ.ઓ. હ્યુમે વાઈસરોય સમક્ષ સૂચન મૂક્યું હતું કે, જો બ્રિટિશ શાસનનું રક્ષણ કરવું હોય તો એક રાજકીય સંગઠન તરીકે કોંગ્રેસની સ્થાપના થવી જોઈએ. બ્રિટિશ સામ્રાજ્યના રક્ષણ માટે જે પક્ષની રચના થઈ હતી, તે કોંગ્રેસ આજે લાહોર અધિવેશનનો હવાલો આપીને ચૂંટણી પંચ પર હુમલો કરી રહી છે, જે અત્યંત શરમજનક છે.'

## જ્ઞાનેશ કુમાર સરકારના હાથનું રમકડું બન્યા! : ખડગે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૯ : કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા મંગળવારે કોંગ્રેસ વર્કિંગ કમિટી (CWC)ની બેઠકમાં ચૂંટણી પંચ અને કેન્દ્રની મોદી સરકાર સામે ગંભીર આરોપો મૂકવામાં આવ્યા છે. તેમણે દેશના લોકતંત્ર અને બંધારણની રક્ષા કરવાની જવાબદારી કોંગ્રેસના શિરે હોવાનું જણાવીને સરકાર પર આકરા પ્રહાર કર્યા છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આરોપ લગાવ્યો છે કે, 'છેલ્લા ૧૨ વર્ષમાં મોદી સરકાર દ્વારા દેશના મજબૂત લોકતાંત્રિક પાયાને યોજનાબદ્ધ રીતે નબળો પાડવામાં આવ્યો છે. કાવતરાના ભાગરૂપે મતદાર યાદી (વૉટર



લિસ્ટ)માંથી લોકોના નામ હટાવવામાં આવી રહ્યા છે અને મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) મોદી સરકારના ઈશારે કામ કરી રહ્યા છે.' ખડગેએ મુખ્ય ચૂંટણી કમિશનરને તાત્કાલિક પદ પરથી હટાવવાની તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસે નૈતિકતાના આધારે રાજીનામાની માગણી કરી છે.

ખડગેએ યુવાનોના મતાધિકારનો મુદ્દો ઉઠાવતા જણાવ્યું કે, 'ડિસેમ્બર ૧૯૮૮માં તત્કાલિન વડાપ્રધાન રાજીવ ગાંધીએ મતદાનની ઉંમર ૨૧ વર્ષથી ઘટાડીને ૧૮ વર્ષ કરી હતી. પરંતુ વર્તમાન સરકારે યુવાનોને મતાધિકારથી વંચિત રાખવાના હેતુથી ગુપ્ત રીતે ફોર્મ-૬ના નિયમોમાં ગેરકાયદેસર ફેરફાર કરાવ્યા છે. નોકરીઓ મળી નથી અને હવે સરકાર મત આપવાનો અધિકાર પણ છીનવવા માંગે છે.'ચૂંટણી પંચ સમક્ષ કોંગ્રેસની પાંચ મુખ્ય માંગણીઓ

ખડગેએ રાહુલ ગાંધી દ્વારા અગાઉ મહારાષ્ટ્ર, હરિયાણા અને અન્ય સ્થળોએ ડુપ્લીકેટ મતદારો તથા શંકાસ્પદ એન્ટ્રીઓ અંગે ઉઠાવેલા સવાલોને દોહરાવ્યા હતા.

## નેપાળમાં કુદરતનો કહેર: વરસાદે અનેક વિસ્તારોમાં વિનાશ

(સંપૂર્ણ સમાચાર સેવા)
કાઠમંડુ, તા.૨૯ઃ નેપાળમાં સતત ત્રણ દિવસથી થઈ રહેલા ભારે વરસાદે અનેક વિસ્તારોમાં વિનાશ સર્જ્યો છે. પૂર અને ભૂસ્ખલનની ઘટનાઓ વચ્ચે હવે પહાડનો મોટો હિસ્સો તૂટીને કાલી ગંડકી નદીમાં ખાબકતો હોવાનો ભયાનક વીડિયો સામે આવ્યો છે. વીડિયોમાં થોડી જ સેકન્ડમાં માટી અને પથ્થરો સાથે પહાડનો વિશાળ ભાગ નીચે ધસી આવતો અને નદીમાં સમાઈ જતો જોવા મળે છે. ભારે વરસાદને કારણે દેશના અનેક જિલ્લાઓમાં જનજીવન ખોરવાયું છે.

વાયરલ વીડિયોમાં શરૂઆતમાં પહાડનો ઢોળાવ સામાન્ય સ્થિતિમાં જોવા મળે છે. અચાનક તેનો ઉપરનો ભાગ તૂટવા લાગે છે અને માટી, પથ્થરો તથા કાટમાળનો મોટો જથ્થો ઝડપથી નીચે તરફ ધસી આવે છે. થોડી જ ક્ષણોમાં પહાડનો મોટો હિસ્સો કાલી ગંડકી નદીમાં ખાબકી જાય છે.

ઘટનાસ્થળ નજીક હાજર લોકોમાં ગભરાટ ફેલાયો હતો. પહાડ પરથી ધસી આવેલા કાટમાળના કારણે નદીનો પ્રવાહ પણ પ્રભાવિત થયો હોવાનું સામે આવ્યું છે. સતત વરસાદને કારણે આવા વિસ્તારોમાં વધુ ભૂસ્ખલનનો ભય પણ યથાવત્ છે.

મનંગ, મ્યાગ્દી, બાગલુન્ગ, પર્વત અને પાલ્પા સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લાઓમાં સામેલ છે. ઉપલબ્ધ માહિતી અનુસાર બાગલુન્ગમાં ૧૦, મ્યાગ્દીમાં ૬ અને મનંગમાં ૨ લોકોનાં મોત થયા છે. લુમ્બિની પ્રાંતના પાલ્પામાં ૫ લોકોનાં મોત થયાં છે, જ્યારે ધનુષાના મિથિલા વિસ્તારમાં ભૂસ્ખલનને કારણે એક વ્યક્તિનું મોત થયું છે.

કુલ ૧૪ લોકો લાપતા હોવાની માહિતી છે. તેમાં મનંગના ૧૦, મ્યાગ્દીના ૩ અને બાગલુન્ગના એક વ્યક્તિનો સમાવેશ થાય છે. અનેક લોકો ઘાયલ પણ થયા છે.

ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનથી અત્યાર સુધીમાં ૭૪૭ પરિવારો સીધી રીતે અસરગ્રસ્ત થયા છે. ૧૪૩ મકાનો સંપૂર્ણપણે નષ્ટ થયા છે, જ્યારે ૫૧ મકાનોને આંશિક નુકસાન થયું છે.

ગંડકી પ્રાંતમાં નુકસાન ખાસ નોંધપાત્ર છે. અહીં ૧૯૫ મકાનો સંપૂર્ણપણે નષ્ટ થયા હોવાનું જણાવાયું છે, જ્યારે ૨૬ મકાનોને આંશિક નુકસાન થયું છે. વધુમાં લગભગ ૨૭૦ મકાનો હજુ જોખમ હેઠળ હોવાનું જણાવવામાં આવ્યું છે.કુદરતી આફતને કારણે લગભગ ૧,૫૦૦ લોકોને પોતાના ઘર છોડીને સુરક્ષિત સ્થળોએ સ્થળાંતર કરવાની ફરજ પડી છે. પર્વત જિલ્લામાં નુકસાન ગંભીર હોવાનું જણાવવામાં આવ્યું છે. અહીં ૧૦૬ મકાનો સંપૂર્ણપણે નષ્ટ થયા છે અને ચાર મકાનોને આંશિક નુકસાન થયું છે.

## ભારત-મ્યાનમાર સરહદ પર ઉગ્રવાદીઓના હુમલામાં એક જવાન શહીદ, ૪ ઘાયલ

(જી.એન.એસ) તા. ૨૯
અરુણાચલ પ્રદેશના ચાંગલાંગ જિલ્લામાં ભારત-મ્યાનમાર સરહદ પર પેટ્રોલિંગ કરતી ટીમ પર શંકાસ્પદ ઉગ્રવાદીઓએ હુમલો કર્યો હતો, જેમાં આસામ રાઈફલ્સના એક જવાનનું મોત થયું હતું અને અન્ય ચાર જવાન ઘાયલ થયા હતા.આ ઘટના સવારે લગભગ ૬.૩૦ વાગ્યે નામપોંગ સર્કલ હેઠળના નામપોંગ નાલા નજીક બની હતી, જ્યારે ૨૧ આસામ રાઈફલ્સના જવાનો એવા વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા જ્યાં સરહદી વાડ (ફેન્સિંગ) બનાવવાનું કામ ચાલી રહ્યું છે.ઉગ્રવાદીઓએ પેટ્રોલિંગ ટીમ પર ગોળીબાર કર્યોપ્રાથમિક અહેવાલો અનુસાર, શંકાસ્પદ ઉગ્રવાદીઓએ પેટ્રોલિંગ ટીમ પર ગોળીબાર કર્યોહતો, જેમાં હવાલદાર જાનખોકાઈ કુકી (૪૨)નું મૃત્યુ થયું હતું અને અન્ય ચાર જવાન ઘાયલ થયા હતા. ઘાયલ જવાનોને તબીબી સારવાર માટે ખસેડવામાં આવી રહ્યા હતા, જ્યારે તેમની સ્થિતિ અંગેની વિગતોની રાહ જોવાઈ રહી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઘટના બાદ સુરક્ષા દળોએ આ વિસ્તારમાં ઓપરેશન તેજ કરી દીધા છે. પ્રાથમિક અહેવાલોમાં NSCN સાથે સંકળાયેલા ઉગ્રવાદીઓની સંડોવણી હોવાનું સૂચવવામાં આવ્યું હતું, જોકે હુમલાખોરોની ઓળખ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી.આસામ રાઈફલ્સ તરફથી સત્તાવાર નિવેદનની રાહ જોવાઈ રહી છે.ચાંગલાંગના એસપી કિર્લી પાદુએ જણાવ્યું હતું કે તેમને ઘટના વિશે માહિતી મળી છે અને તેમણે ચાંગલાંગ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીને વિગતો એકત્રિત કરવાનો નિર્દેશ આપ્યો છે. એસપીએ કહ્યું, "અમને ભારત-મ્યાનમાર સરહદ પર બનેલી ઘટના વિશે માહિતી મળી છે અને અમે ચાંગલાંગ પોલીસ સ્ટેશનના ઓસી (ઞ) ને તેની સાથે સંબંધિત માહિતી એકત્રિત કરવા કહ્યું છે." ચાંગલાંગ જિલ્લામાં ભારત-મ્યાનમાર સરહદ સંવેદનશીલ રહી છે કારણ કે આ વિસ્તારમાં અને આંતરરાષ્ટ્રીય સરહદની પેલે પાર સક્રિય બળવાખોર જૂથોની અવરજવર રહે છે.આર્મી અને આસામ રાઈફલ્સના સંયુક્ત ઓપરેશનમાં બે ઉગ્રવાદીઓ માર્યા ગયાઅગાઉ, મણિપુરના ચુરાચંદપુર જિલ્લામાં ભારતીય સેના અને આસામ રાઈફલ્સની સંયુક્ત ટીમ સાથેની અથડામણમાં UKNAના બે ઉગ્રવાદીઓ માર્યા ગયા હતા અને અન્ય બે ઘાયલ થયા હતા. સુરક્ષા દળોએ ૨૯ ઓગસ્ટની રાત્રે હેંગલેપ સબ-ડિવિઝનના ફાઈબોંગ ગામમાં એક અભિયાન શરૂ કર્યું હતું. દળોએ UKNAના એક કેમ્પ પર દેખરેખ ગોઠવી હતી અને ૨ સપ્ટેમ્બરના રોજ સવારે ૫ વાગ્યે વ્યૂહાત્મક રીતે કેમ્પની નજીક પહોંચવાની કાર્યવાહી શરૂ કરી હતી.

યુનાઈટેડ કુકી નેશનલ આર્મી એ કેન્દ્ર સરકાર, મણિપુર સરકાર અને કુકી તથા ઝોમી સમુદાયના અનેક સશસ્ત્ર સંગઠનો વચ્ચે થયેલા 'સસ્પેન્શન ઓફ ઓપરેશન્સ' કરાર પર હસ્તાક્ષર કર્યા નથી.આસામ રાઈફલ્સે જણાવ્યું હતું કે ત્યારબાદ કેમ્પની તલાશી લેતા બે સ્ટ્રે રાઈફલ્સ, એક છદ્ઘ-૫૬ રાઈફલ, એક લાથોડ ગન, સાત લાથોડ ગ્રેનેડ, ૧૫ છદ્ઘ મેગેઝિન, ૩૭૧ છદ્ઘ-૫૬ રાઉન્ડ્સ, ૬૦૧ સ્ટ્રે રાઈફલ રાઉન્ડ્સ, ૧૭૨ જીન્ઈ રાઉન્ડ્સ, ૧૫ કોમ્બેટ યુનિફોર્મ અને દારૂગોળાના સાત પાઉચ મળી આવ્યા હતા.

### ૧૨૪ મીટરના મહાકાય રોકેટને સફળતા મળી

## સ્પેસએક્સના સ્ટારશિપ રોકેટનો પહેલી વખત પૃથ્વીની ભ્રમણ કક્ષામાં પ્રવેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)
ટેક્સાસ, તા.૨૯
સ્પેસએક્સે જાયન્ટ 'સ્ટારશિપ' રોકેટને પહેલી વખત પૃથ્વીની ભ્રમણકક્ષામાં સફળતાપૂર્વક સ્થાપિત કરીને અંતરિક્ષ વિજ્ઞાનના ઈતિહાસમાં નવો અધ્યાય લખ્યો છે. દુનિયાના સૌથી શક્તિશાળી લોન્ચ વ્હીકલનું આ ફ્લાઈટ-૧૪ મિશન પ્રાયોગિક પરીક્ષણમાં સફળ સાબિત થયું છે. ટેક્સાસના બોકા ચિકા સ્થિત સ્પેસબેઝ લોન્ચ ફેસિલિટી પરથી ૧૨૪ મીટર ઊંચા આ મહાકાય રોકેટે ઉડાન ભરી હતી. આ રોકેટ સિસ્ટમમાં 'સુપર હેવી બૂસ્ટર ૨૧' અને 'શિપ ૪૧' નો સમાવેશ થાય છે. ઓર્બિટલ એન્જિન બર્ન સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ સ્ટારશિપે પોતાના પેલોડ બેના દરવાજા ખોલીને ૨૬ નેક્સ્ટ-જેન સ્ટારલિંક વી૩ સેટેલાઈટ્સ ને સફળતાપૂર્વક ઓર્બિટમાં તરતા મૂક્યા હતા. વોશિંગ્ટનમાં સ્પેસએક્સ ફેસિલિટી ખાતે તૈયાર કરાયેલ દરેક વી-૩ સેટેલાઈટ ૧ ટેરાબિટ પ્રતિ સેકન્ડની બેન્ડવિડ્થ ધરાવે છે, જે ફાલ્કન-૯ રોકેટથી છોડાતા જૂના સેટેલાઈટ કરતાં ૧૦ ગણી વધુ સ્પીડ આપશે. ત્રણ સેટેલાઈટ પર ખાસ પ્રકારના હાઈ-રિઝોલ્યુશન કેમેરા લગાવવામાં આવ્યા છે. જે સેટેલાઈટ છૂટા પડયા બાદ સ્ટારશિપની હીટશીલ્ડ ટાઈલ્સનું સ્કેનિંગ કરીને જમીન પર કન્ટ્રોલ ટીમને ડેટા મોકલશે. તેનાથી પૃથ્વી પર રી-એન્ટ્રી વખતે થતા ઘર્ષણ સામે થર્મોડાયનેમિક સહનશક્તિ ચકાસી શકાય. ફ્લાઈટ-૧૩ વખતે એન્જિન રિલાઈટમાં થયેલી ખામીને ધ્યાનમાં રાખીને કરાયેલા સોફ્ટવેર અને ટાઈલ એન્જિનિયરિંગ સુધારા આ મિશનમાં સફળ પુરવાર થયા છે. સ્ટારશિપની ઓર્બિટલ સફળતા નાસાના આર્ટેમિસ મૂન મિશન માટે મહત્ત્વપૂર્ણ છે, કારણ કે માનવજાતને ફરીથી ચંદ્રની સપાટી પર ઉતારવા માટે સ્ટારશિપના જ ખાસ લુનર લેન્ડર મોડેલનો ઉપયોગ થવાનો છે.

### ચૂંટણી કમિશનરનું પૂતળું દહન કર્યું

## અમદાવાદમાં કોંગ્રેસ કાર્યકરોએ કાળા કપડાં પહેરી ધરણા પ્રદર્શન કર્યાં






**અમારા પ્રતિનિધિ તરફથી**
**અમદાવાદ, તા. ૨૯ :** વોટચોરીના આક્ષેપો, મતાધિકારના રક્ષણ અને ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતાના મુદ્દે ગુજરાત કોંગ્રેસે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરી તથા પક્ષના વરિષ્ઠ આગેવાનોની આગેવાનીમાં સેંકડો કોંગ્રેસ કાર્યકરો કાળા કપડાં પહેરીને વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા. પતંગ હોટલ પાસેથી શરૂ થયેલી પદયાત્રા સરદાર બાગ સુધી પહોંચી હતી, જ્યાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ ધરણા-પ્રદર્શન કરી ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા તથા મતદારોના મતાધિકારના રક્ષણની માંગ સાથે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. કાર્યક્રમના અંતે ચૂંટણી કમિશનરનું પૂતળું દહન કરીને આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો હતો. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, આજે ભારતની ગલી ગલીમાં એક જ નારો છે કે વોટ ચોરી કરીને દેશના લોકો સાથે ગદ્દારી કરનારાઓને કડકમાં કડક સજા થવી જોઈએ. ચૂંટણી પંચ એક સ્વાયત્ત અને તટસ્થ બંધારણીય સંસ્થા છે અને દેશના નાગરિકોને બંધારણે આપેલા મતાધિકારની રક્ષા કરવી તેમજ તટસ્થ અને પારદર્શક રીતે ચૂંટણી પ્રક્રિયા યોજવી તેની જવાબદારી છે. પરંતુ મોદી સરકારે ચૂંટણી પંચને પોતાની કઠપૂતળી બનાવી દીધું હોય તેવી સ્થિતિ ઊભી થઈ છે અને વોટચોરીના સમગ્ર કૌભાંડમાં ચૂંટણી પંચની ભૂમિકા અંગે ગંભીર સવાલો ઊભા થયા છે.

તેમણે કહ્યું કે ચૂંટણી પ્રક્રિયાની નિષ્પક્ષતા અંગે ગંભીર સવાલો ઊભા થયા છે અને ચૂંટણી પંચની કામગીરી સામે ઉઠેલા તમામ આક્ષેપોની નિષ્પક્ષ તથા કાયદેસરની તપાસ થવી જરૂરી છે. જ્ઞાનેશ કુમાર સામે કરવામાં આવેલા આક્ષેપોની પણ નિષ્પક્ષ તપાસ કરવામાં આવે અને જો કોઈ ગેરરીતિ કે કાયદાનો ભંગ સાબિત થાય તો જવાબદાર તમામ વ્યક્તિઓ સામે કાયદા મુજબ કડક કાર્યવાહી કરવામાં આવે. કોંગ્રેસની માંગ છે કે જ્ઞાનેશ કુમારને તાત્કાલિક પદ પરથી દૂર કરવામાં આવે અને તેમની સામે લાગેલા આક્ષેપોની કાયદેસર તપાસ થવી જોઈએ.

ગુજરાત કોંગ્રેસે ચૂંટણી પંચ સમક્ષ માંગ કરી છે કે સર તથા મતદાર યાદી અંગે ઉઠેલા તમામ સવાલોના સ્પષ્ટ અને પારદર્શક જવાબ આપવામાં આવે, મતદાર યાદીમાં થયેલી કથિત ગેરરીતિઓની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે, સાચા મતદારોના મતાધિકારનું રક્ષણ કરવામાં આવે અને જો કોઈ ગેરરીતિ સાબિત થાય તો જવાબદાર વ્યક્તિઓ સામે કાયદા મુજબ કડક કાર્યવાહી કરવામાં આવે. અમદાવાદમાં યોજાયેલા આજના વિરોધ પ્રદર્શન દ્વારા ગુજરાત કોંગ્રેસે ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા, નિષ્પક્ષતા અને નાગરિકોના મતાધિકારના રક્ષણ માટે પોતાનો ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

## શાકરતિંહ વંઘેલંએ કૌંગ્રેત હંઈકમંન્ડ તંરૈ વંદચીદનૈ સ્વીકંર કર્યો

(જી.એન.એસ) તા. ૨૯
ગાંધીનગર/અમદાવાદ,
આવતા વર્ષે યોજાનાર વિધાનસભા ચૂંટણી પહેલા રાજયના રાજકારણમાં અત્યારથીજ નવા-જૂની થવાની શરૂઆત થઇ ગઈ છે. રાજયના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા કોંગ્રેસમાં જોડાશે. કોંગ્રેસ હાઈકમાન્ડની લીલીઝંડી બાદ શંકરસિંહના જોડાવાનો લઈને નિર્ણય લેવામાં આવશે. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ કહ્યું કે, હાઈકમાન્ડ સાથે ચર્ચા ચાલુ છે. તો બીજી તરફ શંકરસિંહ વાઘેલાએ કોંગ્રેસમાં પોતાના જોડાવાની વાતની પુષ્ટિ કરતા આ વાતને સાચી ગણાવી છે. આને કોંગ્રેસનો ગાંધીનગર



મહાનગરપાલિકાની ચૂંટણી પહેલા મોટા રણનૈતિક દાવ તરીકે જોવામાં આવી રહ્યો છે. શંકરસિંહ પ્રથમ નવરાત્રીએ કોંગ્રેસમાં સત્તાવાર રીતે જોડાય તેવી વકી છે.શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું કે, 'હું કાયમથી કહેતો રહ્યો છું કે, ભાજપને હરાવવી હોય અને મારો ઉપયોગ કરવો હોય તો મને કહેજો.' તેમણે જણાવ્યા અનુસાર તેમની કોંગ્રેસના વર્તમાન અને પૂર્વ કોંગ્રેસ પ્રભારીઓ સાથે આ વિષય પર વાતચીત કરી છે.આ દરમિયાન કોંગ્રેસના હાઈકમાન્ડ સાથે વાતચીત થઈ હોવાની વાતનો તેમણે સ્વીકાર કર્યો હતો. જોકે, કોંગ્રેસમાં જોડાવા અંગે હજુ કોઈ અંતિમ નિર્ણયની સ્પષ્ટતા તેમણે કરી નથી. શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું કે તેમને કોઈ પદ કે સ્થાનની ઈચ્છા નથી. ભાજપ સામે લડવામાં જો સાથ અને સહકારની જરૂર હોય તો તે આપવા માટે તૈયાર હોવાનું તેમણે જણાવ્યું હતું. તેમના આ નિવેદન બાદ કોંગ્રેસ સાથે ફરી જોડાવા અંગે ચર્ચાએ જોર પકડ્યું છે.

દમણગંગા ટાઈમ્સ
CORPORATE NEWS

## વિશાલ નિર્મિતિ લિમિટેડનો IPO ૩૦ સપ્ટેમ્બરે ખુલશે

**સુરત, તા. ૨૯ :** વિશાલ નિર્મિતિ લિમિટેડ એ સિવિલ એન્જિનિયરિંગ, મેન્યુફેક્ચરિંગ અને કન્સ્ટ્રક્શન ક્ષેત્રે કાર્યરત કંપની છે. વિશાલ નિર્મિતિ લિમિટેડ રૂ. ૧૦ની મૂળ કિંમત ધરાવતા ઈક્વિટી શેરનીતેની ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ બુધવાર, ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ખુલ્લી મુકશે. બિડિંગ/ઓફર બંધ થવાની તારીખ સોમવાર, ૫ઓક્ટોબર, ૨૦૨૬ છે. કંપનીના ઈક્વિટી શેરોને બીએસઈ લિમિટેડ અને એનએસઈના મેઈન બોર્ડ પર લિસ્ટ કરવાની યોજના છે (બીએસઈઅને એનએસઈને સંયુક્ત રીતેં સ્ટોક એક્સચેન્જીસૅ કહે છે).આ ઓફર માટે રૂ. ૧૦ની મૂળ કિંમત ધરાવતા શેરની શેરદીઠ પ્રાઈસ બેન્ડ રૂ.૨૦૮થી રૂ.૨૨૦નક્કી કરવામાં આવી છે. રોકાણકારો ઓછામાં ઓછા ૬૮ ઈક્વિટી શેર અને ત્યારબાદ ૬૮ના ગુણાંકમાં અરજી કરી શકશે.

## રેનો ઈન્ડિયાએ Triber 100PS સાથે Triber ફેમિલીનું વિસ્તરણ કર્યુ

**સુરત,તા. ૨૯ :** રેનો ગ્રૂપની સંપૂર્ણ માલિકીની પેટાકંપની રેનો ઈન્ડિયાએ આજે સંપૂર્ણપણે નવી Triber 100PSને લોંચ કરવાની જાહેરાત કરી હતી, જેની સાથે કંપનીએ નવા રેનો ગ્રૂપ એન્ટ્રી પ્લેટફોર્મ (RGEP)ની ભારતમાં શરૂઆત થઈ છે. ગ્રાહકો માટે ડિઝાઈન કરેલી Triber 100PS રેનોના વિશ્વસનિય મોડ્યુલર ૭-સીટર ખાસિયતને સંપૂર્ણપણે નવી રીતે ડિઝાઈન કરેલા વ્હીકલ આર્કિટેક્ચર, 100 PS ટર્બોચાર્જ પાવરટ્રેન અને અત્યાધુનિક વ્હિકલ ડાયનેમિક્સની સાથે જોડે છે. રૂ. ૭.૮૪ લાખ (એક્સ-શોરૂમ)ની પ્રારંભિક કિંમત પર ઉપલબ્ધ Triber 100PS ભારતીય બજારમાં એક વિશિષ્ટ પેકેજ પ્રસ્તુત કરે છે, જેમાં ૭-સીટની સુવિધા, ટર્બોચાર્જ્ડ પર્ફોર્મન્સ, શ્રેષ્ઠ ઈંધણદક્ષતા અને સબ-૪-મીટર ટેક્સ બેનિફિટ એકસાથે મળે છે. Triber 100PS રેનો ઈન્ડિયાની પ્રથમ કાર છે, જેણે નવા રેના ગ્રૂપ એન્ટ્રી પ્લેટફોર્મ (RGEP)પર બનાવવામાં આવ્યું છે.

# અન્ય સમાચારો

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૩૧૨/૨૦૨૬

અરજદાર : તુકારામભાઈ કૃષ્ણાભાઈ મહેર, ઉ.વ.આ.૮૪, ધંધો - નિવૃત
રહે. મરોલી, માંગેલવાડ
તા.ઉમરગામ, જી.વલસાડ

**વિરુધ્ધ**

સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, મરોલી
ગ્રામ પંચાયત કચેરી મરોલી
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **તુકારામભાઈ કૃષ્ણાભાઈ મહેર** રહે. મરોલી, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના ભાણેજ નામે **પ્રહલાદ વિષ્ણુ કેણીનો** જન્મ/મરણ તા.૦૨-૦૬-૧૯૫૯ના રોજ મોજે - મરોલી, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

(કોર્ટનો સિક્કો)

નં.એમએજી/જન્મ-મરણ/૨.જી.નં.૩૧૨/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૨૦૦/૨૦૨૬

અરજદાર : ધનુબેન બાબુભાઈ માછી, ઉ.વ.આ.૭૨, ધંધો - નિવૃત
રહે. માછીવાડ, મરોલી
તા.ઉમરગામ, જી.વલસાડ (વ.શ્રી. ટી.ડી. ટંડેલ)

**વિરુધ્ધ**

સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,
ગ્રામ પંચાયત કચેરી મરોલી
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ધનુબેન બાબુભાઈ માછી** રહે. માછીવાડ, મરોલી, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના ભત્રીજી **લક્ષ્મીબેન નારણભાઈ ટંડેલનો** જન્મ તા.૦૧-૦૬-૧૯૬૯ના રોજ મોજે - મરોલી, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૮/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

(કોર્ટનો સિક્કો)

નં.એમએજી/જન્મ-મરણ/૨.જી.નં.૨૦૦/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૧૧૫/૨૦૨૬

અરજદાર : અબ્દુલ રહેમાન સમશુદીન શેખ
રહે. મસ્જીદ રોડ, ઉમરગામ ટાઉન
તા.ઉમરગામ, જી.વલસાડ (વ.શ્રી. બી.આર. ટંડેલ)

**વિરુધ્ધ**

સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, ઉમરગામ
નગરપાલિકા - ઉમરગામ
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અબ્દુલ રહેમાન સમશુદીન શેખ** રહે. મસ્જીદ રોડ, ઉમરગામ ટાઉન, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના માતા **કમરૂનીશા સમશુદીન શેખનું** મરણ તા.૦૯-૦૭-૧૯૯૬ના રોજ મોજે - ઉમરગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

(કોર્ટનો સિક્કો)

નં.એમએજી/મરણ/૨.જી.નં.૧૧૫/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨) જ.મ.પ.અ.નં.૩૧૧/૨૦૨૬

અરજદાર : ગજાનન જગન્નાથ મહેર, ઉ.આ.વ.૭૮, ધંધો - નિવૃત્ત
રહે. મરોલી - માંગેલવાડ
તા.ઉમરગામ, જી.વલસાડ

**વિરુધ્ધ**

સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, મરોલી
ગ્રામ પંચાયત કચેરી, મરોલી
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ગજાનન જગન્નાથ મહેર** રહે. મરોલી, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના બહેન નામે **મંજુલા વિશ્વનાથ કેણીનો** જન્મ તા.૨૫-૦૫-૧૯૬૪ના રોજ મોજે - મરોલી, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

(કોર્ટનો સિક્કો)

નં.એમએજી/જન્મ-મરણ/૨.જી.નં.૩૧૧/૨૦૨૫
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ




## મે. ઉમરગામના મામલતદાર સાહેબની કોર્ટમાં, મુ. ઉમગામ

પ.અ.ર.નં.૯૦/૨૦૨૬

અરજદાર : કાન્તાબેન મગનભાઈ દુબળા, ઉ.વ.આ.૫૬, ધંધો - ઘરકામ
રહે. કોળીવાડ, ઢીંભી,
તા.ઉમરગામ, જી.વલસાડ, ગુજરાત ૩૯૬ ૧૫૦
મો.નં.૯૭૨૩૦૬૧૯૪૨

**વિરુધ્ધ**

સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, ટીંભી
ગ્રામ પંચાયત કચેરી ટીંભી
તા.ઉમરગામ, જી.વલસાડ, ગુજરાત - ૩૯૬ ૧૫૦

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **કાન્તાબેન મગનભાઈ દુબળા** રહે. કોળીવાડ, ટીંભી, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમની પુત્રી **જ્યોતિબેન મગનભાઈ હળપતિનો** જન્મ તા.૦૪-૦૪-૧૯૮૫ના રોજ મોજે - કોળીવાડ, ટીંભી મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૮/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

(કોર્ટનો સિક્કો)

નં.એમએજી/જન્મ-મરણ/૨.જી.નં.૯૦/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૧૯૯/૨૦૨૬

અરજદાર : બિપીન ગોપાલ ટંડેલ, ઉ.વ.આ.૫૮, ધંધો - માછીમારી
રહે. માછીવાડ, મરોલી
તા.ઉમરગામ, જી.વલસાડ (વ.શ્રી. ટી.ડી. ટંડેલ)

**વિરુધ્ધ**

સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,
ગ્રામ પંચાયત કચેરી મરોલી
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **બિપીન ગોપાલ ટંડેલ** રહે. માછીવાડ, મરોલી, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પુત્ર **પ્રીતમકુમાર બિપીનભાઈ ટંડેલનો** જન્મ તા.૧૦-૧૨-૧૯૯૦ના રોજ મોજે - મરોલી, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૮/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

(કોર્ટનો સિક્કો)

નં.એમએજી/જન્મ-મરણ/૨.જી.નં.૧૯૯/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૨૩૨/૨૦૨૬

અરજદાર : વાસંતી કૃષ્ણા દવણે, ઉ.વ.આ.૬૦, ધંધો - માછીમારી
રહે. મરોલી, માંગેલવાડ
તા.ઉમરગામ, જી.વલસાડ (વ.શ્રી. ટી.ડી. ટંડેલ)

**વિરુધ્ધ**

સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,
ગ્રામ પંચાયત કચેરી મરોલી
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **વાસંતી કૃષ્ણા દવણે** રહે. મરોલી, માંગેલવાડ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના સસરા **સ્વ. ગોવિંદભાઈ હિરાભાઈ દવણેનું** મરણ તા.૧૨-૦૨-૧૯૯૨ના રોજ મોજે - મરોલી, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૮/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

(કોર્ટનો સિક્કો)

નં.એમએજી/મરણ/૨.જી.નં.૨૩૨/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૭૪/૨૦૨૫

અરજદાર : અંબીબેન નટુભાઈ વારલી, ઉ.વ.આ. ૪૪, ધંધો - ઘરકામ
રહે. માણેકપુર, પાનગા ફળિયા,
તા.ઉમરગામ, જી.વલસાડ, ગુજરાત - ૩૯૬ ૧૨૦
આધાર નં.૭૦૦૩ ૮૨૮૮ ૬૫૪૧ (વ.શ્રી. સી.આર. દુબળા)

**વિરુધ્ધ**

સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, માણેકપુર
ગ્રામ પંચાયત કચેરી, માણેકપુર
તા.ઉમરગામ, જી.વલસાડ, ગુજરાત - ૩૯૬ ૧૨૦

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અંબીબેન નટુભાઈ વારલી** રહે. માણેકપુર, પાનગા ફળિયા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમની પુત્રી **તારાબેન નટુભાઈ વારલીનો** જન્મ તા.૧૩-૦૨-૨૦૦૯ના રોજ મોજે - માણેકપુર, પનગા ફળિયા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

(કોર્ટનો સિક્કો)

નં.એમએજી/જન્મ-મરણ/૨.જી.નં.૭૪/૨૦૨૫
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ




## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૨૨૭/૨૦૨૬

અરજદાર : મંજુ દિનેશભાઈ સોરઠી, ઉ.વ.આ.૫૨, ધંધો - ઘરકામ
રહે. કલગામ, સોરઠવાડ
તા.ઉમરગામ, જી.વલસાડ (વ.શ્રી. ટી.ડી. ટંડેલ)

**વિરુધ્ધ**

સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,
ગ્રામ પંચાયત કચેરી કલગામ
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **મંજુ દિનેશભાઈ સોરઠી** રહે. કલગામ, સોરઠવાડ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પુત્રી **કુમકુમ દિનેશભાઈ સોરઠીનો** જન્મ તા.૦૫-૦૫-૨૦૦૫ના રોજ મોજે - કલગામ સોરઠવાડ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૮/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

(કોર્ટનો સિક્કો)

નં.એમએજી/જન્મ-મરણ/૨.જી.નં.૨૨૭/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૨૩૧/૨૦૨૬

અરજદાર : સોમલીબેન ગોપાળભાઈ માછી, ઉ.વ.આ.૭૧, ધંધો - નિવૃત
રહે. માછીવાડ, મરોલી
તા.ઉમરગામ, જી.વલસાડ (વ.શ્રી. ટી.ડી. ટંડેલ)

**વિરુધ્ધ**

સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,
ગ્રામ પંચાયત કચેરી મરોલી
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **સોમલીબેન ગોપાળભાઈ માછી** રહે. માછીવાડ, મરોલી, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પુત્ર **હરેશ ગોપાળ ટંડેલનો** જન્મ તા.૦૧-૦૬-૧૯૭૩ના રોજ મોજે - મરોલી, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૮/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

(કોર્ટનો સિક્કો)

નં.એમએજી/જન્મ-મરણ/૨.જી.નં.૨૩૧/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૧૯૮/૨૦૨૬

અરજદાર : રઘુભાઈ રડકાભાઈ ઘાયલ
રહે. સરઈ
તા.ઉમરગામ, જી.વલસાડ (વ.શ્રી. કે.એમ. શેખ)

**વિરુધ્ધ**

સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, સરઈ
ગ્રામ પંચાયત કચેરી, સરઈ
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **રઘુભાઈ રડકાભાઈ ઘાયલ** રહે. સરઈ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના બહેન **જલીબેન રડકાભાઈ ઘાયલનું** જન્મ/મરણ તા.૨૮-૦૫-૧૯૯૨ના રોજ મોજે - સરઈ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૧/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

(કોર્ટનો સિક્કો)

નં.એમએજી/મરણ/૨.જી.નં.૧૯૮/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ







## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૧૪૧/૨૦૨૬

અરજદાર : આલમગીર ઉમર બાપુ, ઉ.વ.આ.૬૬, ધંધો - રિક્ષા ચાલક
રહે. ૧૧૩, લાંબા ફળિયા, સંજાણ બંદર, સંજાણ
તા.ઉમરગામ, જી.વલસાડ (વ.શ્રી. બી.એમ. માંગેલા)

**વિરુધ્ધ**

સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,
ગ્રામ પંચાયત કચેરી સંજાણ
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **આલમગીર ઉમર બાપુ** રહે. ૧૧૩, લાંબા ફળિયા, સંજાણ બંદર, સંજાણ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પુત્રી **બાપુ સબીનાબીબી આલમગીર નો** જન્મ તા.૦૪-૦૫-૧૯૮૨ના રોજ મોજે - સંજાણ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૩૧/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

(કોર્ટનો સિક્કો)

નં.એમએજી/જન્મ-મરણ/૨.જી.નં.૧૪૧/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૨૨૮/૨૦૨૬

અરજદાર : વાસંતી કૃષ્ણા દવણે, ઉ.વ.આ.૬૦, ધંધો - માછીમારી
રહે. મરોલી, માંગેલવાડ
તા.ઉમરગામ, જી.વલસાડ (વ.શ્રી. ટી.ડી. ટંડેલ)

**વિરુધ્ધ**

સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,
ગ્રામ પંચાયત કચેરી મરોલી
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **વાસંતી કૃષ્ણા દવણે** રહે. મરોલી, માંગેલવાડ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના સાસુ **સ્વ. ગવરુબેન ગોવિંદભાઈ દવણેનું** મરણ તા.૧૫-૦૫-૧૯૯૫ના રોજ મોજે - મરોલી, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૮/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

(કોર્ટનો સિક્કો)

નં.એમએજી/મરણ/૨.જી.નં.૨૨૮/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

## જાહેર ચેતવણી



આથી જાહેર જનતાને સ્પષ્ટતા સહિત ચેતવણી આપી જણાવવામાં આવે છે કે,...

આથી હું, રહેમતબાનુ અબ્દુલગફાર ચૌધરી,જાતે - મુસ્લિમ, ઉ.આ.વ- ૬૩, ધંધો- ગુહિણી, રહેવાસી-ગફારભાઈની ચાલ, જી.ઇ.બી.ની પાછળ, બલીઠા, વાપી, વલસાડ, ગુજરાત ના મારા ધર્મના સોગંદનામુ પુર્વક જાહેર કરી જણાવુ છું કે,

અમો રહેમતબાનુ અબ્દુલગફાર ચૌધરીના પતિશ્રી અબ્દુલગફાર ચૌધરીનો તારીખ ૦૩/૦૧/૨૦૨૫ ના રોજ મરણ થયેલ છે મારા મર્હૂમ પતિ થકી સંતમાં ૧ પુત્ર અને ૮ દીકરીઓને જન્મ આપેલ છે. અમો સોગદનામું કરનાર એક દિકરો નામ મોહમ્મદ સાદિક અબ્દુલગફફાર ચૌધરી છે જે મારા કહ્યા મુજબ ચાલતો નથી. અને અમો સોગંદનામાં કરનારની સેવા ચાકરી, ભરણપોષણ, દવા દારૂની દેખરેખ કરી કરાવતો નથી. અને મારા પુત્રએ તેની પસંદની છોકરી સાથે લગ્ન કરેલ છે. તેની પત્ની નામ સબા મોહમ્મદ સાદિક ચૌધરી તથા મારો પુત્ર નામ મોહમ્મદ સાદિક અબ્દુલગફફાર ચૌધરી આ બંને વચ્ચે વારંવાર ઝગડાઓ કરી કરતાં આવેલ છે મારા પુત્રને મારા ઘરેથી તેઓના પોતાની જીવન જરૂરિયાત ચીજવસ્તુઓ તથા તેઓની કિમતી ચીજવસ્તુઓ સાથે બહાર કાઢી દિધેલ છે. મારા પુત્ર અને મારા પુત્રની પત્નીનો મારી સાથે સોભાવ સારી રીતે રાખેલ નથી અને અમો તથા મારી પુત્રીઓ સાથે ગેરવર્તન કરી અપશબ્દો ઉપયોગ કરી મારા મારી કરી સ્વેચ્છાપૂર્વક વ્યથાઓ કરી કરાવતા આવેલ છે જેથી અમો મારા પુત્રને મારી જંગમ મિલકત તથા સ્થાવર મિલકત માંથી બેદખલ કરી જાહેર કરીએ છે. મારા પુત્ર અને મારા પુત્રની પત્ની સાથે અમો સોગંદનામાં કરનાર સાથે કોઈ પ્રકારનો સબંધ નથી. જો ભવિષ્યમાં કોઈ પણ વ્યક્તિ સાથે મારો દિકરો નાણાકીય વ્યવહાર કે અન્ય વ્યવહાર કરવો નહીં અને તેવો કોઈ વ્યવહારને લઈ ને જો ભવિષ્યમાં તકલીફ ઊભી થશે તો તે જવાબદારી તેની પોતાની રહેશે.અમો સોગંદનામું કરનારની કે મારા દીકરીઓની કોઈ જવાબદારી રહેશે નહીં.

અજાણતા થી કોઈ નિર્દોષ ઈસમ ખોટી રીતે વ્યવહારમાં ફસાઈ ન જાય તેવા શુભ આશયથી આ જાહેર ચેતવણી -સિદ્ધ કરવાં માટે આ સોગંદનામુ કરી જાહેર કરીએ છીએ.

ઉપર જણાવેલ તમામ હકીકત સાચી છે. અને ખોટું સોગંદનામુ કરવુંએ ફોજદારી ગુન્હો બંને છે જેની મને જાણ તથા ખબર છે.

મુ. વાપી.
તા. ૨૬/૦૯/૨૦૨૬

આ એડવોકેટ દ્વારા નોટરી
કરવામાં આવેલ છે
મિત્તલ બી. કાપડિયા
સરનામું : વાપી ટાઉન, જી.વલસાડ

..................................
(રહેમતબાનુ અબ્દુલગફાર ચૌધરી)
ની સહી



દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

Wednesday 30, September 2026

# દમણગંગા ટાઇમ્સ

## આજે વાપીમાં પોલીસકર્મીઓ માટે સીપીઆર તાલીમ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૯ :** વાપીમાં વિશ્વ હૃદય દિવસ નિમિત્તે, સેન્દ્રા શ્રોફ એડવાન્સ્ડ સિમ્યુલેશન એન્ડ સ્કિલ્સ સેન્ટર, ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ GIDC પોલીસ સ્ટેશન, વાપી ખાતે પ્રિન્સિપાલ ડૉ. દિનેશ સેલ્વમ એસ.ના માર્ગદર્શન હેઠળ, સવારે ૧૧ થી બપોરે ૧ વાગ્યા સુધી પોલીસ કર્મચારીઓ માટે CPR જાગૃતિ તાલીમ સત્રનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમનો હેતુ સમયસર કાર્ડિયોપલ્મોનરી રિસુસિટેશનના મહત્વ વિશે જાગૃતિ લાવવાનો અને કાર્ડિયાક કટોકટી દરમિયાન અસરકારક રીતે પ્રતિભાવ આપવા માટે પોલીસ કર્મચારીઓને આવશ્યક કુશળતાથી સજ્જ કરવાનો છે. સત્રમાં વ્યવહારુ પ્રદર્શનો અને વ્યવહારુ CPR તાલીમનો સમાવેશ થશે.

## વલસાડની દિકરીનું ગરબાની આગવી પરંપરાના જતન માટે સન્માન

### વલસાડ માટે ગૌરવની ક્ષણ : ધો. ૮ માં અભ્યાસ કરતી દૃષ્ટી ભાનુશાળીને કેન્દ્રીય મંત્રાલય દ્વારા આયોજીત ગરબા સ્પર્ધામાં મહાનુભાવોની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય સન્માન




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૯ :** કેન્દ્ર સરકારના યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય વિભાગ હસ્તકના માય ભારત (My Bharat) દ્વારા સુરતના આંગણે આયોજિત શેરી ગરબા, ભાતીગળ ગરબા, પ્રાચીન ગરબા અને અર્વાચીન ગરબા સ્પર્ધામાં વલસાડના દિક્ષીત મોહલ્લામાં હનુમાન શેરી ખાતે રહેતી અને સેન્ટ જોસેફ ઈ.ટી. હાઈસ્કૂલમાં ધો.૮માં અભ્યાસ કરતી દૃષ્ટિ ભાનુશાલીએ ભાતીગળ ગરબાની આગવી પરંપરાને જાળવી રાખવા બદલ રાષ્ટ્રીય સન્માન પ્રાપ્ત કરી વલસાડનું ગૌરવ વધાર્યુ છે.સુરત ખાતે યોજાયેલા આ ભવ્ય ગરબા કાર્યક્રમમાં સુરતના સાંસદ, ધારાસભ્ય, મેયર, પૂર્વ કેન્દ્રીય મંત્રી તથા દિલ્હીના પ્રભારી સહિત અનેક મહાનુભાવોના હસ્તે દૃષ્ટિ ભાનુશાલીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રીય સન્માન બદલ શાળા પરિવારે પણ અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કરી હતી.

દૃષ્ટિએ ખૂબ નાની ઉંમરથી ગુજરાત સહિત વિવિધ રાજ્યોમાં પોતાની કલાનું સુંદર પ્રદર્શન કરી વલસાડ અને ગુજરાતનું નામ રોશન કરતી આવી છે.

સોમનાથ સ્વાભિમાન પર્વમાં પણ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં ગરબાનું પ્રસ્તુતિકરણ કર્યું હતું. જે ફોટો વડાપ્રધાને પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ ઉપર પણ અપલોડ કર્યો હતો.

આ ગૌરવપૂર્ણ સન્માન બદલ માય ભારત, કલાગુરુ ચિંતન સતીશ વશી, ગીતાંજલિ ઈટાલિયા તથા ગૌરવભાઈ સહિત સમગ્ર ટીમે પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપ્યું હતું.

## ગોવાડામાં સોનાના દાગીનાની ઘરફોડ ચોરીનો આરોપી ઝડપાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૯ :** ગોવાડા ગામમાં ગણપતિ વિસર્જનમાં ગયેલા દંપતીના ઘરમાં સોનાના દાગીનાની ઘરફોડ ચોરી થવા મામલે ઉમરગામ પોલીસે આરોપીને પકડી રૂ.૩,૧૮,૦૮૦ નો મુદ્દામાલ રીકવર કર્યો છે.

ફરિયાદી વિનોદભાઈ ચીનુભાઈ દુબળાએ ફરિયાદ આપતા ગુનો નોંધાયો હતો. પો.ઈન્સ. એચ.ડી.તુવરના માર્ગદર્શન હેઠળ ટેકનીકલ એનાલીસીસ અને હ્યુમન સોર્સીસના આધારે તપાસ કરતા આરોપી સાગર રાજેશભાઈ પટેલ (ઉં.૨૮, રહે. દેહરી, પત્રાગઢ, તા.ઉમરગામ) ને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી ૩૦.૮૭૦ ગ્રામ સોનાનું મંગલસૂત્ર કિં. રૂ.૧,૯૧,૦૮૦ અને ૦૨ ગ્રામ સોનાની વીંટી કિં. રૂ.૭,૦૦૦ મળી કુલ મુદ્દામાલ કબજે કર્યો છે.

## વાપીમાં દુકાન વેચાણ પ્રકરણમાં ૮ સામે છેતરપિંડીનો ગુનો

### દસ્તાવેજોની બારીકાઈથી તપાસ થાય તો અન્ય અનેક લોકોના નામ બહાર આવવાની સંભાવના

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૯ :** વાપી જીઆઈડીસીના કોમર્શિયલ પ્લોટ નં. ૩૮માં ભેરુનાથ બિલ્ડિંગના દુકાન નંબર ૧ થી ૧૪ના વેચાણમાં લાખોની છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાતા ૮ આરોપીઓ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ફરિયાદ મુજબ આરોપીઓએ મેળાપીપણામાં દુકાનોના મૂળ માલિકો કંજરીયા પરિવાર પાસેથી મનોજ સજન ડાભલાએ વેચાણ કરાર કર્યાનું જણાવી વિશ્વાસમાં લીધા હતા. બાદમાં બનને પક્ષકારોની હાજરીમાં નોટરાઈઝ્ડ દસ્તાવેજના આધારે પહેલા માળની દુકાન નં. ૧ થી ૧૪ના ટુકડે ટુકડે રૂ. ૧,૩૫,૦૦૦ અને ભોંયતળિયાની દુકાનો પેટે રૂ. ૧,૯૬,૦૦૦ મળી કુલ રૂ. ૩,૩૧,૦૦૦ ખોટા દસ્તાવેજોના આધારે તા. ૦૮-૦૭-૨૦૧૭થી આજદિન સુધી ઠગાઈ અને વિશ્વાસઘાત કર્યાનો આક્ષેપ વાપી છરવાડાના કોઠારી પરિવારના અનુપચંદ ,ભારત, હર્ષદ, વર્ષાબેન, નવીન, દક્ષા બેન, રીનાબેન કોઠારી તેમજ બલીઠા મનોજ સજન ડાભલા સામે છે. આ દુકાનો અગાઉ અન્યને વેચાણ કરારથી આપેલી હોવાનું પણ ખુલ્યું છે. આ કેસમાં મુખ્ય ભેજાબાજ મનાતો આરોપી મનોજ સજન ડાભલા રહે. બલીઠા પોલીસ પહોંચથી બહાર હોવાનું અને આગોતરા જામીન માટે કોર્ટમાં ધા નાખી હોવાનું વર્તુળો દ્વારા જાણવા મળ્યું છે. અંતર્ગત વર્તુળોના જણાવ્યા મુજબ જમીન વેચાણના દસ્તાવેજોની બારીકાઈથી તપાસ કરવામાં આવે તો વેચાણ કરારના બોગસ દસ્તાવેજો તેમજ વપરાયેલ સ્ટેમ્પ, નોટરી વિગેરેમાં પણ ઘણી વિસંગતતા બહાર આવવાની સંભાવના છે.

## સેલવાસથી ચોરાયેલ એક્ટીવાનો ભેદ ઉકેલાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૯ :** ડુંગરા પોલીસે સેલવાસમાં ચોરાયેલા એક્ટીવાનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે.

વલસાડ જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક બી.એન. દવે, વાપી વિભાગની સૂચના અને પીઆઈ બી.એન. ગોહિલના માર્ગદર્શન હેઠળ પીસી પ્રભાતભાઈ ભિખાભાઈને ખાનગી બાતમી મળી હતી.બાતમીના આધારે કરવડ નહેર પાસેથી એક શંકાસ્પદ બાળકિશોરને બ્લ્યુ કલરના એક્ટીવા મોપેડ રજી.નં. GJ-15-EK-8696 સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. તપાસમાં આ મોપેડ અંગે સેલવાસ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયેલો હોવાનું ખુલ્યું હતું. પોલીસે અંદાજે રૂ. ૧,૧૦,૦૦૦ ની કિંમતનું મોપેડ કબજે કરી વધુ તપાસ અર્થે સેલવાસ પોલીસ સ્ટેશનને સોંપી અનડિટેક્ટ ગુનો ડિટેક્ટ કર્યો છે.

## દમણ-દીવ, દાનહ પોલીસમાં ૩૦૦ ખાલી જગ્યાઓ ભરો : કેતન પટેલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૯ :** દમણ-દીવ કોંગ્રેસના પ્રમુખ કેતન પટેલે દમણ અને દમણ-દીવ પોલીસ વિભાગમાં લાંબા સમયથી ખાલી પડેલી અંદાજે ૩૦૦ જગ્યાઓ તાત્કાલિક ભરવાની માંગ કરી છે. તેમણે જણાવ્યું હતું કે પોલીસ વિભાગમાં કુલ આશરે ૯૦૦ જગ્યાઓ છે, જેમાંથી હાલમાં આશરે ૩૦૦ જગ્યાઓ ખાલી છે. તેમણે એવી પણ માંગ કરી હતી કે ભરતીમાં સ્થાનિક યુવાનોને પ્રાથમિકતા આપવામાં આવે.

કેતન પટેલે કહ્યું કે તેમને દમણના એસપી કેતન બંસલ જેવા પોલીસ અધિકારીઓ પર ગર્વ છે. તેમણે રાજ્યના ડીજીપી અને આઈજીપીને પોલીસ વિભાગમાં ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવા વિનંતી કરી. તેમણે દાવો કર્યો કે



૨૦૧૬ થી પોલીસ વિભાગમાં કોઈ પ્રમોશન નથી થયા, જેના પરિણામે ઘણા કર્મચારીઓ પ્રમોશન વિના નિવૃત્ત થયા.

કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે ભૂતકાળમાં, દાદરા નગર હવેલી અને દમણ અને દીવના યુવાનોને પોલીસ કોન્સ્ટેબલ અને પોલીસ સબ-ઈન્સ્પેક્ટરના પદો માટે પસંદ કરવામાં આવતા હતા. તેમણે કહ્યું કે હવે બહારના લોકોની ભરતી કરવામાં આવી રહી છે, જ્યારે સ્થાનિક યુવાનો રોજગારની તકોથી વંચિત છે.

તેમણે કહ્યું કે કોંગ્રેસના શાસન દરમિયાન લાગુ કરાયેલ ડોમિસાઈલ નિયમ નાબૂદ કરવામાં આવ્યો છે. તેમણે પ્રશ્ન કર્યો કે જો સ્થાનિક યુવાનોને રોજગારીનો અભાવ હોય તો તેઓ ક્યાં જશે.

કેતન પટેલે માંગ કરી હતી કે વહીવટીતંત્ર ખાલી પોલીસ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા ટૂંક સમયમાં શરૂ કરે અને સ્થાનિક યુવાનોને તકો પૂરી પાડે.

તેમણે ભાજપ સરકાર અને ભાજપના નેતાઓને જાહેર હિતમાં કામ કરવાની અપીલ પણ કરી અને કહ્યું કે ખાલી જગ્યાઓ ભરવાની સાથે, સરકારે ખાતરી કરવી જોઈએ કે સ્થાનિક યુવાનોને ભરતીમાં પૂરતી તકો મળે.

## વાપી રોફેલ યુનિ.ની વિદ્યાર્થીઓને કુસ્તીમાં રાજયકક્ષાએ ૭ મેડલ મળ્યા




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૯ :** ગુજરાત રાજ્ય કક્ષાની Senior Wrestling & Greco-Roman Wrestling Championship, પાટણ ખાતે રજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ રમતગમત પ્રદર્શન કરી કુલ ૭ મેડલ પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે.

સ્પર્ધામાં કરિના કલ્પેશ કોલ્ટે (TY B.Com) એ ૬૫ કિગ્રા વજન વર્ગમાં, સ્નેહા રમેશ યાદવ (FY MBA) એ ૬૮ કિગ્રા, ઈરફાન મોન્ડલ (FY BBA) એ ૬૦ કિગ્રા ગ્રીકો-રોમન કેટેગરીમાં, ઉઝૈર ખાન (FY BBA) એ ૫૭ કિગ્રા તથા આદિલ ખાન (SY MBA) એ ૭૯ કિગ્રા વજન વર્ગમાં સિલ્વર મેડલ મેળવી શાનદાર સિદ્ધિ હાંસલ કરી હતી. આ ઉપરાંત વિશાલ યાદવ (TY BBA) એ ૫૭ કિગ્રા તથા લક્ષ્મી યાદવ (FY BBA) એ ૬૫ કિગ્રા વજન વર્ગમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી સંસ્થાનું નામ રોશન કર્યું હતું. મેદાનમાં ઉતરે જે હિંમત લઈને, જીતે છે તે પોતાની મહેનત લઈને; પસીને સિંચાય જ્યારે સફળતાનું મેદાન, ત્યારે ગૌરવથી ઊંચું થાય સંસ્થાનું નામ. વિદ્યાર્થીઓની આ સિદ્ધિ તેમની અથાગ મહેનત, શિસ્ત, આત્મવિશ્વાસ અને રમત પ્રત્યેના સમર્પણનું પ્રતિબિંબ છે. આ સફળતા અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બની છે. સંઘર્ષની આગમાં તપીને જે નીખરે, તે જ સફળતાના શિખર પર પહોંચે; મેડલ તો માત્ર નિશાની છે મહેનતની, ખરી જીત તો સપનાં સાકાર થવાની છે. રજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ. વિકાસ દેસાઈ, ઈન્ચાર્જ રજીસ્ટ્રાર અને પ્રિન્સીપાલ ડૉ. પ્રિયકાન્ત વેદ, મેનેજમેન્ટ ફેકલ્ટીના ડીન ડૉ. કેદાર શુક્લા તથા તમામ સ્ટાફમિત્રોએ તેમજ ટ્રસ્ટીઓએ વિદ્યાર્થીઓને આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવી તેમના ભવિષ્યમાં પણ તેઓ રમતગમત ક્ષેત્રે વધુ ઊંચી સિદ્ધિઓ પ્રાપ્ત કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## દમણમાં ૩ જી ઓકટો.એ સેવાસેતુ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૯ :** જિલ્લા વહીવટીતંત્ર સેવા સેતુ અભિયાન - સરકાર તમારા દ્વારેના ભાગ રૂપે ૩ ઓક્ટોબરના રોજ એક મેગા હોલિસ્ટિક કેમ્પનું આયોજન કરશે. આ કેમ્પ નાની દમણના કોળી સમાજ હોલ ખાતે સવારે ૧૦ વાગ્યે શરૂ થશે.

વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, શિબિરમાં, નાગરિકોને એક જ જગ્યાએ વિવિધ સરકારી યોજનાઓ અને સેવાઓનો લાભ આપવા ઉપરાંત, યોજનાઓ માટે નોંધણી અને માર્ગદર્શન પણ આપવામાં આવશે. આમાં આરોગ્ય તપાસ અને તબીબી સેવાઓ, વિકલાંગ અને સમાજ કલ્યાણ યોજનાઓ, વિવિધ સરકારી યોજનાઓમાં નોંધણી, કૃષિ અને ખેડૂત કલ્યાણ યોજનાઓ અને આધાર અને પ્રમાણપત્ર સંબંધિત સેવાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, મતદાર સેવાઓ અને નોંધણી, શ્રમ-રોજગાર અને કૌશલ્ય વિકાસ, સૌર ઉર્જા યોજનાઓમાં નોંધણી, ઉદ્યોગ અને ઉદ્યોગસાહસિકતા યોજનાઓ, સાયબર સુરક્ષા જાગૃતિ અને સહાય, સ્વ-સહાય જૂથો અને સ્થાનિક ઉત્પાદનોનું પ્રદર્શન-સહ-વેચાણ અને બેંકિંગ અને નાણાકીય સમાવેશ સેવાઓ પણ ઉપલબ્ધ રહેશે.જિલ્લા વહીવટીતંત્રે નાગરિકોને શિબિરમાં હાજરી આપવા અને તેમની યોગ્યતા મુજબ વિવિધ સરકારી યોજનાઓ અને સેવાઓનો લાભ લેવા અપીલ કરી છે.

## ગુંદલાવથી વોન્ટેડ આરોપીને તલસાર સાથે ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૯ :** એક મહિના અગાઉ કુંડી હાઈવે પર આવેલી શિવ શક્તિ મહાદેવ હોટલ માં કામ કરતા ઈસમે મને મેનેજર સાથે ઝઘડો કરતા વચ્ચે પડેલા હોટલ માલિક પર તલવાર કાઢી જાનથી મારી નાખવાની કોશિશ કરનાર ઈસમને ડુંગરી પોલીસે ગુંદલાવ ગામેથી ઝડપી પાડી જેલમાં ધકેલી દીધો છે.

વલસાડના ડુંગરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ કુંડી ઓવરબ્રિજ પાસેની શિવશક્તિ મહાદેવ હોટલમાં કામ કરતા ભરતકુમાર ગણેશરામ પુરોહિત સાથે બાઈકની ચાવી બાબતે હોટલના મેનેજર સાથે તા. ૦૧ / ૦૯/૨૦૨૬ ના રોજ બોલાચાલી થઈ હતી.

આ દરમિયાન હોટલ માલિક



પ્રદિપસિંહ કરણસિંહ ઠાકોરે ભરતકુમારને હોટલમાંથી નીકળી જવા જણાવ્યું હતું. તેની અદાવત રાખી ભરતકુમારે પોતાની બેગમાંથી તલવાર કાઢી જાનથી મારી નાખવાના ઈરાદે પ્રદિપસિંહના ગળાના ભાગે ઘા મારી જીવલેણ ઈજા પહોંચાડી હતી અને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. આ બનાવ સંદર્ભે ડુંગરી પોલીસ સ્ટેશનમા ગુનો નોંધવામાં આવ્યો હતો.

વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના તથા નાયબ પોલીસ અધિક્ષક એ.કે. વર્માના માર્ગદર્શન હેઠળ ડુંગરી પી.આઈ. યુ.એચ. પટેલ અને સ્ટાફ આરોપીની શોધખોળમાં હતા. ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ ચાલી રહી હતી ત્યારે એ.એસ.આઈ.ને મળેલી બાતમીના પગલે આરોપીને વલસાડના ગુંદલાવ ગામે નહેર પાસેથી આરોપી ભરતકુમાર ગણેશરામ પુરોહિત ઉં.વ. ૩૯ રહે. મેરમાંડવાડા, પુરોહિત, રાજસ્થાન દબોચી લેવામાં આવ્યો હતો. ઝડપાયેલો આરોપી ભરત પુરોહિત પાસેથી તલવાર પણ કબજે લેવામાં આવી હતી. જે ઘટના અંગે ડુંગરી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## વશિયરમાં બંગલામાંથી ચોરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૯ :** વલસાડ નજીકના વશિયર ગામે આવેલ પ્રમુખ દર્શન ૪ માં રહેતા પરિવાર ગઈકાલે રાત્રે ભોંય તળિયે નું ઘર બંધ કરી પહેલા માળ ના રૂમમાં સુવા જતા કોઈ ચોર ઈસમે બંગલાના છત પરથી ઘરમાં પ્રવેશ કરી રોકડા ૧.૫૦ લાખ ની ચોરી થવાની સમગ્ર ઘટના ઘરની સામે આવેલ પાડોશીના ઘરની બહાર લગાવેલા સીસીટીવી કેમેરામાં ચોર ઈસમો કેદ થઈ જતા મામલો વલસાડ રૂરલ પોલીસ મથકમાં ગયો છે.

વલસાડ નજીક ના વશીયર ગામે આવેલા પ્રમુખ દર્શન -૦૪ પ્લોટ નંબર ૧૮ માં હર્ષ મુકેશ નાયક ઉ.વ.૩૬ પત્ની મૃણાલી બેન નાયક, દીકરી હિયા સાથે રહે છે. અને તેઓ પાનેરા પારડી ગામે આવેલ હિલ ફર્સ્ટ હોસ્પીટલમાં એડ્મીનીસ્ટેટર તરીકેની નોકરી કરે છે.ગઈ તા.૨૭/૦૯/૨૦૨૬ ના રવિવારના રોજ રજા હોવાથી પત્ની તેમજ દીકરી સાથે રાત્રે ૧૦ કલાકે નીચે ભોંય તળિયા નો આગળ પાછળ નો દરવાજો બંધ કરી ઘરના ઉપરના માળ પર સુવા માટે ગયા હતા. ૨૮ મીના રોજ સવારે ઊઠીને જોયું તો ઘરના નીચે ભોય તળિયાના આગળ અને પાછળના દરવાજા ખુલ્લા જોવા મળતા કબાટની બાજુમાં લેપટોપની બેગમાં મુકેલા રોકડા રૂપિયા દોઢ લાખની ચોરી થઈ હતી. જોકે બંગલાની સામે આવેલ વિજયભાઈ બંગાલીના ઘરના બહારના મુકેલ કેમેરા ચેક કરતા કેમેરામાં કોઈક અજાણ્યો માણસ જેણે વાદળી કલરનુ ટી-શર્ટ અને કાળા જેવા કલરનો પેન્ટ પહેરેલ અજાણ્યો ઈસમો ઘર નો દરવાજો અંદરથી ખોલીને બહાર નિકળતો જોવા મળ્યા હતા.

### વડોદરાની યુવતીની મુંબઈમાં આબરુ લેવાનો પ્રયાસ

## વાપીમાં ૫ ઈસમો સામે ગુનો દાખલ, ૩ ફરાર

### મુંબઈની હોટલમાં બોલાવી દારૂ-ડ્રગ્સ સેવન કરાવી આબરૂ લૂંટવા પ્રયાસ કર્યો હતો, પરત ફરતી વેળા યુવતીની તબિયત લથડી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૯ :** વડોદરાની યુવતીને મુંબઈની હોટલમાં બોલાવી દારૂ અને ડ્રગ્સનું સેવન કરાવી સુરતના ચાર સહિત પાંચ શખ્સોએ આબરૂ લૂંટવાનો પ્રયાસ કર્યો હતો. પરત ફરતી વખતે વધુ પડતા નશાના કારણે યુવતીની તબિયત લથડતા વાપીની હોસ્પિટલમાં લઈ જતાં ભાંડો ફૂટ્યો હતો.

ડુંગરા પોલીસે પાંચ શખ્સો સામે ગુનો દાખલ કરી બે આરોપીની ધરપકડ કરી પાંચ દિવસના રિમાન્ડ મેળવ્યા છે. જયારે ૩ ઈસમો ફરાર છે.

સુરતના ફૈઝાન મુલતાની, ફરીદ વાહીદ કોઠીયાવાલા, સલમાન, વસીમ અને વડોદરાનો શકફાન ઝફર શેખ કાર મારફતે મુંબઈ ગયા હતા. પાંચેય મિત્રો હોટલમાં રોકાયા હતા. બાદમાં વડોદરાની ૨૦ વર્ષીય પરિચિત યુવતીને હોટલમાં બોલાવી હતી.

તે દરમિયાન યુવતીને દારૂ અને ડ્રગ્સનું સેવન કરાવી કામાવાસનામાં ચકચૂર બની શારીરિક અડપલા કર્યા હતા. યુવતીના હોઠ પર બચકું ભરી આબરૂ લૂંટવાનો પ્રયાસ કરી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

મુંબઈથી પરત જતી વેળા નશાને કારણે યુવતીની તબિયત લથડતા પાંચેય ગભરાયા હતા અને છરવાડા ખાતેની હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. ડોક્ટરને શંકા જતા પોલીસને જાણ કરી હતી.

## સેલવાસમાં બાળ સુરક્ષા અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૯ :** જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ (DLSA), સિલવાસાના માર્ગદર્શન હેઠળ મંગળવારે સિલવાસા સ્થિત હવેલી લૉ સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ખાતે આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ નિમિત્તે કાનૂની જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં બાળકો માટે બાળમૈત્રીપૂર્ણ કાનૂની સેવાઓ, પીડિત વળતર યોજનાઓ, જાતીય ગુનાઓથી બાળકોનું રક્ષણ અધિનિયમ-૨૦૧૨ (POCSO), તેમજ સમાજમાં મહિલાઓની સુરક્ષા અને ગોપનીયતા જેવા મુદ્દાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. એડવોકેટ રાજ ભંડારીએ NALSAની 'બાળકો માટે બાળમૈત્રીપૂર્ણ કાનૂની સેવાઓ યોજના-૨૦૨૪' તથા પીડિત વળતર યોજનાઓ અંગે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. આસિસ્ટન્ટ પ્રોફેસર ખુશ્બુ મિશ્રાએ POCSO અધિનિયમ-૨૦૧૨ના વિવિધ પાસાઓ અને બાળકોને જાતીય ગુનાઓથી સુરક્ષા આપવા સંબંધિત કાનૂની જોગવાઈઓ અંગે સમજ આપી હતી.

દમણગંગા ટાઈમ્સમાં

શ્રદ્ધાંજલિ અને બેસણું

તમારા આત્મીયજનોના શોક સંદેશ તથા શ્રદ્ધાંજલિ અર્પણ કરવું એકદમ સરળ

નીચે દર્શાવેલ નંબર પર તમારી મેટર વોટસએપ કરો

ઓફિસ : ૯૮૨૫૧ ૨૨૫૦૫

| સાઈઝ | કિંમત |
|---|---|
| ૫ X ૨(૧૦ સીસી) | રૂા. ૩૫૦ /- (ફિક્સ) વધારાના પ્રતિ સીસી રૂા. ૬૦/- |


## વઘઈનો ૬ વર્ષથી ફરાર આરોપી સુરતથી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૨૯ :** ડાંગના વઘઈ પોલીસમાં નોંધાયેલા અકસ્માતના ગુનામાં છ વર્ષથી ફરાર આરોપીને સુરત ખાતેથી ઝડપી પાડવામા આવ્યો છે. વઘઈ પોલીસ સ્ટેશનમાં તા. ૦૬/૧૨/૨૦૨૦ના રોજ આરોપીએ પોતાની કારથી પોલીસકર્મીની મારુતિ સ્વિફ્ટ કારને ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. અકસ્માત બાદ આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.ગુનો નોંધાયા બાદ પોલીસે અકસ્માતગ્રસ્ત વાહનના રજીસ્ટ્રેશન નંબરના આધારે વાહન માલિકની વિગતો મેળવી આરોપીની શોધખોળ હાથ ધરી હતી. આ દરમિયાન છેલ્લા છ વર્ષથી ફરાર આરોપીને શોધવા વઘઈ પોલીસે ટેક્નિકલ સર્વેલન્સ અને ડિજિટલ એનાલિસિસના આધારે તપાસ હાથ ધરતાં બાતમી આધારે આરોપી નામે યોગેશભાઈ રમેશભાઈ જાડા, ઉંમર ૩૬ વર્ષ જે હાલ સુરત શહેરના સાયણ રોડ, કોસાડ વિસ્તારમાં શિક્ષાપત્રી હાઈટ નજીક આવેલા આસ્થા રો-હાઉસ ખાતે રહેતો હોવાની ચોક્કસ માહિતી પોલીસને મળી હતી.

મળેલી બાતમીના આધારે વઘઈ પોલીસની ટીમે સુરત ખાતે પહોંચી તપાસ કરતાં આરોપીની ઓળખ અને ગુનામાં તેની સંડોવણીની ખાતરી થઈ હતી. ત્યારબાદ પોલીસે આરોપીને ઝડપી પાડી વઘઈ પોલીસ સ્ટેશન ખાતે લાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## બેસણું



સ્વ. જયંતિભાઈ છબીલદાસ મિસ્ત્રી
સ્વ. તા. ૨૮-૦૯-૨૦૨૬

દિલગીરી સાથે જણાવવાનું કે મારા પતિ/પિતાશ્રી જયંતિભાઈ છબીલદાસ મિસ્ત્રી **તા. ૨૮-૯-૨૦૨૬ના સોમવાર**ના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુ એમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.

**સદગતનું બેસણું : તા. ૦૪-૧૦-૨૦૨૬ ના રવિવારના બપોરે ૪ : ૦૦ થી ૬ : ૦૦ કલાકે રાખેલ છે.**

**બેસણાનું સ્થળ :ઈચ્છાબા અનાવિલ સમાજની વાડી, તિથલ રોડ, વલસાડ**

લિ.

**ગં.સ્વ. ભગવતીબેન જયંતિભાઈ મિસ્ત્રી**

**નેહા વિમલ કોલક્કર (પુત્રી) (મો. ૯૮૨૫૧૧૮૮૭૭)**

**વિમલ એલ. કોલક્કર (જમાઈ) પાર્શ્વ વિમલ કોલક્કર (પૌત્ર)**

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**